વર્ષ : ૪૦ ◆ અંક : ૫
મે - ૨૦૧૬

Retail Price Rs. 10/- Each

શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી પ્રેરિત

# दिव्यध्वनि

આધ્યાત્મિક મુખપત્ર



**શ્રી આદિનાથ પ્રભુને**
**ઈક્ષુરસથી પારણા કરાવતા**
**શ્રી શ્રેયાંસકુમાર**
**(વૈશાખ સુદ - ૩, અક્ષયતૃતીયા)**

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**
(શ્રી સત્શ્રુત - સેવા - સાધના કેન્દ્ર સંચાલિત)
કોબા ૩૮૨ ૦૦૭. (જિ. ગાંધીનગર, ગુજરાત)
ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯, ૨૩૨૭૬૪૮૩-૮૪ ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨
E-mail : mail@shrimadkoba.org, Web.: www.shrimadkoba.org

## પૂજ્યશ્રી રાકેશભાઈનું સંસ્થામાં શુભ આગમન (તા. ૨૧-૪-૨૦૧૬)









## ઈડર મુકામે યોજાયેલ સત્સંગ સમારોહ વેળાએ (તા. ૧૪-૪-૨૦૧૬)





## રામનવમી પ્રસંગે લક્ષ્મીપુરા મુકામે યોજાયેલ સત્સંગ સમારોહ વેળાની તસવીરો (તા. ૧૫-૪-૨૦૧૬)





-: પ્રેરક :-

**શ્રદ્ધેયશ્રી આત્માનંદજી**

-: તંત્રી - સંપાદક :-

**શ્રી મિતેશ એ. શાહ**

-: સ્વત્વાધિકારી :-

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)

-: મુદ્રક-પ્રકાશક :-

**ડૉ. શ્રી શર્મિષ્ટાબેન એમ. સોનેજી**

ટ્રસ્ટી, શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા

-: પ્રકાશન સ્થળ :-

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

કોબા - ૩૮૨ ૦૦૭

ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯

૨૩૨૭ ૬૪૮૩/૮૪

ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨

-: લવાજમ શ્રેણી :-

**ભારતમાં**

ત્રિવાર્ષિક રૂા. ૪૦૦

આજીવન રૂા. ૨૦૦૦

**પરદેશમાં**

By Air Mail

ત્રિ-વાર્ષિક : Rs. 4000

$-80, £-60

આજીવન : Rs. 15000

$-300, £-220

# દિવ્યધ્વનિ

## અનુક્રમણિકા

(૧) શ્રી સદ્‌ગુરુપ્રસાદ ........... શ્રીમદ્ રાજચંદ્રજી ..... ૫

(૨) આધ્યાત્મિક જીવન તથા તેનો પુરુષાર્થ ......... ........................ પૂ.શ્રી આત્માનંદજી ..... ૬

(૩) ઊર્ધ્વગામી કે અધોગામી ભૂલ ............... ...................... ડૉ. કુમારપાળ દેસાઈ .... ૧૧

(૪) સમાધિતંત્ર-અમૃતરસપાન . પ્રા.ચંદાબહેન પંચાલી .... ૧૩

(૫) આત્મજાગૃતિ ................ પૂજ્ય બહેનશ્રી .... ૧૬

(૬) શ્રી ભક્તામર સ્તોત્ર .... શ્રી મહેન્દ્રભાઈ ખંધાર .... ૨૧

(૭) સમ્યક્‌જ્ઞાન ...............બા.બ્ર.શ્રી સુરેશજી .... ૨૭

(૮) આત્માની પ્રકાશશક્તિ ....શ્રી વલભજી હીરજી .... ૩૦

(૯) મારું શું ? .......પૂ.આચાર્ય શ્રી હેમચંદ્રસૂરિજી .... ૩૧

(૧૦) શ્રીમદ્ રાજચંદ્રજી - વિરલ વિભૂતિ .......... ......................... શ્રી ભાનુબેન શાહ .... ૩૨

(૧૧) પૂજ્ય સંતશ્રી આત્માનંદજીના ઓડિયો-વિડીયોનું આધુનિકરણ .................. ૩૫

(૧૨) સમાજ-સંસ્થા દર્શન ............................. ૩૭

**વર્ષ : ૪૦ મે, ૨૦૧૬ અંક - ૫**

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

**(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)**

કોબા - ૩૮૨ ૦૦૭ (જિ. ગાંધીનગર, ગુજરાત)

ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯/૪૮૩/૮૪

ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨

mail@shrimadkoba.org

www.shrimadkoba.org

## લેખકો / ગ્રાહકો / વાચકોને

- ‘દિવ્યધ્વનિ’ દર મહિને પ્રગટ થાય છે.
- કોઈ પણ અંકથી ગ્રાહક થઈ શકાય છે.
- ત્રણ વર્ષથી ઓછી મુદતનું લવાજમ સ્વીકારવામાં આવતું નથી.
- ચેક/ડ્રાફ્ટ/એમ.ઓ. **‘શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા’**ના નામનો મોકલવો.
- સહુ સ્વજનો-મિત્રો વધુમાં વધુ ગ્રાહકો નોંધાવીને સહયોગી બને તેવી વિનમ્ર અપેક્ષા છે.
- ગ્રાહકોએ પત્રવ્યવહારમાં પોતાનો ગ્રાહક નંબર અને પૂરું સરનામું અવશ્ય લખવું. ગ્રાહક નંબર સરનામાની ઉપર લખેલો હોય તે નોંધી રાખવા વિનંતી છે.
- સરનામામાં ફેરફાર થયાની જાણ તાત્કાલિક કરવા વિનંતી છે.
- કોઈપણ લેખ સ્વીકારવો કે ન સ્વીકારવો કે ક્રમશઃ લેવો તેનો સંપાદકશ્રીને સંપૂર્ણ અધિકાર રહેશે.
- લેખકોનાં મંતવ્યો સાથે સંપાદકશ્રીનું સહમત હોવું આવશ્યક નથી.


**: મુદ્રણસ્થાન :**
**ભગવતી ઑફસેટ**
૧૫/સી, બંસીધર ઍસ્ટેટ, બારડોલપુરા,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪
ફોન : ૨૨૧૬ ૭૬૦૩




# પ્રાર્થના

હે વીતરાગ !

તમે મને ખૂબ ખૂબ ગમો છો. તમે મને એટલા ગમો છો કે વારંવાર મને તમારી પાસે આવવાનું મન થાય છે. તમને જોતાં મારી આંખો ધરાતી નથી. જીભ તમારા ગુણો ગાતા થાકતી નથી. હોઠ તમારા ગુણો ગાયા જ કરે છે. તમે મારા સમગ્ર અસ્તિત્વ પર છવાઈ ગયા છો !

હે પ્રભુ ! તમે મને એટલા માટે ગમો છો કે તમે વીતરાગ છો અને તમારી વીતરાગતાનો આરંભ તમારી કરુણાથી થયો હતો. સાગરના મોજાને પાછળ ઠેલતા નદીના વહેણ કરતાં નદીની ગંગોત્રી વધુ મહાન હોય છે. તેવી જ રીતે વીતરાગતા કરતા એને જન્મ આપનારી આપની કરુણા વધારે મહાન છે. વિષને અમૃત બનાવી દેનારી આપની વિશુદ્ધ કરુણાના બે બૂંદ જો મને મળી જાય તો બસ છે, હે પરમાત્મા આટલું મને જરૂર આપજો.

આપ જગતના તમામ જીવોના ગુરુ છો, કેમ કે આપે જગતના તમામ જીવોના હિતની કામના કરી છે, તે પણ કોઈ પણ પ્રકારની અપેક્ષા વગર જ. ગુરુ તેનું નામ જે કોઈ પણ પ્રકારની અપેક્ષા વગર જ બધું આપતાં હોય છે. હે પરમાત્મા ! તેથી જ આપ જગતગુરુ બની ગયા છો. “મારા જેવું સુખ જગતના જીવોને મળવું જોઈએ” એ આપની માન્યતા છે અને જગતનું બધું જ સુખ મને મળવું જોઈએ એ મારી માન્યતા છે !! હે પ્રભુ ! મારા ખોટા ગણિતને આપ સુધારો. લેવાવાળા કરતાં દેવાવાળા મહાન છે એ સત્યને હું સમજી શકું, એવી સમજણ અને સદ્‌બુદ્ધિ મને આપો. આપ મારા ગુરુ બનો.


**॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥**

# શ્રી સદ્‌ગુરુપ્રસાદ

## શ્રીમદ્ રાજચંદ્રજી

### પત્રાંક - ૧૩૩

**વવાણિયા, બીજા ભાદરવા સુદ ૨, ભોમ, ૧૯૪૬**



આત્મવિવેકસંપન્ન ભાઈ શ્રી સોભાગભાઈ, મોરબી.

આજે આપનું એક પત્ર મલ્યું. વાંચી પરમ સંતોષ થયો. નિરંતર તેવો જ સંતોષ આપતા રહેવા વિજ્ઞપ્તિ છે.

અત્ર જે ઉપાધિ છે, તે એક અમુક કામથી ઉત્પન્ન થઈ છે; અને તે ઉપાધિ માટે શું થશે એવી કંઇ કલ્પના પણ થતી નથી; અર્થાત્ તે ઉપાધિ સંબંધી કંઇ ચિંતા કરવાની વૃત્તિ રહેતી નથી. એ ઉપાધિ કળિકાળના પ્રસંગે એક આગળની સંગતિથી ઉત્પન્ન થઈ છે. અને જેમ તે માટે થવું હશે તેમ થોડા કાળમાં થઈ રહેશે. એવી ઉપાધિઓ આ સંસારમાં આવવી, એ કંઇ નવાઈની વાત નથી.

ઈશ્વર પર વિશ્વાસ રાખવો એ એક સુખદાયક માર્ગ છે. જેનો દૃઢ વિશ્વાસ હોય છે, તે દુઃખી હોતો નથી, અથવા દુઃખી હોય તો દુઃખ વેદતો નથી. દુઃખ ઊલટું સુખરૂપ થઈ પડે છે.

આત્મેચ્છા એવી જ વર્તે છે કે સંસારમાં પ્રારબ્ધાનુસાર ગમે તેવાં શુભાશુભ ઉદય આવો, પરંતુ તેમાં પ્રીતિ અપ્રીતિ કરવાનો આપણે સંકલ્પ પણ ન કરવો.

રાત્રિ અને દિવસ એક પરમાર્થ વિષયનું જ મનન રહે છે, આહાર પણ એ જ છે, નિદ્રા પણ એ જ છે, શયન પણ એ જ છે, સ્વપ્ન પણ એ જ છે, ભય પણ એ જ છે, ભોગ પણ એ જ છે, પરિગ્રહ પણ એ જ છે, ચલન પણ એ જ છે, આસન પણ એ જ છે. અધિક શું કહેવું ? હાડ, માંસ અને તેની મજ્જાને એક જ એ જ રંગનું રંગન છે. એક રોમ પણ એનો જ જાણે વિચાર કરે છે, અને તેને લીધે નથી કંઇ જોવું ગમતું, નથી કંઇ સૂંઘવું ગમતું, નથી કંઇ સાંભળવું ગમતું; નથી કંઇ ચાખવું ગમતું કે નથી કંઇ સ્પર્શવું ગમતું, નથી બોલવું ગમતું કે નથી મૌન રહેવું ગમતું, નથી બેસવું ગમતું કે નથી ઊઠવું ગમતું, નથી અસંગ ગમતો કે નથી સંગ ગમતો, નથી લક્ષ્મી ગમતી કે નથી અલક્ષ્મી ગમતી એમ છે; તથાપિ તે પ્રત્યે આશા નિરાશા કંઇ જ ઊગતું જણાતું નથી. તે હો તોપણ ભલે અને ન હો તોપણ ભલે એ કંઇ દુઃખનાં કારણ નથી. દુઃખનું કારણ માત્ર વિષમાત્મા છે, અને તે જો સમ છે તો સર્વ સુખ જ છે. એ વૃત્તિને લીધે સમાધિ રહે છે. તથાપિ બહારથી ગૃહસ્થપણાની પ્રવૃત્તિ નથી થઈ શકતી, દેહભાવ દેખાડવો પાલવતો નથી, આત્મભાવથી પ્રવૃત્તિ બાહ્યથી કરવાને કેટલોક અંતરાય છે. ત્યારે હવે કેમ કરવું ? કયા પર્વતની ગુફામાં જવું અને અલોપ થઈ જવું, એ જ રટાય છે. તથાપિ બહારથી અમુક સંસારી પ્રવૃત્તિ કરવી પડે છે. તે માટે શોક તો નથી, તથાપિ સહન કરવા જીવ ઈચ્છતો નથી ! પરમાનંદ ત્યાગી એને ઇચ્છે પણ કેમ ? અને એ જ કારણથી જ્યોતિષાદિક તરફ હાલ ચિત્ત નથી. ગમે તેવા ભવિષ્યજ્ઞાન અથવા સિદ્ધિઓની ઇચ્છા નથી. તેમ તેઓનો ઉપયોગ કરવામાં ઉદાસીનતા રહે છે. તેમાં પણ હાલ તો અધિક જ રહે છે. માટે એ જ્ઞાન સંબંધે ચિત્તની સ્વસ્થતાએ વિચારી માગેલા પ્રશ્નો સંબંધી લખીશ અથવા સમાગમે જણાવીશ.

જે પ્રાણીઓ એવા પ્રશ્નના ઉત્તર પામવાથી આનંદ માને છે તેઓ મોહાધીન છે, અને તેઓ પરમાર્થનાં પાત્ર થવાં દુર્લભ છે એમ માન્યતા છે, તો તેવા પ્રસંગમાં આવવું પણ ગમતું નથી પણ પરમાર્થ હેતુએ પ્રવૃત્તિ કરવી પડશે તો કંઇ પ્રસંગે કરીશ. ઇચ્છા તો નથી થતી.

આપનો સમાગમ અધિક કરીને ઇચ્છું છું. ઉપાધિમાં એ એક સારી વિશ્રાંતિ છે. કુશળતા છે, ઇચ્છું છું.

વિ૦ રાયચંદના પ્રણામ.

# આધ્યાત્મિક જીવન તથા તેનો પુરુષાર્થ

પરમ શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી



આધ્યાત્મિક જીવન જીવવા માટે સૌ પ્રથમ આપણા જીવન પર સત્સંગનો રંગ ચઢવો જોઈએ. સત્સંગ અને સ્વાધ્યાય અભિન્ન છે. સ્વાધ્યાય દ્વારા સ્વ પ્રત્યે એટલે શુદ્ધાત્મા તરફ જવાનો ઉદ્યમ કરવામાં આવે છે અને સત્સંગ દ્વારા આત્મા ઉપર સત્યનો રંગ ચઢે છે તથા ક્રમશઃ સત્‌નો રંગ ચઢે એટલી આત્મશુદ્ધિ થાય છે અને તેના ફળરૂપે છેવટે અસંગપદ પ્રગટે છે તે જ સાચું આધ્યાત્મિક જીવન છે. અધ્યાત્મની પ્રાપ્તિ સામાન્ય પુરુષાર્થ દ્વારા થતી નથી જેમ કે કોઈ પાંચ રૂપિયાની નોટો લઈને ૩૦ લાખની કિંમતનો હીરાનો હાર લેવા જાય તો ઝવેરી તેને ના પાડી દે છે કે તારી નોટો ગણવાનો મારી પાસે સમય નથી; તેમ આપણે પણ પાંચ-દશ મિનિટ સમય મળે ત્યારે ભક્તિ કરી લઈએ. અઠવાડિયે કે મહિનામાં એકવાર સ્વાધ્યાય કરીએ અને એમ માનીએ કે મને આધ્યાત્મિકતા પ્રાપ્ત થઈ જાય ! તો ભાઈ, આવી વ્યવસ્થા છે નહિ. તે પ્રાપ્ત કરનારની દશા કેવી હોય તેના માટે સંતો કહે છે કે,

"નિશદિન નૈન મેં નિંદ ન આવે,
નર તબહી નારાયણ પાવે."

**● અધ્યાત્મ :**

અધિ + આત્મ. અધિ તે સાતમી વિભક્તિ છે. અધિ એટલે માં, અંદર. જે દ્વારા આપણું ચિત્ત આત્મા તરફ વળે; જે વિચારવાથી, જે સમજવાથી જે કરવાથી આપણી ચિત્તવૃત્તિ આત્મા તરફ વળે, સ્થિર થાય તેનું નામ અધ્યાત્મ. આપણે ઘણી બધી ધર્મની ક્રિયાઓ કરીએ છતાં પણ જો આમાંનું કાંઈ પણ ન થાય તો આપણે આધ્યાત્મિક બની શકીએ નહીં. અધ્યાત્મ યોગીશ્વર શ્રી આનંદઘનજી મહારાજ કહે છે કે,

"નામ અધ્યાતમ, ઠવણ અધ્યાતમ,
દ્રવ્ય અધ્યાતમ છંડો રે;
ભાવ અધ્યાતમ નિજ ગુણ સાધે,
તો તેહશું રઢ મંડો રે.
શબ્દ અધ્યાતમ અરથ સુણીને, નિર્વિકલ્પ આદરજો રે;
શબ્દ અધ્યાતમ ભજના જાણી, હાણ ગ્રહણ મતિ ધરજો રે.
અધ્યાતમ જે વસ્તુ વિચારી, બીજા જાણ લબાસી રે;
વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે, આનંદઘન મતવાસી રે."

ગંભીર સ્વનિરીક્ષણ આવશ્યક છે. વર્તમાનકાળમાં ધર્મની પ્રવૃત્તિ બહુ વધી ગઈ છે, પરંતુ ધર્મ ઘટી ગયો છે કારણ કે દરેક મનુષ્ય ધર્મના નામે પેકીંગને જ ભજે છે. વાસ્તવિક ધર્મ શું છે તેનો તેઓ અંદરથી સ્વીકાર જ કરતાં નથી. તેમના માટે અધ્યાત્મ યોગીશ્વર શ્રી આનંદઘનજી મહારાજ કહે છે,

"ધરમ ધરમ કરતો જગ સહુ ફિરે,
ધરમ ન જાણે હો મર્મ જિનેસર;
ધરમ જિનેસર ચરણ ગ્રહ્યા પછી,
કોઈ ન બાંધે હો કર્મ જિનેસર."

દિવસમાં એકવાર મંદિરે જઈ દર્શન કરી આવો તે પૂરતું નથી. સાધનાથી જીવનપલટો થવો જોઈએ. જો આપણે સાચા અધ્યાત્મની સાધના કરીએ તો આપણા જીવનમાં દિવ્યત્વનો પ્રકાશ થવો જોઈએ. આપણી વૃત્તિઓ, વિચાર, આચાર બદલાવા જોઈએ અને આપણને અંતરમાં પણ સાત્ત્વિક તથા તાત્ત્વિક આનંદનો અનુભવ થવો જોઈએ. ધર્મ એ કાંઈ ઉધારીનો ધંધો નથી, પણ રોકડિયો ધંધો છે.

ધર્મ કરો અને ચિત્ત પ્રસન્ન ન થાય, આનંદનો અનુભવ ન થાય તો સમજવું કે સાચો ધર્મ થયો નથી. દ્રવ્ય અધ્યાતમ, નામ અધ્યાતમ સેવે અને ભ્રમથી માને કે હું આધ્યાત્મિક છું તો કાંઈ આવી માન્યતાથી મોક્ષ નથી, પરંતુ સાચી માન્યતા અને હકીકતથી મોક્ષ થાય છે. મોક્ષ એટલે જીવનની સુધારણા, પવિત્રતા, શાંતિ, સાચો આનંદ. અધ્યાત્મજીવનનો પુરુષાર્થ કરતા પહેલા વ્યવહાર જીવનને સમજવું. હવે થોડા દિવસોમાં વરસાદ આવશે. ખેડૂતોને અત્યારે સમય છે છતાં કોઈ અત્યારે વાવેતર કરશે નહીં. તો ક્યારે કરશે ? જ્યારે એક વરસાદ આવશે, ધરતી ભીની થશે પછી ખેતર ખેડશે, ગયા વર્ષનો કચરો કાઢશે અને પછી બીજ વાવશે. ત્યારબાદ તેને જાળવશે અને અંતે પાક રૂપી ફળ પ્રાપ્ત થશે. એમ આપણે પણ સર્વપ્રથમ આધ્યાત્મિકજીવન જીવવા માટે તેની પૂર્વભૂમિકારૂપે જીવનનો પાયો તૈયાર કરી તેને મજબૂત કરીશું તો અધ્યાત્મની પ્રાપ્તિ થશે. જીવ જેટલો સ્વાર્થી તેટલો તે આધ્યાત્મિકતાથી દૂર છે તથા જેટલી નિઃસ્વાર્થતા, પરોપકારિતા છે, સર્વ જીવના હિતમાં રાજી છે; તેને સાચી આધ્યાત્મિકતાની પ્રાપ્તિ થઈ શકે છે. 'મેરી ભાવના'માં શ્રી જુગલકિશોર મુખ્તારજીએ કહ્યું છે,

"સ્વાર્થત્યાગકી કઠિન તપસ્યા બિના ખેદ જો કરતે હૈ,
ઐસે જ્ઞાની સાધુ જગત કે, દુઃખ સમૂહ કો હરતે હૈં."

મારું શરીર, મારા કપડાં, મારું કુટુંબ, મારી મોટર (મમત્વભાવ) આવું જે માને છે તેને મોક્ષ હજુ બહુ દૂર છે. તો પાસે ક્યારે આવે ?

"ના મારાં તન રૂપ કાંતિ યુવતી, ના પુત્ર કે ભ્રાત ના,
ના મારાં ભૃત સ્નેહીઓ સ્વજન કે, ના ગોત્ર કે જ્ઞાત ના;
ના મારાં ધન ધામ યૌવન ધરા, એ મોહ અજ્ઞાત્વના,
રે ! રે ! જીવ વિચાર એમ જ સદા, અન્યત્વદા ભાવના."

**- શ્રીમદ્ રાજચંદ્રજી**

આ સત્ય કડવું જરૂર છે, તેથી જગતના જીવો તેને ગ્રહણ કરશે નહીં પરંતુ જેને ભગવાન તથા સદ્‌ગુરુ સાચા લાગ્યા છે તે તેને અવશ્ય ગ્રહણ કરશે જ અને તે કર્યા વિના આત્મોન્નતિ ત્રણકાળ, ત્રણલોકમાં થશે નહીં કારણ કે મોક્ષનો માર્ગ નિશ્ચિત છે.

"એક હોય ત્રણ કાળમાં, પરમારથનો પંથ;
પ્રેરે તે પરમાર્થને તે વ્યવહાર સમંત."

**– શ્રી આત્મસિદ્ધિ**

જેના અંતરમાં ભગવાનની વાણીનો પ્રવેશ થયો છે તે જીવને ઈન્દ્રાદિ દેવો પણ નમસ્કાર કરે છે. સાચી આધ્યાત્મિકતા પ્રાપ્ત કરવાનું પ્રથમ સોપાન છે સત્સંગની ઉપાસના, બીજું સોપાન છે સ્વાધ્યાયની ઉપાસના, ત્રીજું સોપાન છે સદ્‌ગુણોનો સંચય-આવિર્ભાવ, ચોથું સોપાન છે અહંકારને કાપવા માટે પરમાત્મા અને સદ્‌ગુરુદેવની ભક્તિ, છેલ્લું પાંચમું સોપાન છે ચિત્તની વૃત્તિ શાંત, અંતર્મુખ, સ્થિર, નિર્વિકલ્પ બનતા સહજાનંદનો અનુભવ કરવો. તેને ભાવઅધ્યાત્મ કહેવામાં આવે છે.

### ● સત્સંગની ઉપાસના :

અસત્સંગ અને અસત્‌પ્રસંગને સંક્ષિપ્ત કરી સત્સંગની ઉપાસના કરવી. તેના વિશેષ અભ્યાસ માટે શ્રી મોક્ષમાળા શિક્ષાપાઠ - ૨૪ અને વચનામૃત પત્રાંક ૬૦૯ વિચારવાં. તેમાં આગલા ભવોની અને આ ભવની આરાધનાના ફળરૂપે સત્સંગનો વૈજ્ઞાનિક ઢબે વિસ્તાર કર્યો છે. જો અભ્યાસ કરવાનો સમય ન હોય તો ૧૦ મિનિટ ઊંઘમાંથી, ૩ મિનિટ દાઢી કરવામાંથી, ૫ મિનિટ ભોજન કરવામાંથી, ૩ મિનિટ સ્નાન કરવામાંથી, ૧૦ મિનિટ ટેલિવિઝન જોવામાંથી અને ૫ મિનિટ સમાચારપત્ર વાંચવામાંથી કાઢી નાખ તો તને ૩૬ મિનિટ અભ્યાસ તથા સત્સંગ કરવાનો મળી જશે. સમય તો મળે પણ તું જાગૃત નથી, ગંભીર નથી.

"નહિ કષાય ઉપશાંતતા, નહિ અંતર વૈરાગ્ય;
સરળપણું ન મધ્યસ્થતા, એ મતાર્થી દુર્ભાગ્ય."

**– શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર**

સર્વપ્રથમ તો રવિવારે સવારે ૯ થી ૧૨ની બધી મુલાકાતો રદ કરી દેવી. આ અભ્યાસ બરાબર થઈ જાય ત્યારબાદ શનિવારે પણ સાંજે ૬ થી ૧૦ની બધી મુલાકાતો રદ કરી દેવી અને તે સમયમાં સત્સંગ કરવો. ત્રણ-ચાર વર્ષ પછી બુધવારે પણ સત્સંગ કરવો. આગળ વિશેષ ઘનિષ્ઠ સત્સંગ અર્થે વર્ષમાં ૧૫ દિવસ નિયમિતપણે ઘરની બહાર સાધનાકેન્દ્ર, આશ્રમ, પરમાર્થનિકેતન કે તીર્થધામમાં જવું. આવું એક સાથે ન થઈ શકે તો ૭ દિવસ દિવાળી વૅકેશનમાં અને ૭ દિવસ ઉનાળુ વૅકેશનમાં ઘરનો મોહ છોડી ક્ષેત્રાન્તર, સ્થળાંતર કરવું; ત્યાં જઈને સત્પુરુષના સાન્નિધ્યમાં રહી સવારના ૫.૩૦થી રાતના ૯.૩૦ સુધી ભિન્નભિન્ન આરાધનામાં ઉપયોગપૂર્વક મિથ્યાઆગ્રહ, સ્વચ્છંદ, પ્રમાદ અને વિષયલોલુપતા છોડી લાગી જવું તો સત્સંગનું અમૃતરૂપી ફળ પ્રાપ્ત થશે.

**● સ્વાધ્યાયની ઉપાસના :**

આત્માનું સ્વરૂપ જાણવા માટે નિયમિતપણે જ્ઞાનાર્જન કરવામાં સર્વપ્રકારની આળસનો ત્યાગ કરવો તેને ભગવાન સ્વાધ્યાય કહે છે. જ્ઞાનાર્જન માટે તથારૂપ સત્પુરુષની સમીપ રહીને તેમની વિનય ઉપાસનાથી તેમના સ્વમુખે તત્ત્વને જાણવું અને હેય એટલે છોડવા યોગ્ય, જ્ઞેય એટલે જાણવા યોગ્ય અને ઉપાદેય એટલે ગ્રહણ કરવા યોગ્ય એવા તત્ત્વનો નિર્ણય કરવો તેને સામાન્ય રીતે સ્વાધ્યાય કહે છે; પછી તે ભલે વાંચના, પૃચ્છના, અનુપ્રેક્ષા, આમ્નાય કે ધર્મોપદેશ રૂપે હોય. પોતાને ગુરુકૃપાથી જે કાંઈ પણ અલ્પજ્ઞાન પ્રાપ્ત થયું હોય તે જ્ઞાન બીજાઓને પણ વહેંચવું, ભાવપૂર્વક અને નિઃસ્વાર્થપણે વહેંચવું તેને પણ ભગવાન સ્વાધ્યાય કહે છે. આ પાંચેય પ્રકારના સ્વાધ્યાયને મહાવીર પ્રભુએ આ કાળ અને આ ક્ષેત્રનું ઉત્તમ તપ કહ્યું છે.

At any cost, minimum half an hour reading is essential under the guidance of the enlightened.

એવું વાંચન કરવું કે જેથી જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્પુરુષો પ્રત્યે પ્રેમ તથા જ્ઞાન વધે તેનું નામ સ્વાધ્યાય છે. મહાપુરુષો પ્રત્યે અંતરથી પ્રેમનો ધોધ પ્રગટે તો જાણવું કે સ્વાધ્યાય થયો છે.

"શ્રમણો જિનો તીર્થંકરો, આ રીતે સેવી માર્ગને;
સિદ્ધિ વર્યા નમું તેમને, નિર્વાણના તે માર્ગને."

**– શ્રી પ્રવચનસાર ગાથા - ૧૯૯**

પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજી પણ કહે છે કે તે સત્પુરુષોના ગુણોની વ્યાખ્યા કરવામાં અશક્તિ છે અને તેથી તેમના જ વચનોમાં પુનઃપ્રસક્ત થવું તે આત્માનું સર્વોત્કૃષ્ટ શ્રેય છે. સ્વાધ્યાય કરતા આવી અનુભૂતિ થવી જોઈએ. ધર્મ માત્ર અનુભવરૂપ છે.

Spiritualism is not an intellectual approach but it is an intutional approach. it is an emetional approach, it is mainly built up at feeling level. Information and thoughts are not swadhyay. Your feeling and inner belief are really swadhyay.

આવા સ્વાધ્યાયમાંથી સાચી આધ્યાત્મિકતા પ્રગટે છે અને જો આવો સ્વાધ્યાય ન કરો, તત્ત્વનિર્ણય ન કરો તો ત્રણ કાળ, ત્રણ લોકમાં મુક્તિ ન થાય. આ સમ્યક્ એકાંત છે, જે ભગવાને કહ્યું છે.

"બહુ લોક જ્ઞાન ગુણે રહિત, આ પદ નહિ પામી શકે;
રે ગ્રહણ કર તું નિયત આ જો કર્મ મોક્ષેચ્છા તને."

**– શ્રી સમયસાર - ૨૦૫**

● **સદ્ગુણોનો સંચય - આવિર્ભાવ :**

આપણા જીવનમાં નવા-નવા સદ્ગુણો પ્રગટવા જોઈએ અને જે સદ્ગુણો પ્રગટ્યાં છે તેની માત્રા વધવી જોઈએ. વિનય, વિવેક, વૈરાગ્ય, સરળતા, ક્ષમાદિ ગુણો આપણા જીવનમાં પ્રગટવા જોઈએ અને તે ૩૫ % ડિગ્રીમાં તો હોવા જ જોઈએ, નહિ તો કોઈ પણ પ્રકારે આત્મજ્ઞાન થાય નહિ.

"દશા ન એવી જ્યાં સુધી, જીવ લહે નહિ જોગ;
મોક્ષમાર્ગ પામે નહીં, મટે ન અંતર રોગ."

**– શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર**

દુનિયાની શ્રેષ્ઠ વસ્તુ આત્મજ્ઞાનને પ્રાપ્ત કરવા યોગ્ય કિંમત તો ચૂકવવી જ પડે. તે માત્ર કોઈના આશીર્વાદથી, કૃપાથી કે લોટરી લાગવાથી મળતું નથી.

"જો ઇચ્છો પરમાર્થ તો, કરો સત્ય પુરુષાર્થ;
ભવસ્થિતિ આદિ નામ લઈ, છેદો નહિ આત્માર્થ."

**– શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર**

આપણે ધીઠ જીવો સુખ બહારમાં શોધવા ફાંફા મારીએ છીએ, પણ જ્યાં સુખ છે જ નહીં તો મળશે કેવી રીતે ? સુખનો ખજાનો તો આપણા આત્મામાં જ છે. જો સુખ બીજે ક્યાંક હોત તો તીર્થંકર ભગવાન ઝપટ મારીને લઈ લેત, પરંતુ તેમને પણ આત્મામાં જ સુખ પ્રાપ્ત થયું અને આપણા માટે પણ સુખ-પ્રાપ્તિનો એ જ માર્ગ છે; જેને પ્રાપ્ત કરવાની સદ્ગુણોરૂપી કેડી છે, જેના પર ચાલ્યા વિના તેની પ્રાપ્તિ થતી નથી.

"દયા, શાંતિ, સમતા, ક્ષમા, સત્ય, ત્યાગ, વૈરાગ્ય;
હોય મુમુક્ષુ ઘટ વિષે, એહ સદાય સુજાગ્ય."

**– શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર**

● **પરમાત્મા અને સદ્ગુરુની ભક્તિ :**

જ્યાં સુધી 'હું પણું' મટે નહીં ત્યાં સુધી આત્મજ્ઞાન પ્રગટે નહીં. તેને તોડવાનું મુખ્ય સાધન સદ્ગુરુની આજ્ઞાની ઉપાસના છે.

"સેવે સદ્ગુરુ ચરણને, ત્યાગી દઈ નિજપક્ષ;
પામે તે પરમાર્થને, નિજપદનો લે લક્ષ."
માનાદિક શત્રુ મહા, નિજ છંદે ન મરાય;
જાતાં સદ્ગુરુ શરણમાં, અલ્પ પ્રયાસે જાય.

**– શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર**

જો પરમાત્મા અને સદ્ગુરુની સાચી ભક્તિ આપણા જીવનમાં પ્રગટે નહીં તો ક્યારેય પણ આત્મજ્ઞાન થાય નહિ, માટે તેમને પ્રાર્થના કરવી કે,

"પડી પડી તુજ પદપંકજે, ફરી ફરી માગું એ જ;
સદ્ગુરુ સંત સ્વરૂપ તુજ, એ દૃઢતા કરી દે જ."

આ ત્રણેય પ્રત્યે ભક્તિ પ્રગટ થવી જોઈએ. ત્રણેનું સ્વરૂપ અધ્યાત્મની અપેક્ષાએ સરખું છે પરંતુ સિદ્ધાંત અપેક્ષાએ તારતમ્યતાથી જુદું છે. ત્રણેય શુદ્ધાત્મા છે. સંત સામાન્ય શુદ્ધાત્મા છે, સદ્ગુરુ વિશિષ્ટ શુદ્ધાત્મા છે અને પરમાત્મા પૂર્ણ શુદ્ધાત્મા છે.

Immediate entry to the world of real spiritualism is through enlightened meditation.

● **આત્મવિચાર - ધ્યાન :**

પારમાર્થિક દૃષ્ટિએ તત્ત્વવિચાર-આત્મવિચાર કે જેને સામાન્ય લોકો ધ્યાન કે ભાવના કહે છે તે સાક્ષાત્ મોક્ષમાર્ગનું તાત્કાલિક કારણ છે. પણ તેના પહેલા તેની પૂર્વભૂમિકારૂપ સોપાનોનું સેવન કરવું પડે, તો જ ધ્યાનની પ્રાપ્તિ થાય. મહર્ષિ પતંજલિએ તેના માટે આઠ સોપાનરૂપી અષ્ટાંગયોગ-યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ કહ્યા છે. અમે જે વાટે તે ધ્યાનની પ્રાપ્તિ કરી તેના સોપાન છે - સેવા, સત્સંગ,

સ્વાધ્યાય, ગુણજિજ્ઞાસા, પ્રભુભક્તિ. આત્મવિચાર, આત્મસાક્ષાત્કાર. જો કોઈ તેની પૂર્વભૂમિકાનું સેવન કર્યા વિના, 'એકલું ધ્યાન કરી આત્મા પ્રાપ્ત કરી લઈશ' એમ માની ધ્યાન કરવામાં ઉદ્યમી થાય તો પણ ત્રણકાળમાં તેને આત્માની પ્રાપ્તિ થાય નહિ. આ તો પાણી વલોવીને માખણ મેળવવા જેવી વાત કહેવાય. જગતના જીવોને સાચા ધ્યાનની પ્રાપ્તિ થાય નહીં. જેને વિવેક, વૈરાગ્ય ન હોય, આત્મા-અનાત્માને જુદા જાણ્યા ન હોય, જેના અંતરમાં પરમાત્માની ભક્તિ ન હોય તથા ઘડીએ-ઘડીએ પ્રભુસ્મરણ ન થતું હોય તેને આત્મધ્યાન લાગતું નથી. એક-બે કલાક સાધના કરવાથી આત્મા મળતો નથી. સાક્ષાત્ આત્મજ્ઞાન માટે Full Time સાધના ભલે થોડો સમય પણ કરવી જોઈએ.

જેમણે પણ આવા મનુષ્યભવનો સર્વોત્તમ લહાવો લેવો હોય તેમના માટે આચાર્ય ભગવાન કહે છે કે મરીને પણ તું આત્માને જાણ અને પામ. તેના માટે લોકપ્રતિબિંબ, સ્વજનપ્રતિબંધ, દેહાદિ પ્રતિબંધ અને સંકલ્પ-વિકલ્પ પ્રતિબંધ ગૌણ કરો તથા પ્રાર્થના, પ્રાયશ્ચિત્ત અને શરણાગતિથી આત્મવિશુદ્ધિ કરો તો જ શુદ્ધાત્મા, પરમાત્મદર્શન કે સહજાનંદની પ્રાપ્તિ થશે; તે સિવાય જ્યાં જુઓ ત્યાં દુઃખ, દુઃખ અને દુઃખ જ છે એમ તત્ત્વજ્ઞાનીઓ કહે છે. માટે કપટરહિત થઈ શ્રીદેવ-શાસ્ત્ર-ગુરુને આત્માર્પણ કરી, આ પાંચ સોપાનોનું સેવન કરી અનંતભવનું સાટું આ ભવમાં વાળી માનવભવ સફળ કરો.

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

**મહાત્મા - બે હાઈકુમાં**

| ચાર પુત્રોની<br>મૂકી માયા, ચાલીસ<br>કરોડ પાયા. | સત્ય, અહિંસા<br>ખાદી, ગાંધીજી લાવ્યા<br>પૂર્ણ આઝાદી |
|---|---|

**- કરુણાશંકર જોશી**

## ઊર્ધ્વગામી કે અધોગામી ભૂલ !

**(પાના નં. ૧૨ પરથી ચાલુ...)**

જોઈએ. એમાં સામે ચાલીને એ આફતો અને વિરોધોને નિમંત્રણ આપવા જતો હોય છે. એના વિરોધીઓ એને આક્ષેપો કરીને મહાત કરવા પ્રયાસ કરતા હોય છે. એમને સામે પગલે જઈને પોતાના પર આક્ષેપો કરવા માટે શસ્ત્ર-સરંજામ કે દારૂગોળો પૂરો પાડતો હોય છે. મહાત્મા ગાંધીજીએ સત્યાગ્રહ સમેટી લીધો અને પોતાની ભૂલનો સ્વીકાર કર્યો, ત્યારે પોતાના જ અનુયાયીઓના કેવા પ્રબળ વિરોધનો સામનો કરવો પડ્યો હશે ! ભૂલનો એકરાર કરીને એમાંથી મુક્તિ મેળવવાનો એમનો પ્રયત્ન સતત જોવા મળે છે. ક્યારેક ભૂલ લાગતા એમણે ઉપવાસ કરીને આંતરદર્શન કરવાનો પણ પ્રયત્ન કર્યો છે.

ભૂલ, દોષ કે ક્ષતિમાંથી જીવનને કઈ રીતે મુક્તિના માર્ગે લઈ જઈ શકાય એનું ઉદાહરણ એ મહાત્મા ગાંધીજી અને એમના જેવી અન્ય વિભૂતિઓના જીવનમાંથી જોવા મળે છે.

ભૂલ એ સમર્થ શિક્ષક છે અને જો વ્યક્તિ પોતાની ભૂલમાંથી શીખવાનો પ્રયત્ન કરે તો એને ઘણો લાભ થાય છે. કેટલીક વ્યક્તિઓ તો મહાન પુરુષો અને સફળ પુરુષોના જીવન જોતી વખતે એમણે કરેલી ભૂલોનો વિચાર કરીને પોતાના જીવનમાં એ ભૂલો ન થાય તેવો પુરુષાર્થ કરતી હોય છે. બીજાએ કરેલી ભૂલો જોઈને તેઓ પોતાના જીવનમાં એવી ભૂલ ન થાય એની પાળ બાંધતા હોય છે અને એ રીતે પોતાના જીવનને ઘડતા હોય છે. આત્મસુધારણાનું પહેલું પગથિયું તો ''હું કોણ છું ?''નો ઉત્તર મેળવવા માટે સૌ પ્રથમ મારી ભૂલોને જાણવી પડશે.

• • •

પરમનો સ્પર્શ - ૭૭

# ઊર્ધ્વગામી કે અધોગામી ભૂલ !

પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈ

સ્વાધ્યાયનો પહેલો પાઠ નહીં, બલકે એની પહેલી પંક્તિ છે કે "હું કોણ છું ?"ની શોધ અને એ શોધમાં આવતા અવરોધોને પાર કરવાની ક્ષમતા. આ શોધનું પહેલું પગથિયું તે વ્યક્તિ સાથે જોડાયેલી સિદ્ધિ, પ્રસિદ્ધિ, પ્રાપ્તિ, પરિવાર એ બધાં બાહ્ય આવરણોનો ત્યાગ કરીને આત્મસ્વરૂપને જોવાનું છે. એ પછી "હું કોણ છું ?"ની પ્રાપ્તિનો બીજો અવરોધ તે સ્વ-બચાવની આદત છે.

માનવીના જીવનમાં ભૂલ તો થતી હોય છે; પરંતુ એ ભૂલ, ક્ષતિ કે દોષનો ગુણાકાર કરવો કે ભાગાકાર-એ વ્યક્તિ પર નિર્ભર છે. એ ભૂલ એના જીવનને અધોગામી બનાવે અને જો ઉચિત પ્રાયશ્ચિત્ત થાય તો એના જીવનને ઊર્ધ્વગામી પણ બનાવી શકે. અધોગામી વ્યક્તિ એ ભૂલ, દોષ કે ક્ષતિનું પુનરાવર્તન કરે છે, જ્યારે ઊર્ધ્વગામી એનું વિશ્લેષણ કરીને પોતાની જાતને જાગૃતિ સાથે ઊર્ધ્વગતિ કરાવે છે, આથી ભૂલ એ જીવનશુદ્ધિનું કે જીવનનાશનું નિમિત્ત બને છે.

પ્રત્યેક વ્યક્તિને એના જીવનમાં ભૂલના રસ્તેથી પસાર થવાનું આવે છે. કોણે ભૂલ નથી કરી ? કોણે જીવનમાં ઠોકર ખાધી નથી ? મહાન વિભૂતિથી માંડીને સામાન્ય આદમી સુધી સૌ કોઈએ પોતાના જીવનમાં ભૂલો કરી છે. હકીકતમાં તો જીવનની પ્રગતિનો આધાર ભૂલ પ્રત્યેના અભિગમ પર છે. થયેલી ભૂલને આપણે કઈ દૃષ્ટિએ જોઈએ છીએ અને એના નિવારણ માટે કયા કયા ઉપાયો યોજીએ છીએ, તેના પર વ્યક્તિની જીવનપ્રગતિ કે જીવનસાફલ્ય આધારિત છે. લિયો ટૉલ્સટૉયે એના જીવનમાં ભૂલો કરી હતી. મણિલાલ નભુભાઈ જેવા વિચારક અને સાહિત્યકારે કરેલી ભૂલો અને સ્ખલનોનું બયાન એમની આત્મકથામાં જોવા મળે છે. મહાત્મા ગાંધીજીએ પણ જીવનના પ્રારંભકાળે કરેલી ભૂલો એમની આત્મકથા 'સત્યના પ્રયોગો'માં દર્શાવી છે; પરંતુ મોહનદાસમાંથી મહાત્મા ગાંધીજી કેવી રીતે બન્યા, એના જીવન પ્રયોગોનો એમની આત્મકથા દસ્તાવેજ બની ચૂકી છે.

ભૂલો, દોષ, ક્ષતિ, સ્ખલન પ્રત્યે વ્યક્તિનું ચાર પ્રકારનું વલણ જોવા મળે છે. પહેલો પ્રકાર તો એ છે કે વ્યક્તિ એમ માને છે કે 'હું કદી ભૂલ કરું જ નહીં.' એને પોતાના વિશેનો અહંકાર એટલો બધો હોય છે કે એ પોતાની જાતને એટલી બધી ઉચ્ચસ્થાને મૂકે છે કે એ ક્યારેય ભૂલ કરી શકે નહીં. મોટા સંતો પણ એવું માનતા હોય છે કે એમણે એમના જીવનમાં ક્યારેય ભૂલ કરી નથી અને કદી કરવાના પણ નથી. હકીકતમાં આવી માન્યતા એ અહંકારની દ્યોતક છે. આ અહંકાર વ્યક્તિને બીજી વ્યક્તિથી દૂર રાખે છે અને વ્યક્તિ સ્વયં બીજી વ્યક્તિથી પોતાને ઉચ્ચ આસને બેઠેલો જુએ છે.

જગતના સરમુખત્યારો અને નિર્દયી રાજાઓ પણ પોતાને વિશે આવી માન્યતા ધરાવતા હતા કે એમનાથી તો ક્યારેય ભૂલ થાય જ નહીં. આથી તો હિટલર પોતાની જાતને નામથી બોલાવવાને બદલે ફયુરર (સમ્રાટ) જેવા વિશેષણથી બોલાવવાનો આગ્રહ રાખતો હતો અને ઈવા બોર્ન નામની સ્ત્રીને એ ચાહતો હતો; પરંતુ મોત છેક બારણે આવીને ઊભું રહ્યું ત્યાં સુધી એણે એની

સાથે લગ્ન કર્યા નહીં. એ અહંકારીને લગ્નથી પણ એવી ભીતિ હતી કે કદાચ કોઈ એની નજીક આવી જાય ! પોતે જીવનમાં ભૂલ કરી શકે જ નહીં, એવું માનનારો અહંકારી વ્યક્તિ પારાવાર ભૂલો કરતો હોય છે અને પોતાના જીવનને પતનને માર્ગે ધકેલતો હોય છે. કારણ એટલું જ કે પોતે ભૂલ કરી શકે નહીં એ અહંકાર જ એને માત્ર અન્ય વ્યક્તિઓથી જ નહીં, બલકે સત્યથી ઘણો દૂર લઈ જાય છે.

ભૂલ ન જ કરીએ એમ માનનારા એવા પણ કેટલાક લોકો હોય છે કે જેઓ જીવનમાં માત્ર પરદોષદર્શન કરતા હોય છે. એમની નજર બીજાની ભૂલો, દોષો અને ક્ષતિઓને રાત-દિવસ ખોળતી હોય છે. જેમ એક જમાનામાં સાસુ સતત વહુના દોષો શોધતી હતી અને એ જ એમનું જીવનકર્તવ્ય અને જીવનધ્યેય બની જતું ! આવી પરદોષદર્શનની ટેવ પડે એટલે વ્યક્તિને પોતાની પત્નીથી માંડીને પરમાત્મા સુધીના બધા જ ક્ષેત્રમાં બધી જ બાબતો દોષરૂપ લાગશે. જગત આખું ભૂલોની ખાણરૂપ લાગશે. એના જીવનમાં માત્ર બહારની બારી ખૂલી રહેશે અને અંદરની બારી વસાયેલી જ રહેશે. આવી વ્યક્તિ સ્વદોષદર્શન કઈ રીતે કરી શકે ? ઘુવડ જેમ દિવસે જોઈ શકતું નથી, તે રીતે અહંકારીને પોતાના દોષ દેખાતા નથી.

ભૂલ પ્રત્યેનો બીજો અભિગમ એ છે કે વ્યક્તિ ભૂલ કરે છે અને એને છુપાવવાનો પ્રયાસ કરે છે. ભૂલ કરવાનું એને એ સમયે અતિ આકર્ષણ હોય છે. એ આકર્ષણથી પ્રેરાઈને એ કોઈ ભૂલ કરી બેસે, કોઈ ગુનો કરી બેસે, લાંચ-રુશ્વત લઈ બેસે અને પછી એ માને છે કે એની આ ભૂલ એ જીવનભર એક રહસ્યની માફક છુપાવી શકાશે.

ભૂલનો સ્વભાવ જ એવો છે કે ભલે એ ભૂલ કોઈ અજાણ્યા અંધારા ખૂણામાં થઈ હોય; પરંતુ એ વ્યક્તિને શાંતિથી સૂવા દેતી નથી. એને એ અજાણ્યા ખૂણામાંથી બહાર આવીને પોતાના ઘરની અગાસી પર જઈને ઢંઢેરો પીટીને પોતાની ભૂલની જાહેરાત કરવી પડે તેવી પરિસ્થિતિ પેદા થાય છે. 'મહાભારત'માં કુંતીએ કર્ણના જન્મનું રહસ્ય કેટલાંય વર્ષો સુધી પોતાના હૃદયમાં ભંડારી રાખ્યું; પરંતુ અંતે એને પ્રગટ કરવું પડ્યું. આમ, ભૂલ કરીને છુપાવનાર વ્યક્તિઓને અંતે તો પોતાની ભૂલ, ક્ષતિ કે દોષને પ્રગટ કરવા પડે છે.

ભૂલ પ્રત્યેનું ત્રીજું વલણ તે વ્યક્તિ પોતાની ભૂલ પડકાય એટલે એને છાવરવાની કોશિશ કરે છે. 'એ પોતાની ભૂલ નહોતી' એમ સિદ્ધ કરવા માટે એ સઘળાં કાલ્પનિક કારણો કામે લગાડે છે, એથીયે વધુ કોઈ શઠ કે લુચ્ચાઈ ધરાવનારી વ્યક્તિ હોય તો એ પોતાની ભૂલને જાણી જોઈને કરેલાં 'કર્મ' કે 'સત્કર્મ' તરીકે ખપાવે છે. પોતે પોતાના કુટુંબ, સમાજ કે દેશના હિતને માટે આવું કૃત્ય કર્યું હતું એમ ગાઈ-વગાડીને કહે છે. વર્તમાન યુગમાં થતાં ઇતિહાસનાં સંશોધનો ભૂતકાળના આવાં ઘણાં સત્યો કે અર્ધસત્યોને ખોલી રહ્યાં છે.

ભૂલ પ્રત્યેનું ચોથું વલણ એ એને સ્વીકારવાની વૃત્તિ અને એમાંથી મુક્તિ મેળવવાનો પુરુષાર્થ છે. માણસે પોતાની ભૂલનો સ્વીકાર કરીને એમાંથી બોધપાઠ લેવા પ્રયત્ન કરવો જોઈએ. જેમ વિજ્ઞાની કોઈ સંશોધન કરે, ત્યારે જે જે પ્રયોગમાં નિષ્ફળતા મળી હોય, તેની બાદબાકી કરીને અંતે સફળતા મેળવતો હોય છે, એમ જાગૃત વ્યક્તિ પોતાની એકેએક ભૂલોને જોઈને, સમજીને, વિચારીને અને એનું પુનરાવર્તન ન થાય એવી જાગૃતિ રાખીને જીવનમાં ઊર્ધ્વગામી બનતો હોય છે.

આમાં સૌથી મહત્ત્વની વાત તો ભૂલનો એકરાર કરવા માટે વ્યક્તિ પાસે પ્રબળ હિંમત હોવી

**(અનુસંધાન પાના નં. ૧૦ પર)**

## શ્રી પૂજ્યપાદ આચાર્ય વિરચિત
# સમાધિતંત્ર - અમૃતરસપાન
### (ક્રમાંક - ૩૯)

પ્રા. ચંદાબહેન વી. પંચાલી (બોટાદ)

સત્ય જેનું સ્ફુરણ છે, સત્ સત્ જેની સ્થિરતા છે, સત્‌ના ભણકારાનું સદા શ્રવણ છે, સત્યના પ્રહરી છે એવા પરમકૃપાળુદેવ સત્યાભિલાષી જૂઠાભાઈને પત્રાંક-૩૭માં અપૂર્વ સમ્યક્‌ગિરા પ્રકાશે છે, ''જગતને રૂડું દેખાડવા અનંતવાર પ્રયત્ન કર્યું; તેથી રૂડું થયું નથી. કેમ કે પરિભ્રમણ અને પરિભ્રમણના હેતુઓ હજુ પ્રત્યક્ષ રહ્યા છે. એક ભવ જો આત્માનું રૂડું થાય તેમ વ્યતીત કરવામાં જશે, તો અનંતભવનું સાટું વળી રહેશે, એમ હું લઘુત્વભાવે સમજ્યો છું; અને તેમ કરવામાં જ મારી પ્રવૃત્તિ છે. આ મહાબંધનથી રહિત થવામાં જે જે સાધન, પદાર્થ શ્રેષ્ઠ લાગે, તે ગ્રહવા એ જ માન્યતા છે, તો પછી તે માટે જગતની અનુકૂળતા-પ્રતિકૂળતા શું જોવી ? તે ગમે તેમ બોલે પણ આત્મા બંધનરહિત થતો હોય, સમાધિમય દશા પામતો હોય તો તેમ કરી લેવું. એટલે કીર્તિ-અપકીર્તિથી સર્વકાળને માટે રહિત થઈ શકાશે.'' પરમપ્રેમી જૂઠાભાઈ માટે પ્રત્યક્ષ સજીવન મૂર્તિનો સમ્યક્ બોધ સહરાના રણમાં તુષાતુરને મીઠી વીરડી મળે તેવો પરિણમતો હતો.

આપણે શ્રી પૂજ્યપાદ આચાર્ય રચિત 'સમાધિતંત્ર' ગ્રંથનું અમૃતરસપાન કરી રહ્યા છીએ. શ્લોક ૨૧ તથા શ્લોક ૨૨માં વૃક્ષના ઠૂંઠાનું ઉદાહરણ આપી સમજાવ્યું કે આત્મભ્રાન્તિ જાય છે ત્યારે વિપરીત ચેષ્ટા નાશ પામે છે. વૃક્ષના ઠુંઠામાં પુરુષાકારની માન્યતા હતી. તે સત્પુરુષના પ્રાણવાન ઉપદેશથી અને ભેદજ્ઞાનની સમ્યક્ પરિક્રિયાથી યથાર્થ બોધનો જન્મ થયો. આત્મજ્ઞાન પ્રાપ્ત થતાં મિથ્યા ભ્રાન્તિ ચાલી ગઈ. સમ્યક્ બોધથી જીવ આવૃત્ત થયો.

હવે શ્લોક ૨૩માં આચાર્યદેવે પ્રકાશે છે :

**येनात्मनाऽनुभूयेऽहमात्मनैवात्मनात्मनि ।**

**सोऽहं न तन्न सा नासौ नैको न द्वौ न वा बहुः ॥२३॥**

**અન્વય :**

येन आत्मना अहं आत्मनि आत्मना आत्माना एव अनुभूये ।

सः अहं न तत् न सा न असौ न एकः न द्वौ वा न बहुः ॥

**શબ્દાર્થ :** येन आत्मना - જે આત્મ સ્વરૂપથી, अहं - હું, आत्मनि - પોતાના આત્મામાં, आत्मना - આત્મ દ્વારા, आत्माना एव - પોતે જ, अनुभूये - અનુભવમાં આવું છું, सः - તે, अहं - હું છું, न तत् - તે નપુંસક નથી, न सा - તે સ્ત્રીરૂપ નથી, न असौ - તે પુરુષ રૂપ નથી, न एकः - તે એક નથી, न द्वौ - તે બે નથી, वा न बहुः - અથવા તે બહુ નથી.

**ભાષાન્તર :** હું આત્મસ્વરૂપ છું. હું પોતાનામાં આત્મા દ્વારા પોતે જ પોતાને અનુભવું છું તે શુદ્ધસ્વરૂપ આત્મા હું છું. તે આત્મા નપુંસક નથી, સ્ત્રી નથી, પુરુષ નથી, એક નથી, બે નથી અથવા બહુ નથી.

**ભાવાર્થ :** હું સ્વસંવેદનજ્ઞાન દ્વારા મારા સ્વરૂપને અનુભવું છું. એ આત્મસ્વરૂપને મારામાં અનુભવું છું. મારા આત્માને મારા સ્વ-સાધનથી અનુભવું છું. હું ચૈતન્યસ્વરૂપ સ્વસંવેદનગમ્ય છું. તેમાં સ્ત્રી, પુરુષઆદિ લિંગનો અભાવ છે. એક-બે વગેરે સંખ્યાના વિકલ્પનો અભાવ છે. અંતરાત્માએ નિજ વૈભવને નિહાળી લીધો છે. મિથ્યાભ્રાન્તિ નાશ પામી છે. તે નિરંતર આત્મધારામાં જીવે છે. તે ભેદજ્ઞાનની પ્રવીણતાથી આત્મા અને દેહને ભિન્ન જાણ્યા છે.

સદ્‌ગુરુની સન્નિધિમાં, સદ્‌ગુરુના ઉપનિષદમાં આત્મા અને દેહની ભિન્નતા ભાસી છે. આત્માને આત્મામાં આત્મસાધનથી નિજવૈભવને નિહાળે છે.

**વિશેષાર્થ :** શ્રી પૂજ્યપાદ આચાર્ય 'સમાધિતંત્ર' ગ્રંથમાં બહિરાત્મા, અંતરાત્મા તથા પરમાત્માના ચિહ્નો બતાવે છે. આત્મા સ્વતંત્ર પુરુષાર્થથી બહિરાત્મપણું ત્યજીને, સદ્‌ગુરુના બોધનો અભ્યાસ કરીને, નિજ અવલોકનથી અનુક્રમે અધ્યાત્મધારામાં વિશેષતા સાધે છે અને અંતે પરમાત્મપદને પામે છે. આપણે પ્રસ્તુત શ્લોકને વિશદતાથી વિચારીએ.

(૧) **येन आत्मना** – ચૈતન્યસ્વરૂપ હું આત્મા છું. વસ્તુસ્વરૂપનું ધ્યાન થતાં મનની વિશ્રાન્તિ અવસ્થા અને ચૈતન્ય જાગરણ સહજ થાય છે. પંડિત બનારસીદાસજીનું કવિત્ત યથાર્થતાનું ઉદ્‌બોધન કરે છે,

"વસ્તુ વિચારત ધ્યાવતેં, મન પાવે વિશ્રામ,
રસ સ્વાદત સુખ ઉપજે, અનુભવ યાકો નામ."

વસ્તુ અર્થાત્ અનંતગુણો- અનંતશક્તિનો જેમાં વસવાટ છે તે વસ્તુ સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય આત્મા છે. તેનું જ ધ્યાન થતાં મન વિશ્રામ પામી જાય છે. તે આત્મા અમૃતરસને પીવે છે. એવી વિભાવના આચાર્યપ્રવર અમૃતચંદ્રદેવ ફરમાવે છે,

श्री शीतलप्रसादजी का दर्शन स्पष्ट है – अंतरात्मा विचारता है कि मेरे आत्मा का स्वभाव अनुभवगम्य है । जो कोई आत्मा का अनुभव अपने स्वरुप के भीतर अपने ही आप अपने स्वसंवेदन ज्ञान के द्वारा इस तरह पर करता है, जिस तरह का इस आत्मा का सर्व परद्रव्य, परभाव व पर के निमित्त से होनेवाले भावो से भिन्न स्वभाव है । उस समय उसके अनुभव में जो कुछ आता है वही मैं हूँ। વિકલ્પો શાંત થાય છે ત્યારે વીતરાગતાની આભા ઉજ્જવળતાને પામે છે.

બહિરાત્મા 'શરીરાદિ હું છું, સ્ત્રી-પુત્ર-પરિવાર મારા છે' એવી બુદ્ધિના પરિવેશમાં - ભ્રાન્તિમાં જીવ્યા કરે છે. હું દેહાદિ સ્વરૂપ નથી. સ્ત્રી, પુત્ર આદિ કોઈ મારા નથી એવી સમજણના અભાવે શુદ્ધ ચૈતન્યમય પદાર્થ પ્રતિ દૃષ્ટિ નથી થતી. સંસારભાવમાં રાચ્યો, માચ્યો રહે છે. અપૂર્વ પુણ્યયોગે સત્પુરુષનાં અપૂર્વ મિલનથી બહિરાત્મા જો માટીના ઢેફાની જેમ પીગળે તો વસ્તુ હાથમાં આવતાં પુરુષાર્થી બની, સત્ સાધના દ્વારા નિજને નિહાળી શકે છે.

'પરમાનંદ સ્તોત્ર'ના શ્લોક પંદરમાં કહ્યું છે કે 'આ જીવ પોતાના શુદ્ધ આત્માને જે ક્ષણે દેખે છે તે જ ક્ષણે તેનો વિભ્રમ નાશ થાય છે અને સ્વસ્થ ચિત્ત થાય છે. અર્થાત્ જ્ઞાન આકુળતારહિત સ્થિર થાય છે અને નિર્વિકલ્પ સમાધિને પામે છે.' શ્રદ્ધા સમ્યક્ થતાં જ્ઞાન નિરાકુળતાને પામે છે. શ્રદ્ધા સમ્યક્ થતાં અને જ્ઞાન સમ્યક્ થતાં સ્થિરતા સધાય છે. તે જ સમાધિ છે એવી અપૂર્વતા સમજાય છે.

(૨) **अहं आत्मनि आत्मना आत्मना एव अनुभूये** = આત્મામાં, આત્માથી આત્માને હું અનુભવું છું.

શ્રી પૂજ્યપાદ આચાર્યે ત્રણ કારકની વાત કરી છે. આત્મામાં, આત્માથી અને આત્માને અનુભવું છું. આપણે અહીં ષટ્‌કારક વિશે વિચારીશું. છ કારક છે. કર્તા, કર્મ, કરણ એટલે સાધન, સંપ્રદાન, અપાદાન અને અધિકરણ. અધ્યાત્મના છ કારક છે અને વ્યવહારના છ કારક છે.

હું આત્મા કર્તા, આત્માને - કર્મ, આત્માથી - કરણ. આત્મા માટે - સંપ્રદાન, આત્મામાંથી- અપાદાન, આત્માને આધારે એટલે અધિકરણ અર્થાત્ હું આત્માને, આત્માથી, આત્મા માટે, આત્મામાંથી આત્માના આધારે અનુભવું છું. અન્ય કોઈ નિમિત્તનો આધાર લઈને કે અન્ય કોઈ સાધનનો ઉપયોગ કરીને આત્માનો અનુભવ નથી થતો. હું મને સમ્યક્ પ્રકારે દાન આપું છું તે સંપ્રદાન છે. હું મારામાંથી જ દાન આપું છું. હું અપાદાન છું. મારામાંથી મુક્ત - છૂટો પડું છું તે અપાદાન છે તથા મને મારો આધાર છે, અન્યનો નહિ તે અધિકરણ છે.

તત્ત્વદૃષ્ટિએ જોતાં સમજવું બહુ સરળ છે. કોઈ અન્ય કારણથી આત્માનો અનુભવ થાય એમ નથી. તેથી નિમિત્તનો પક્ષ દ્રવ્યદૃષ્ટિએ ગૌણ થાય છે. ઉપાદાનની મુખ્યતા થાય છે. જ્યારે પરમ નિશ્ચયનું કથન આવે છે ત્યારે ષટ્‌કારક રૂપે જે ભેદ પડે છે તે ત્રિકાળ શુદ્ધ આત્મામાં નથી. અર્થાત્ વિકલ્પાતીત

આત્મસ્વરૂપ છે. અહીં સૂક્ષ્મતાથી વસ્તુનું સ્વરૂપ દર્શાવ્યું છે.

સાચો-સરળ ઉપાય ભેદજ્ઞાન છે. પ્રસ્તુત શ્લોકમાં પૂ. આચાર્યદેવ બહિરાત્માને ભેદજ્ઞાનનું ભાન કરાવે છે. શરીરાદિમાં મારાપણું માન્યું હતું તે મારાપણાથી ઉપર ઉઠાવી આત્મામાં-સ્વભાવમાં અહંપણાની વાત કરે છે. શ્રી સોગાનીજી બોલ ૯૦માં આ દૃષ્ટિને પ્રગટ કરતાં લખે છે, ''એક જ માસ્ટરકી છે. (Master Key) બધી વાતોમાં બધા શાસ્ત્રોમાં એક જ સાર છે. ત્રિકાળીપણામાં અહંપણું જોડી દેવાનું છે.'' અન્ય દ્રવ્યોમાં અહંની માન્યતા જીવે કરી રાખી છે. તે બધામાંથી દૃષ્ટિ ઉઠાવીને ધ્રુવતત્ત્વમાં અહંપણું જોડી દેવાથી દૃષ્ટિમાં એક તત્ત્વ જ આવ્યા કરશે. તેમ કરવાથી બહિરાત્મા પુરુષાર્થના પરાક્રમથી અંતરાત્મામાં પદાર્પિત થશે એ નિઃસંશય છે.

તત્ત્વદૃષ્ટિ જીવને ચોરાશીના ભવભ્રમણમાંથી મુક્તિ અપાવી શકે છે. બાહ્યભાવોથી વધીને પુણ્યનો બંધ પડે છે. જો તેમાં બાહ્યભાવ શરીરાદિના છે તેને તો પાપબંધ થાય છે. તેથી તત્ત્વને પામવા ઉદ્યમ કર્તવ્ય છે. આચાર્યપ્રવર શ્રી અમૃતચંદ્રાચાર્ય સમયસાર કળશ તેવીસમાં સમ્યક્ બોધ પ્રદાન કરે છે,

अयि कथमपि मृत्वा तत्त्वकौतूहली सन्

अनुभव भवमूर्तेः पार्श्ववर्ती मुहूर्तम् ।

पृथगथ विलसन्तं स्वं समालोक्य येन

त्यजसि झगिति मूर्त्या साकमेकत्वमोहम् ॥

**અર્થાત્ :** આચાર્યદેવ કોમળ સંબોધનથી કહે છે કે હે ભાઈ ! તું કોઈ પણ રીતે મહાકષ્ટે અથવા મરીને પણ તત્ત્વનો કૌતૂહલી થઈ આ શરીરાદિ મૂર્ત દ્રવ્યનો એક મુહૂર્ત પાડોશી થઈ આત્માનો અનુભવ કર કે જેથી પોતાના આત્માને વિલાસરૂપ, સર્વ પર દ્રવ્યોથી જુદો દેખી આ શરીરાદિક મૂર્તિક પુદ્ગલ દ્રવ્ય સાથે એકપણાના મોહને તું તુરત જ છોડશે. આત્મા બે ઘડી પુદ્ગલ દ્રવ્યથી ભિન્ન પોતાના શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરે, પરિષહ આવ્યે પણ ડગે નહિ તો ઘાતીકર્મનો નાશ કરી, કેવળજ્ઞાન પ્રાપ્ત કરી, સાક્ષાત્ મોક્ષને પામે. મિથ્યાત્વનો નાશ કરી સમ્યક્દર્શન પ્રાપ્ત થાય. સત્પુરુષોએ યત્ર તત્ર સર્વત્ર આ જ સમ્યક્ બોધ કર્યો છે.

આચાર્ય શ્રી પૂજ્યપાદદેવ લખે છે કે આત્માને આત્માને આધારે આત્માનો અનુભવ થાય છે. આ પ્રક્રિયામાં સ્વચ્છંદ-મત-આગ્રહાદિ નાશ થાય છે. આત્મા સ્વકેન્દ્રી બની - કેન્દ્રસ્થ થાય છે. અનાદિકાળથી વર્તુળના પરિઘમાં રખડ્યા કર્યું છે તેથી કેન્દ્રસ્થ થતાં - સ્વકેન્દ્રમાં સ્થિત થવાથી આત્મ-અનુભવ પામી શકાય છે. ખરેખર આત્મા સ્વકેન્દ્રમાં સધાય છે. જીવ અનાદિથી અન્યત્ર દૃષ્ટિ કરીને જીવ્યો છે. તેને ત્યાંથી પાછો વાળી સત્યયાત્રી બનાવી સત્યનિષ્ઠ થતાં સત્ તત્ત્વમાં જીવાય છે.

પૂજ્ય બેનશ્રી ચંપાબેનની દિવ્ય અસ્મિતાસભર ગિરા કહે છે, ''પર્યાય પર દૃષ્ટિ રાખ્યે ચૈતન્ય પ્રગટ ન થાય. દ્વ્યદૃષ્ટિ કરવાથી જ ચૈતન્ય પ્રગટે. દ્રવ્યમાં અનંત સામર્થ્ય ભર્યું છે. તે દ્રવ્ય પર દૃષ્ટિને થંભાવ. નિગોદથી માંડીને સિદ્ધ સુધીની કોઈ પણ પર્યાય શુદ્ધ દૃષ્ટિનો વિષય નથી. સાધકદશા પણ શુદ્ધ દૃષ્ટિના વિષયભૂત મૂળ સ્વભાવમાં નથી. દ્રવ્યદૃષ્ટિ કરવાથી જ આગળ જવાય છે. શુદ્ધ પર્યાયની દૃષ્ટિથી પણ આગળ જવાતું નથી. દ્રવ્યદૃષ્ટિમાં માત્ર શુદ્ધ અખંડ દ્રવ્ય સામાન્યનો જ સ્વીકાર હોય છે.'' જ્ઞાની મહાત્માઓનું એક જ દર્શન છે. નિજ વૈભવને નિહાળી સત્યનિષ્ઠ બની જા. તેમાં જ આત્મકલ્યાણ છે.

પરમકૃપાળુદેવની સમાધિગિરા આલેખે છે,

''જિન પ્રવચન દુર્ગમ્યતા, થાકે અતિ મતિમાન;
અવલંબન શ્રી સદ્ગુરુ, સુગમ અને સુખખાણ.
ઉપાસના જિનચરણની, અતિશય ભક્તિસહિત;
મુનિજન સંગતિ રતિ અતિ, સંયમ યોગ ઘટિત.
ગુણપ્રમોદ અતિશય રહે, રહે અંતર્મુખ યોગ;
પ્રાપ્તિ શ્રી સદ્ગુરુ વડે, જિનદર્શન અનુયોગ.''

**(ક્રમશઃ)**

# આત્મજાગૃતિ

**પૂજ્ય બહેનશ્રી ડો. શર્મિષ્ઠાબેન સોનેજી**

નિરંતર આત્મલક્ષ રાખવો તે આત્મજાગૃતિ.

આત્માનું વિસ્મરણ થવું તે મોહનિદ્રા.

આત્માનું વિસ્મરણ થવું તેને મહાપુરુષો પ્રમાદ પણ કહે છે.

આત્મા એટલે 'હું' મારું મૂળ સ્વરૂપ - જીવતત્ત્વ. જાગૃતિ = જાગી જવું, મોહનિદ્રામાંથી જાગી જવું. નો કર્મ, દ્રવ્યકર્મ અને ભાવકર્મથી રહિત પોતાના શુદ્ધ આત્મસ્વરૂપની ભાવના કરવી તે આપણી પરમાર્થ જાગૃતિ.

'પુષ્પમાળા'ના પહેલા જ મણકામાં પરમકૃપાળુદેવ કહે છે, "રાત્રિ વ્યતિક્રમી ગઈ, પ્રભાત થયું, નિદ્રાથી મુક્ત થયા. ભાવનિદ્રા ટળવાનો પ્રયત્ન કરજો."

**ભાવાર્થ :** ૮૪ લાખ યોનિમાંથી પસાર થઈ બહુ પુણ્યથી આપણને આ મનુષ્યભવ મળ્યો, તેમાં પણ આત્મકલ્યાણની ભાવના જાગી છે, તો હવે મોહનિદ્રામાંથી જાગવાનો પુરુષાર્થ કરવો જોઈએ.

- ભર નિદ્રા ભર્યો રૂંધી ઘેર્યો ઘણો,
  સંતના શબ્દ સુણી કાં ન જાગે;
  ન જાગતાં નરસૈયા લાજ છે અતિ ઘણી,
  જનમો જનમ તારી ખાંતે ભાગે.

**— ભક્તકવિ નરસિંહ મહેતા**

### વિશેષ વિચારણા

આપણે અત્યારે સંસારી અવસ્થામાં છીએ અને આ મનુષ્યગતિમાં આયુકર્મથી બંધાઈને આ શરીરમાં રહ્યા છીએ. આપણે ચૈતન્યસ્વરૂપી છીએ. અને આ દેહ તે જડ પુદ્‌ગલ સ્વરૂપ છે, છતાં નિમિત્ત-નૈમિત્તિક સંબંધથી અનાદિકાળથી કોઈને કોઈ દેહમાં એકક્ષેત્રાવગાહે રહ્યા છીએ.

આ મનુષ્યભવમાં આપણે મન, વચન, કાયા ત્રણેય યોગથી જોડાયેલા છીએ.

સ્વભાવથી આપણે ચૈતન્ય ઉપયોગ સ્વરૂપ છીએ.

**उपयोगो लक्षणम् ।**

- શ્રી તત્ત્વાર્થસૂત્ર, અધ્યાય-૨

ઉપયોગ ત્રણ પ્રકારે પ્રવર્તે છે - શુભ, અશુભ અને શુદ્ધ. આત્માની સત્તાનું નિમિત્ત પામીને મન, વચન, કાયાના યોગોનું પરિણમન સાપેક્ષપણે થાય છે.

"દેહ ન જાણે તેહને, જાણે ન ઇંદ્રી પ્રાણ;
આત્માની સત્તા વડે, તેહ પ્રવર્તે જાણ."

**— શ્રી આત્મસિદ્ધિ - ૫૩**

માટે જ્યાં સુધી આપણે આ દેહમાં છીએ ત્યાં સુધી આપણા ઉપયોગ અને યોગ બન્નેની સાવધાની - જાગૃતિ રાખવાની છે. આપણો આત્મા જ ત્રણે યોગોને પ્રવર્તવાની શક્તિ આપે છે.

યોગની જાગૃતિને યત્ના કહી શકાય અથવા વ્યવહાર જાગૃતિ કહી શકાય.

ઉપયોગની જાગૃતિ - તે નિશ્ચય જાગૃતિ છે.

દેહ અને જીવ બંને એકક્ષેત્રાવગાહ હોવાને લીધે યોગનો પ્રભાવ ઉપયોગ ઉપર પડે છે અને ઉપયોગનો પ્રભાવ યોગ ઉપર પડે છે.

### યોગની જાગૃતિ

(મનોયોગ, વચનયોગ, કાયયોગ)

**મનની જાગૃતિ :** દરેક કાર્ય મનની એકાગ્રતા

સહિત કરવું, જેથી કાર્ય સારી રીતે સંપન્ન થાય. ધર્મમાર્ગમાં સ્વાધ્યાય-ભક્તિ-ચિંતન એકાગ્રતાપૂર્વક - આત્મલક્ષ સહિત કરવાં.

**વચનયોગ :** આપણને આ મનુષ્યભવમાં અમૂલ્ય વાણીનો યોગ થયો છે, તેનો સાવધાનીપૂર્વક વ્યવહાર કરવો જોઈએ. વાણી અને આંખો આપણા વ્યક્તિત્વનું પ્રતિબિંબ છે. પરમ પૂજ્ય સહજાનંદવર્ણીજી મહારાજે સૂત્ર આપ્યું છે,

"ધીરે સે બોલો, પ્રેમ સે બોલો,
આદર દેકર બોલો, જરૂરત હોને પર બોલો."

બીજું એક રાજસ્થાની પદ છે -

"મીઠો મીઠો બોલ, તોલ તોલ બોલ,
તોલ તોલ બોલ, તારા બોલ અણમોલ."

કટુવાણી ઘણાના જીવનમાં વેર-ઝેર ઘોળી દે છે. મધુરવાણી જીવનમાં પ્રસન્નતા આપે છે.

**કાયાની જાગૃતિ :** કોઈ પણ વ્યાવહારિક અથવા ધાર્મિક ક્રિયા યત્નાપૂર્વક - ધીરજપૂર્વક સાવધાનીથી કરવી જોઈએ. અસાવધાનીથી કોઈ શારીરિક ક્રિયા કરવાથી અનર્થદંડનું પાપ લાગે છે. હિંસા થાય છે. મુનિ મહારાજ કાયાની ક્રિયાઓ પાંચ સમિતિપૂર્વક કરે છે : (૧) **ઈર્યા સમિતિ :** નીચી દૃષ્ટિથી ચાર હાથ જોઈને વિહાર કરે છે. (૨) **એષણા સમિતિ :** સાવધાનીપૂર્વક આહાર ગ્રહણ કરે છે. (૩) **ભાષાસમિતિ :** થોડું, મધુર અને જરૂર પૂરતું બોલે છે. (૪) **આદાનનિક્ષેપણ સમિતિ :** કોઈ પણ વસ્તુ મૂકતાં, લેતા-દેતાં સાવધાન રહે છે. (૫) **પ્રતિષ્ઠાપન સમિતિ :** મળ-મૂત્ર ત્યાગ સાવધાનીપૂર્વક કરે છે.

ન્યાયનીતિ અને સદાચારયુક્ત જીવન-વ્યવહાર ચલાવવો તે સદ્‌ગૃહસ્થ-સજ્જન મનુષ્યની વ્યવહાર જાગૃતિ કહી શકાય. તેમાં આત્મલક્ષ ભળવાથી - 'નિશ્ચય આત્મજાગૃતિ' બની જાય છે.

## ઉપયોગની જાગૃતિ

ઉપયોગ એ આત્માનું - આપણા ચૈતન્ય-સ્વરૂપનું મુખ્ય લક્ષણ છે. જ્ઞાન-દર્શન ગુણની મુખ્યતાથી આત્માનું પરિણમન તે ઉપયોગ છે.

સાધનામાં ઉપયોગની જાગૃતિ અત્યંત અગત્યની છે. પરમકૃપાળુદેવ કહે છે :

"ક્રિયા એ કર્મ, ઉપયોગ એ ધર્મ, પરિણામ એ બંધ, ભ્રમ એ મિથ્યાત્વ, બ્રહ્મ તે આત્મા અને શંકા એ જ શલ્ય છે. શોકને સંભારવો નહીં; આ ઉત્તમ વસ્તુઓ જ્ઞાનીઓએ મને આપી."

**— શ્રી રાજચંદ્રજી વચનામૃત પત્રાંક-૨૧**

દરેક સમયે આત્માનો લક્ષ (આત્મશુદ્ધિનો લક્ષ) રહેવો તે જ આત્મજાગૃતિ છે. વ્યવહાર જીવનમાં તથા સાધનામાં આપણે આપણા ઉપયોગ અને મન-વચન-કાયાના યોગનો સમન્વય કરવો જોઈએ, નહીં તો ક્રિયાજડ અથવા શુષ્કજ્ઞાની થઈ જવાય છે.

- નિશ્ચયવાણી સાંભળી, સાધન તજવાં નો'ય;
  નિશ્ચય રાખી લક્ષમાં, સાધન કરવાં સોય.

  **— શ્રી આત્મસિદ્ધિ - ૧૩૧**

- ચાર પાંચ સાહેલી મળીને હિલમિલ પાણી જાય,
  તાલી દીયે ખડખડ હસે, એનું ચિત્તડું ગાગરડા માંય
  મનાજિ તું તો જિનચરણે ચિત્ત લાય
  તેરો અવસર બીત્યો જાય.

  **— યોગીશ્વર શ્રી આનંદઘનજી મહારાજ**

- સંયમના હેતુથી યોગ પ્રવર્તના,
  સ્વરૂપલક્ષે જિનઆજ્ઞા આધીન જો;
  તે પણ ક્ષણક્ષણ ઘટતી જાતી સ્થિતિમાં,
  અંતે થાયે નિજસ્વરૂપમાં લીન જો.
  અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?

  **- શ્રીમદ્ રાજચંદ્રજી**

- કરતાં જઈએ ઘરનું કામ,

  પણ લેતાં જઈએ પ્રભુનું નામ.

આત્મજાગૃતિનો પરમાર્થ છે - પ્રમાદ રહિતપણું. ધર્મમાં અનાદરતા, ઉન્માદ, આળસ, કષાય એ બધા પ્રમાદના લક્ષણ છે. આત્માની વિસ્મૃતિ થવી તેને જ મહાપુરુષો પ્રમાદ કહે છે.

"જે જીવો મોહનિદ્રામાં સૂતા છે તે અમુનિ છે; નિરંતર આત્મવિચારે કરી મુનિ તો જાગૃત હોય."

**– શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક - ૫૬૯**

પ્રમાદના ૧૫ પ્રકાર કહ્યાં છે : ૫ ઈન્દ્રિયના વિષય, ૪ કષાય (ક્રોધ, માન, માયા, લોભ), ૪ વિકથા (રાજકથા, દેશકથા, સ્ત્રીકથા, ભોજનકથા), ૧ સ્નેહ, ૧ નિદ્રા.

આત્માની અજાગૃતિને કારણે જીવ આ પંદરે પ્રકારના પ્રમાદમાં અમૂલ્ય સમય વેડફી નાખે છે.

- "તારી એક એક ક્ષણ જાય લાખની,

  તું તો માળા રે જપી લે પ્રભુ નામની."

- હે જીવ ! આ કલેશરૂપ સંસાર થકી વિરામ પામ, વિરામ પામ; કાંઈક વિચાર, પ્રમાદ છોડી જાગૃત થા ! જાગૃત થા ! નહીં તો રત્નચિંતામણિ જેવો આ મનુષ્યદેહ નિષ્ફળ જશે. **– શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક - ૫૦૫**

- સૂતો જે વ્યવહારમાં, તે જાગે નિજ માંય;

  જાગૃત જે વ્યવહારમાં, સુષુપ્ત આત્મામાંય.

**– શ્રી સમાધિશતક ગા. ૭૮**

વ્યવહારમાં એટલે સંસારમાં - અહં-મમત્વના ભાવમાં આસક્ત.

## આત્મજાગૃતિની શ્રેણીઓ

**• સમ્યગ્દષ્ટિ મહાત્માની આત્મજાગૃતિ :**

સમ્યગ્દષ્ટિ ધર્માત્માની મોહગ્રંથિ છેદાઈ ગઈ છે તેના ફળરૂપે તેઓને આંશિક જાગૃતિ નિરંતર રહ્યા કરે છે. તેનું બીજું પર્યાયવાચક નામ 'લબ્ધ્યાત્મક અનુભૂતિ' કહીએ છીએ. આવી જાગૃતિને કારણે તેઓને ૪૧ કર્મપ્રકૃતિનો બંધ થતો જ નથી. તેઓ સ્વરૂપલક્ષે જિનઆજ્ઞાનું પાલન કરતા રહે છે.

- અહો ! સમદૃષ્ટિ આત્મા, કરે કુટુંબ પ્રતિપાળ;

  અંતર્ગત ન્યારો રહે, ધાવ ખિલાવે બાળ.

**– શ્રી બૃહદ્ આલોચના**

- આત્મજ્ઞાન વણ કાર્ય કાંઈ, મનમાં થિર નહીં હોય;

  કારણ વશ કંઈ પણ કરે, ત્યાં બુધ તત્પર નો'ય.

**– શ્રી સમાધિશતક - ૫૦**

આ પ્રમાણે બાહ્ય ત્યાગ ન હોવા છતાં પણ સમ્યક્દૃષ્ટિ સંતની આત્મજાગૃતિ વિશિષ્ટ જ હોય છે. તેને 'સમ્યક્ત્વ આચરણ ચારિત્ર' મહાપુરુષો કહે છે. તેમના નેણ અને વેણ પલટાઈ જાય છે - દિવ્યતા પ્રગટી જાય છે.

- સર્વસંગ પરિત્યાગી અતિવિચક્ષણ મહાપુરુષો અહો રાત્ર ધર્મમાં સાવધાન રહે છે. પળનો પણ પ્રમાદ કરતા નથી. નિરંતર આત્મવિચારે કરી મુનિ તો જાગૃત હોય.

## ઉત્તમ મુમુક્ષુની આત્મજાગૃતિ

- દયા, શાંતિ, સમતા, ક્ષમા, સત્ય, ત્યાગ, વૈરાગ્ય;

  હોય મુમુક્ષુ ઘટ વિષે, એહ સદાય સુજાગ્ય.

**- શ્રી આત્મસિદ્ધિ - ૧૩૮**

- મને હરિગુણ ગાવાની ટેવ પડી,

  મારા નાથને મૂકું ન એક ઘડી.

**- શ્રી નરસિંહ મહેતા**

- કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષઅભિલાષ;

  ભવે ખેદ, અંતર દયા, તે કહીએ જિજ્ઞાસ.

**– શ્રી આત્મસિદ્ધિ - ૧૦૮**

- હો અર્ધ નિશાકા સન્નાટા, વનનેં વનચારી ચરતે હો, તબ શાંત નિરાકુલ માનસ તુમ,
  તત્ત્વોં કા ચિંતન કરતે હો.

**– શ્રી દેવશાસ્ત્રગુરુ જયમાલા**

## આત્મજાગૃતિનું માહાત્મ્ય દર્શાવતા મહાપુરુષોના વચનો

- ઉઠ જાગ મુસાફિર ભોર ભઈ,
  અબ રૈન કહાં જો સોવત હૈ;
  જો સોવત હૈ સો ખોવત હૈ,
  જો જાગત હૈ સો પાવત હૈ.
- જનમ જનમ કે સોયે અભાગી,
  જાગત જાગત જાગેગા,
  ભ્રમ ભાગત ભાગત ભાગેગા
  રંગ લાગત લાગત લાગેગા.
- સૂતો જે વ્યવહારમાં, તે જાગે નિજમાંય;
  જાગૃત જે વ્યવહારમાં, સુષુપ્ત આત્મામાંય.

**– શ્રી સમાધિશતક - ૭૮**

- નિશા જે સર્વ ભૂતોની, તેમાં જાગૃત સંયમી;
  જેમાં જાગે બધા ભૂતો, તે જ્ઞાની મુનિની નિશા

**– શ્રી ભગવદ્‌ગીતા અ.૨.ગા.૬૯**

- આત્મજાગૃતિને મહાપુરુષોએ સરહદ પરના ફરજ પર રહેલા જવાનની સાવધાની સાથે સરખાવી છે. જવાન જેટલી સાવધાનીથી દેશની રક્ષા કરે છે તેવી જ રીતે સાધક આત્મજાગૃતિથી આત્મકલ્યાણ પામી મોક્ષસુખ પ્રાપ્ત કરે છે.
- ભગવાન મહાવીર સ્વામી ગૌતમ સ્વામીને કહેતા હતા - समयं गोयम मा पमाए ।
- टीक टीक करती घडी सभी को,
  मानो यह सिखलाती है,
  करना है जो जल्दी कर लो
  घडी बीतती जाती है ।
- કરું કરું કરતાં નથી કાંઈ કરતો,
  ધ્યાન પ્રભુનું હજી નથી ધરતો;
  વાતો કરતાં શુભ વેળા જાયે વહી રે,
  રાત્રે રોજ વિચારો, આજ કમાયા શું અહીં રે.
- રે ! આત્મ તારો ! આત્મ તારો ! શીઘ્ર એને ઓળખો;
  સર્વાત્મમાં સમદૃષ્ટિ દ્યો આ વચનને હૃદયે લખો.

**– શ્રી મોક્ષમાળા શિક્ષાપાઠ - ૬૭**

- ઘડી ઘડી પલ પલ સદા, પ્રભુ સુમિરન કો ચાવ;
  નરભવ સફલો જો કરે, દાન, શીલ તપ, ભાવ.
- અવસર પામી આળસ કરશે, તે મૂરખમાં પહેલો જી;
  ભૂખ્યાને જેમ ઘેબર દેતાં, હાથ ન માંડે ઘેલો જી,
  સેવો ભવિયા વિમલ જિનેશ્વર દુલ્હા, સજ્જન સંગા જી.

**- ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ**

- તું સ્થાપ નિજને મોક્ષપંથે, ધ્યા અનુભવ તેહને,
  તેમાં જ નિત્ય વિહાર કર, નહીં વિહર પરદ્રવ્યો વિષે.

**– શ્રી સમયસાર ગા. ૪૧૨**

## આત્મજાગૃતિના દૃષ્ટાંત

**[૧]** તથાગત શ્રી બુદ્ધદેવનો ઉપદેશ ચાલી રહ્યો હતો. જીવનની ઊંડી અનુભૂતિ અને પ્રખર જ્ઞાનપ્રકાશમાંથી સહજપણે વહેતી તેમની જ્ઞાનસરિતામાં શ્રોતાઓ સ્નાન કરી રહ્યા હતા. ધર્મ-સભામાં અનેક પ્રકારના માણસો હતા. તપસ્વી, ભિક્ષુઓ, રાજા-મહારાજાઓ, શ્રીમંત શાહુકારો, વિદ્વાનો, પંડિતો અને આમ જનતા.

એકાએક તથાગતની વાણીએ મૌન ધારણ કર્યું. પ્રતિપાદિત વિષય અધૂરો રહેવાથી સૌની જિજ્ઞાસા વધી ગઈ. પરંતુ તે સમયે બુદ્ધદેવની મુદ્રા અને દૃઢતા જોઈ કોઈએ તેમને ઉપદેશ બંધ કરવાનું કારણ પૂછવાની હિંમત કરી નહિ. ધીમે ધીમે અંતેવાસી ભિક્ષુઓએ હાથ જોડીને વિનંતી કરી કે પ્રભુ ! ગઈ કાલે એકાએક ઉપદેશ થંભી જવાનું

કારણ કોઈને લક્ષગત થયું નથી, તો કૃપા કરી જણાવો. બુદ્ધદેવ બોલ્યા, "હે ભિક્ષુઓ ! તમોએ આત્મકલ્યાણ અર્થે દીક્ષા ધારણ કરી છે, તો જરૂરી છે કે ઉપદેશ સમયે અત્યંત એકાગ્રતાથી બોધ ધારણ કરવો જોઈએ. તમારામાંથી બે-ત્રણ ભિક્ષુઓના પગ અને આંગળીઓ ઉપદેશ દરમ્યાન સતત હાલતા જ રહેતા હતા, જેથી તે ભિક્ષુઓ બોધમાં તલ્લીન નહોતા એમ જાણવાથી મેં ઉપદેશ બંધ કર્યો. જો ભિક્ષુઓ જ આત્મજાગૃતિ અને એકાગ્રતા ન રાખી શકે તો સામાન્ય માણસ કેવી રીતે રાખી શકે ?" આ સાંભળી સૌ આશ્ચર્યચકિત થઈ ગયા અને ભિક્ષુઓએ વિશેષ આત્મજાગૃતિ સહિત સાધના કરવાનો સંકલ્પ કર્યો.

**[૨]** ગ્રીસના મહાન તત્ત્વવેત્તા સોક્રેટીસ એક ઉત્તમ કોટિના મહાત્મા હતા. તેઓ કહેતા કે બાળપણથી જ મારી સાથે ને સાથે મારો સંગી બનીને એક સદાત્મા ફરતો રહ્યો છે. એનું કામ એ રહ્યું છે કે કયે વખતે કયું કામ મારે કરવું તે તો તે સામાન્યપણે જણાવે જ છે, પણ કોઈ અનુચિત કામ હોય તો તે ન કરવા માટે મને સ્પષ્ટ ચેતવણી આપી દે છે.

તેમના શિષ્યોએ એક વખત તેમને પૂછ્યું કે તે સદાત્મા ક્યાં છે ? તેમણે તરત જ કહ્યું કે તે સદાત્મા તે મારી અંદર રહેલો મારા અંતરાત્માનો સવાજ છે. તેને જ શાસ્ત્રમાં વિવેક અથવા પ્રજ્ઞાશક્તિ કહે છે.

**[૩]** લગભગ પચાસ વર્ષ પહેલાની વાત. તે વખતે પંડિત માલવિયાજીએ સ્થાપેલી બનારસ હિંદુ યુનિવર્સિટીમાં આચાર્ય નરેન્દ્રદેવ ઉપકુલપતિ હતા.

એકવાર તેઓ રીક્ષામાં બેસીને કોઈને મળવા જઈ રહ્યા હતા. તેમના ખાસ મિત્રની નજર પડતાં તેણે હાથ ઊંચો કરી રીક્ષા ઊભી રાખી અને પૂછ્યું "આજે મોટર નથી ?" ત્યારે તેઓએ જણાવ્યું કે ભાઈ, અત્યારે હું મારા અંગત કામ માટે જાઉં છું, તો મારાથી સંસ્થાની ગાડી કેમ વાપરી શકાય ?

(દૃષ્ટાંત 'શ્રી સાધકસાથી'માંથી સાભાર)

## પુસ્તક સમાલોચના

**– મિતેશભાઈ એ. શાહ**

(નોંધ : આ વિભાગ માટે ગ્રંથ કે પુસ્તકની બે નકલ મોકલવા વિનંતી.)

(૧) **પુસ્તકનું નામ : સુવિચાર સંકલન**

**સંકલન :** શ્રી સંતોષકુમાર જૈન ● પૃષ્ઠ ૫૬ ● આવૃત્તિ - પ્રથમ, ૨૦૧૬ ● મૂલ્ય : નિઃશુલ્ક

**પ્રાપ્તિસ્થાન :** Santoshkumar Jain 'Jain Bihai' - 24/40, Birhana Road, Kanpur(U.P.) - 208001. Ph (0512) 2313952, (M) 9616525490

આ પુસ્તકમાં સરળ અને ગુણગ્રાહી મુમુક્ષુવિશેષ શ્રી સંતોષકુમાર જૈને सुख कहाँ है ? भगवान बनने जन्मे हम, सुवाक्य, पिता की नसीहत વગેરે અનેક વિષયોનું સુંદર સંકલન કર્યું છે.

(૨) **પુસ્તકનું નામ : આગમ અવગાહન**

**સંપાદન :** શ્રી ગુણવંત બરવાળિયા ● **પૃષ્ઠ :** ૨૮૭ ● પ્રથમ આવૃત્તિ, ૨૦૧૬ ● **મૂલ્યઃ** રૂ. ૨૦૦

**પ્રકાશક :** શ્રી વીરતત્ત્વ પ્રકાશક મંડળ, શિવપુરી તથા શ્રી રૂપમાણક ભંસાલી ટ્રસ્ટ
૧૭/૧૯ ખટાઉ બિલ્ડિંગ, બેંક સ્ટ્રીટ ફોર્ટ, મુંબઈ- ૪૦૦૦૦૧ મો. ૦૯૮૯૭૧૦૬૫૦૧

આ પુસ્તકમાં શ્રી મહાવીર જૈન વિદ્યાલય, મુંબઈ દ્વારા આયોજિત ૨૩મા જૈન સાહિત્ય સમારોહમાં વિદ્વાનોએ જૈન આગમ અને પરાગમ સાહિત્ય વિષયક રજૂ કરેલા શોધપત્રો-નિબંધોનું સંકલન કરવામાં આવ્યું છે.

# શ્રી ભક્તામર સ્તોત્ર
(ક્રમાંક - ૧૮)

**મહેન્દ્રભાઈ કે. ખંધાર**

## પ્રભુના ગુણવાચક વિશેષણો (૧૫) - ભાગ ૨

● **મૂળ શ્લોક :** (વસંતતિલકા)

**त्वामव्ययं विभुमचिन्त्यमसंख्यमाद्यं,**
**ब्रह्माणमीश्वरमनन्तमनंगकेतुम् ।**
**योगीश्वरं विदितयोगमनेकमेकं,**
**ज्ञानस्वरुपममलं प्रवदन्ति सन्तः ॥२४॥**

● **શબ્દાર્થ :** त्वाम् - તને (તમને, આપને), अव्ययम् - અવ્યય, અક્ષય, અવિનાશી, विभुम् - વિભુ, વ્યાપ્ત (વિશ્વમાં, બ્રહ્માંડમાં), સમર્થ, अचिन्त्यम् - અચિંત્ય, ચિંતનમાં ન આવી શકે એવા, असंख्यम् - અસંખ્ય (ગુણોવાળા), आद्यं - આદિપુરુષ, આદિ તીર્થંકર, ब्रह्माणं - બ્રહ્મા, ईश्वरम् - ઈશ્વર, अनन्तम् - અનંત, અંત રહિત, अनंगकेतुम् - કામદેવને જીતવામાં (નાશ કરવામાં) કેતુ સમાન, योगीश्वरम् - યોગીશ્વર, યોગીઓના સ્વામી, विदित योगम् - યોગવિશારદ, યોગને સારી રીતે જાણનાર, अनेकम् - અનેક (ગુણ-પર્યાય અપેક્ષાએ), एकम्- એક (જીવ દ્રવ્ય અપેક્ષાએ), ज्ञानस्वरूपम् - જ્ઞાન સ્વરૂપ, જ્ઞાનમય (કેવલજ્ઞાનરૂપ), अमलम् - નિર્મળ, (કર્મ) મળરહિત, प्रवदन्ति - કહે છે, सन्तः - સંતો, સત્પુરુષો, જ્ઞાનીજનો.

● **સમશ્લોકી અનુવાદ :** (મંદાક્રાંતા)

સંતો માને પ્રભુજી તમને આદિ ને અવ્યયી તો,
બ્રહ્મા જેવા અનવધિ પ્રભુ ! કામકેતુ સમા છો;
યોગીઓના પણ પ્રભુ ! બહુ એકરૂપે રહ્યા છો,
જ્ઞાનીરૂપે વળી વિમળતા પૂર્ણ તત્ત્વે ભર્યા છો.(૨૪)

● **ભાવાર્થ :** (હે જિનેશ્વર પ્રભુ !) સંતપુરુષો તમને (આપને) : ૧. અવ્યય, ૨. વિભુ, ૩. અચિંત્ય, ૪. અસંખ્ય, ૫. આદિ પુરુષ, ૬. બ્રહ્મા, ૭. ઈશ્વર, ૮. અનંત, ૯. કામવિજેતા, ૧૦. યોગીશ્વર, ૧૧. યોગવિશારદ, ૧૨. અનેક, ૧૩. એક, ૧૪. જ્ઞાનમય અને ૧૫. નિર્મલ, એમ વિવિધ નામે સંબોધે છે. (ઓળખે છે અને સ્તવે છે કારણ કે એ દરેક નામના ગુણો આપનામાં પ્રગટપણે રહેલા છે.)

● **વિશેષાર્થ / પરમાર્થ :** મોટા મોટા મુનીન્દ્રોને મન પ્રભુ કેવા સ્વરૂપે છે તે આ શ્લોકમાં માનતુંગાચાર્ય જણાવે છે. આચાર્યશ્રી કહે છે કે હે જિનેશ્વર ! સંત-પુરુષો તમને જુદા જુદા નામો વડે સંબોધે છે, એટલે કે તમારા અનેક નામો છે. આ નામોનો અર્થ વિચારીએ તો તમારા સ્વરૂપ પર ઘણો પ્રકાશ પડે છે અને તે અમને ઉલ્લસિત કરે છે.

પ્રભુ ! કોઈ તમને આ નામથી ઓળખે કે તે નામથી ઓળખે એ મહત્ત્વનું નથી, પણ તમારામાં જે મહાન ગુણો રહેલા છે, તેનો પરિચય મેળવીને, તે ગુણોનું નિરંતર સ્મરણ કરીને તેવા ગુણો પ્રગટાવવાનો પુરુષાર્થ અમારે કરવો છે.

સ્તુતિકાર માનતુંગસૂરિજી હવે ભક્તિના પ્રવાહમાંથી આગળ વધતા તત્ત્વજ્ઞાનની ધારામાં વહેવા લાગે છે. આ શ્લોકમાં કહેલ ૧૫ વિશેષણોમાં પ્રભુના વિશિષ્ટ ગુણોનો સમાવેશ કરીને, ધર્મના વાચ્યાર્થને પરમાત્મ તત્ત્વની ગાગરમાં સાગર ભરી દીધો છે. સત્પુરુષોએ પ્રભુને વાસ્તવિક ગુણસંપન્ન નામોથી સંબોધ્યા છે. તેથી જ ભક્તહૃદય પોકારી ઊઠે છે કે,

**"હરિ તારા નામ છે હજાર,**
**કયા નામે લખવી કંકોતરી ?"**

ગુણવાચક નામો વડે સંત-જ્ઞાનીજનો આપની સ્તુતિ કરીને આપના સ્વરૂપનો મહિમા પ્રસિદ્ધ કરે છે.

'સમયસાર' પરમાગમના પરિશિષ્ટમાં આત્માની અનંત શક્તિમાંથી ૪૭ શક્તિઓનું અદ્‌ભુત વર્ણન કર્યું છે. તે દરેક ગુણવાચક નામથી ભગવાન- ત્રિકાળી શુદ્ધ આત્માને ઓળખી શકાય છે. હેમચંદ્રાચાર્ય, સમંતભદ્રાચાર્ય આદિ અનેક સંત વિદ્વાનોએ ૧૦૦૮ ગુણવાચક નામોથી સર્વજ્ઞ પરમાત્માની સ્તુતિ કરી છે, અને જેટલા સર્વજ્ઞ પરમાત્માના વિશેષણો છે તે બધાય જીવના (એટલે આપણા) મૂળ શુદ્ધ સ્વભાવમાં પણ લાગુ પડે છે. એટલે સર્વજ્ઞદેવની સ્તુતિરૂપે આત્માનો શુદ્ધ સ્વભાવ લક્ષમાં લેતા સાધકભાવ શરૂ થાય છે, અને તેના બહુમાન વડે સાધકભાવ વધતા વધતા અંતે શુદ્ધ સ્વભાવ પ્રગટ કરીને આત્મા પોતે પરમાત્મા બની જાય છે. અહીં સાધ્ય (સર્વજ્ઞ વીતરાગ જિનેશ્વર પ્રભુ) દ્વારા પોતાના (એટલે માનતુંગાચાર્ય અને આપણા જેવા સર્વ) સાધક ભાવની પુષ્ટિ કરેલ છે. જેને આત્મગુણોનો પ્રેમ-ઓળખાણ હોય તેને આવા વિધવિધ ગુણો વડે સર્વજ્ઞની સ્તુતિ કરવામાં ને એ રીતે આત્મગુણોનું ચિંતન કરવામાં અદ્‌ભુત રસ આવે છે. આ તો ભક્તિનો અપૂર્વ તારક ઉલ્લાસ છે.

હે નાથ ! ધર્માત્મા-જ્ઞાની-યોગી-સંતો આ રીતે અનેક ગુણ વડે આપને ઓળખીને આપની સમ્યક્ સ્તુતિ કરે છે. 'લઘુતત્ત્વસ્ફોટ' (શક્તિમણિતકોશ)માં ૨૪ તીર્થંકર ભગવંતોની સ્તુતિ કરતા અમૃતચંદ્રાચાર્ય કહે છે કે પરિપૂર્ણ અર્થવાળી એ સ્તુતિને જે ભવ્ય જીવ ભાવે છે - ચિંતવે છે તે ક્ષણમાત્રમાં સમસ્ત વિશ્વને પી જાય છે. (જ્ઞેયપણે જ્ઞાનમાં ઉતારી લે છે એટલે કેવળજ્ઞાન પ્રગટાવે છે.) તે રીતે સર્વજ્ઞની સમ્યક્‌સ્તુતિનું ફળ સર્વજ્ઞપણું કહ્યું.

હવે આપણે માનતુંગાચાર્યે આ શ્લોકમાં સંબોધેલ પ્રભુના ગુણવાચક ૧૫ વિશેષણો વિચારીએ :

**૧. અવ્યય :** હે ભગવન્ ! તમારા આત્મામાં ચય-અપચય (વ્યય-ઉત્પાદ)ની ક્રિયા થતી નથી એટલે કે તમે આત્માનો જે પૂર્ણ વિકાસ કરેલ છે તે એવો ને એવો રહે છે. અવ્યયી એટલે જેમાં ફેરફાર ન થાય (અથવા વ્યય-વિનાશ ન પામે) તે. પ્રભુ તો અવિચળપણે વિરાજે છે અને કોઈ પણ નિમિત્તથી તેમના આત્મસ્વરૂપની મગ્નતામાં ફેરફાર થતો નથી, અડોલ છે (જુઓ ભક્તામર શ્લોક-૧૫). અનંતકાળ પસાર થાય તો પણ આપની આત્મશક્તિમાં જરાય ઘસારો થતો નથી. એક પણ ગુણમાં હાનિ થતી નથી. પુણ્યપદ (ઈન્દ્ર, ચક્રવર્તી વગેરે) અવ્યય નથી, કેવળજ્ઞાન અવ્યય છે. આત્માના ધ્રુવ સ્વભાવને અવલંબનાર આપનું ધ્રુવપદ અને સિદ્ધદશા અવ્યય છે.

**૨. વિભુ :** હે ભગવન્ ! આપનું (કેવળ)જ્ઞાન લોકાલોકમાં ફેલાયેલું છે માટે આપ વિભુ-વ્યાપ્ત છો. જે સ્વયં પ્રકાશિત બની અન્યને પ્રકાશ આપે તે વિભુ. તમે કેવળજ્ઞાન અપેક્ષાએ સ્વપર પ્રકાશક છો. પોતાના આત્માને અનંત સુખનો માર્ગ પમાડી બીજા અનેક જીવોને સુખના અવ્યાબાધ માર્ગે દોરેલ છે. પોતાના અનંત સ્વધર્મો (ગુણો)માં તન્મયરૂપે વ્યાપીને આપ રહેલા છો. કેવળજ્ઞાન પછી મોક્ષની તૈયારીરૂપે (શૈલેશીકરણ પહેલા) સમુદ્‌ઘાત (આત્મપ્રદેશોનો વિસ્તાર) કર્યો ત્યારે આપના આત્મપ્રદેશો આખા લોકમાં વ્યાપી ગયા તે, લોકાલોક સર્વ જ્ઞેયોમાં આપનું કેવળજ્ઞાન વ્યાપે છે તે, અને આપ અનંત નિજગુણોમાં વ્યાપક છો તે સર્વ અપેક્ષાએ તમે વિભુ છો.

**૩. અચિંત્ય :** હે ભગવન્ ! મહાન યોગીઓ પણ તમારું પૂરેપૂરું ચિંતન કરી શકતા નથી એટલે

તમારું સ્વરૂપ અકળ (અકલ) છે. પ્રભુના ગુણોનું ચિંતન કરનારને સમજાય છે કે એક પછી એક ગુણો લેવામાં આવે તો પણ તેનો કદી પાર આવતો નથી. જ્યારે પણ પ્રાજ્ઞ પંડિતો આપના સ્વરૂપનો વિચાર કરે છે ત્યારે તેમને એમ લાગે છે કે જેટલું ચિંતન કર્યું તેનાથી અનેકગણું હજુ બાકી છે. હે સર્વજ્ઞ દેવ ! આપનું સ્વરૂપ વાણી અને વિકલ્પોથી પાર છે તેથી અચિંત્ય છે. ઇન્દ્રિયો અને મનથી અતીત છે. પરમાત્મા ઇન્દ્રિયજ્ઞાનનો વિષય નથી પણ અતીન્દ્રિય જ્ઞાનમાં સ્વસંવેદનગમ્ય છે, અનુભવમાં આવે છે.

**૪. અસંખ્ય :** હે ભગવન્ ! તમને અસંખ્ય પણ કહેવામાં આવે છે કારણ કે તમારા ગુણો સંખ્યાથી રહિત છે અને અસંખ્ય હૃદયોમાં આપ બિરાજો છો. જ્ઞાનના અનુભવમાં બધા ગુણ એક સાથે આવી જાય છે, પણ ભેદ પાડીને સંખ્યા વડે તેની ગણતરી થઈ શકતી નથી.

**૫. આદ્ય :** હે ભગવન્ ! તમને આદ્ય એટલે આદિપુરુષ કહેવામાં આવે છે કારણ કે તમે ધર્મનું પ્રવર્તન કરનાર તીર્થંકરોમાં પહેલા છો (આ ક્ષેત્ર-કાળની ચોવીસીની અપેક્ષાએ). ભરતક્ષેત્રને ભોગ ભૂમિમાંથી અસિ-મસિ-કૃષિ દ્વારા કર્મભૂમિમાં કેવી રીતે પલટાવવી તે આપે જ સૌ પ્રથમ અને સમર્થપણે સમજાવ્યું. વળી, આ અવસર્પિણી કાળમાં આત્મિક શાશ્વત સુખની ખોજમાં જીવન વ્યતીત કરી, સર્વજ્ઞ અવસ્થા પ્રગટાવી જગતના જીવોને એ અનુપમ માર્ગનો બોધ કરવામાં આપ જ પ્રથમ હતા.

**૬. બ્રહ્મા :** હે ભગવન્ ! તમને બ્રહ્મા કહેવામાં આવે છે કારણ કે તમે ધર્મસૃષ્ટિની રચના કરી છે. બ્રહ્મા સર્જક અને સર્વવ્યાપી ગણાય છે. આ બંને આપ છો. કર્મભૂમિ અને મોક્ષમાર્ગની સુલભતા આપ પ્રભુએ જ કરેલ. આપ મોક્ષમાર્ગના વિધાતા બન્યા છો. આ યુગમાં ભવ્યજીવોને મોક્ષમાર્ગ બતાવ્યો. પોતાના આત્મામાં શુદ્ધોપયોગરૂપ ધર્મ રચીને ઉપદેશ વડે ભવ્ય જીવોમાં ધર્મની રચના કરી તેથી આપ જ સાચા બ્રહ્મા છો.

**૭. ઈશ્વર :** હે ભગવન્ ! તમને ઈશ્વર કહેવામાં આવે છે, કારણ કે તમે ત્રણેય લોકમાં પૂજ્ય છો તથા કેવળજ્ઞાનાદિ અનંત ઐશ્વર્યને ધારણ કરનારા છો. જે કોઈ જીવ પોતાના ત્રિકાળી શુદ્ધ આત્માની અનંત શક્તિનું ઐશ્વર્ય પ્રગટ કરે તે ઈશ્વર છે (ઈશ્વર શુદ્ધ સ્વભાવ... આત્મસિદ્ધિ-૭૭). આપનો અપરંપાર આત્મિક ગુણવૈભવ, વાણીના અતિશયો, સમવસરણ રચના, અષ્ટ પ્રાતિહાર્યની શોભા, સો - સો ઇન્દ્રોના પૂજનીક-અર્ચનીક-વંદનીક બન્યા તેથી આપ ઈશ્વર છો.

**૮. અનંત :** હે ભગવન્ ! તમને અનંત કહેવામાં આવે છે કારણ કે તમે અંત એટલે મૃત્યુથી રહિત છો. વળી, તમને અનંત ચતુષ્ટય (જ્ઞાન-દર્શન-વીર્ય-સુખ) પ્રગટેલ છે. તમારા શુદ્ધ સ્વરૂપનો કોઈ પણ કાળે નાશ થવાનો નથી, એ અપેક્ષાએ પણ અનંત કહી શકાય. આપના ગુણો તો અનંત (સંખ્યામાં) છે જ, પરંતુ દરેક ગુણો પોતે પણ અનંત સામર્થ્યવાળા છે.

**૯. અનંગકેતુ :** હે ભગવન્ ! તમને અનંગકેતુ કહેવામાં આવે છે કારણ કે તમે અનંગ (જેને અંગ નથી એવો કામદેવ, એટલે કામ-ભોગ)નો નાશ કરવામાં કેતુ (અનંતને ગળી જનાર) સમાન છો. એટલે કે જેમ લોકોમાં કેતુ-ધુમકેતુ (પૂંછડિયો તારો)નો ઉદય નાશનું કારણ મનાય છે તેમ તમે કામદેવના નાશનું કારણ છો. પ્રભુએ રૂઢીગત અર્થમાં કામવાસના અને વિશાળ અર્થમાં ઇચ્છાનો જ સંપૂર્ણપણે નાશ કર્યો છે. પ્રભુ, આપ સંપૂર્ણ વિકારોથી રહિત વીતરાગ છો (ભક્તામર શ્લોક ૧૫). આપનો ઉદય જગતના કામ-ભોગની વાસનાઓનો નાશ કરનાર છે. આપની દિવ્યવાણી

ભવ્ય જીવોને વિષય-કષાયનો નાશ કરાવીને અશરીરી સિદ્ધપદ દેનારી છે (પ્રબળ, પ્રેરક નિમિત્ત અપેક્ષાએ).

**૧૦. યોગીશ્વર :** હે ભગવન્ ! તમને યોગીશ્વર કહેવામાં આવે છે કારણ કે તમે નિર્વાણસાધક યોગની સાધના કરનારા સાધુપુરુષો અર્થાત્ યોગીઓના સ્વામી છો. યોગના જાણકાર તો ઘણા પુરુષો હોય પણ તે સર્વમાં શ્રેષ્ઠ આપ છો. યોગનું સમગ્ર ઐશ્વર્ય આપે પ્રગટાવ્યું છે. યોગ ત્રણ છે : મન, વચન અને કાયા. આપનો મનોયોગ અનુત્તર વિમાનમાં રહેલા દેવોના સંશયને નિવારે છે, આપનો વચનયોગ ભવ્ય જીવોમાં બોધિબીજ રોપે છે, આપનો કાયયોગ ઈતિ-ભીતિ-માર-મરકી આદિ ઉપદ્રવોને શાંત કરે છે. તેથી આપ યોગીશ્વર છો. શુદ્ધ ઉપયોગ વડે ચૈતન્યનું ધ્યાન ધરનારા આપ પરમ યોગી છો. યોગીઓ અને શુદ્ધોપયોગી મુનિઓમાં આપ ઉત્તમ છો. મન, વચન અને કાયાના યોગને જેમણે જીત્યા છે એવા યોગીઓના પણ તમે આરાધ્ય દેવ છો.

**૧૧. વિદિતયોગ :** હે ભગવન્ ! તમને વિદિતયોગ એટલે યોગને સારી રીતે જાણનારા કહેવામાં આવે છે, કારણ કે તમે સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ યોગને અને અષ્ટાંગ યોગ (યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, સમાધિ)ને યથાર્થ જાણો છો. વળી, મોક્ષમાર્ગમાં જોડનારો (યુજ ધાતુ પરથી યોગ શબ્દ બનેલ છે અને તેનો અર્થ જોડવું થાય છે) જે ધર્મવ્યાપાર તે જ યોગ છે અને એવો ધર્મવ્યાપાર (નિશ્ચયલક્ષે કરાતો વ્યવહાર) આપે સારી રીતે જાણેલો તથા ઉપદેશેલો છે. હે પ્રભુ ! આપને મન હોવા છતાં (આમ્નાયભેદે સમજવું) મનથી કોઈ હર્ષ-શોક નહિ, વચનયોગમાં કોઈ કષાય કે કુટિલતા નહિ, કાયયોગની પણ કોઈ માયા-મમતા નહિ. એટલે યોગ હોવા છતાં તે નહિવત્ છે અને યોગને સમ્યક્ રીતે જાણીને આપ અયોગી બન્યા. સંસારના સર્વ જીવોના મન-વચન-કાયાના યોગના આપ જ્ઞાતા-દૃષ્ટા છો. રાગ વગરના શુદ્ધ ઉપયોગનું સ્વરૂપ જાણનાર આપ જ વિદિતયોગ છો.

**૧૨. અનેક :** હે ભગવન્ ! તમને અનેક કહેવામાં આવે છે કારણ કે તમે અનેક ગુણોથી યુક્ત છો. વળી, તમે જુદા જુદા ૧૦૦૮ નામોથી ઓળખાઓ છો. તમે નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવ વડે જગતને પવિત્ર કરો છો તેથી પણ અનેક સંજ્ઞાને યોગ્ય છો. પ્રત્યેક આત્મા જુદા જુદા છે અને દરેક પોતાની અપેક્ષાએ અનેક સ્વરૂપે પ્રભુને જાણે છે.

**૧૩. એક :** હે ભગવન્ ! તમને એક પણ કહેવામાં આવે છે કારણ કે તમે ત્રણેય લોકમાં અદ્વિતીય છો, ઉત્તમોત્તમ છો. વળી, એક જીવ દ્રવ્યની અપેક્ષાએ એક જ છો. શક્તિની અપેક્ષાએ બધા જીવાત્મા સરખા છે (સર્વ જીવ છે સિદ્ધસમ... આત્મસિદ્ધિ - ૧૩૫). ફરક માત્ર એટલો જ છે કે પ્રભુના જ્ઞાનનો ઉઘાડ સંપૂર્ણપણે કેવળજ્ઞાન રૂપે પ્રગટ્યો છે, જ્યારે નિગોદાદિ જીવોના તે જ્ઞાનનો ઉઘાડ ઓછેવત્તે અંશે છે. તેથી જ્ઞાનગુણની અપેક્ષાએ 'એક' કહ્યા અને તેનો ઉઘાડ જુદા જુદા જીવોમાં અનેક રીતે છે તેથી 'અનેક' કહ્યા. જેવી રીતે એક સૂર્યનું પ્રતિબિંબ અનેક જળપાત્રમાં પડતા અનેક સૂર્ય દેખાય છે. આમ, જ્ઞાન-જ્ઞેય અપેક્ષાએ એક-અનેક છે. આ એકાનેકપણું એ પ્રભુની વિશિષ્ટતા છે. એકપણું તેમજ અનેકપણું બંનેને એક સાથે પોતામાં રાખનાર એવું આશ્ચર્યકારી અનેકાંત સ્વરૂપ પ્રભુ, આપે જ બતાવ્યું છે. તેથી જ આપણે 'તુમ તરણતારણ ભવનિવારણ' સ્તુતિમાં કહીએ છીએ,

**"જો એકમાંહી એક રાજત, એકમાંહિ અનેકનો;**
**ઈક અનેકકી નહીં સંખ્યા, નમૂં સિદ્ધ નિરંજનો."**

**૧૪. જ્ઞાનસ્વરૂપ :** હે ભગવન્ ! તમને જ્ઞાન-

સ્વરૂપ કહેવામાં આવે છે, કારણ કે તમે જ્ઞાનાવરણીય આદિ કર્મનો ક્ષય કરીને અનંત જ્ઞાનને પામેલા છો. સાક્ષાત્ જ્ઞાનસ્વરૂપ કહેતા તમારું સર્વજ્ઞપણું પ્રત્યક્ષ થાય છે. આત્મામાં અનંત ગુણો છે છતાં તેમાં પ્રધાનતા જ્ઞાનગુણની છે. માનતુંગાચાર્ય કહે છે કે આપના જ્ઞાનમાં ત્રણેય લોક સમયે સમયે પ્રતિબિંબિત થાય છે. આપનાથી કાંઈ જ રહસ્ય બાકી નથી માટે આપ જ્ઞાનસ્વરૂપ છો. હે પ્રભો ! દરેક આત્મા જ્ઞાનસ્વરૂપ છે પણ આપ પૂર્ણ વિશુદ્ધ પવિત્ર જ્ઞાન સ્વરૂપ છો.

**૧૫. અમલ :** હે ભગવન્ ! તમને અ (= નહિ) મલ (= મળ = દોષ) એટલે મળ રહિત કહેવામાં આવે છે કારણ કે તમારામાં દોષરૂપી કોઈ મેલ (આવરણ, અશુદ્ધિ) રહેલ નથી. તમે નીચેના ૧૮ દોષથી રહિત છો :

૧. દાનાન્તરાય, ૨. લાભાન્તરાય, ૩. વીર્યાન્તરાય, ૪. ભોગાન્તરાય, ૫. ઉપભોગાન્તરાય, ૬. હાસ્ય, ૭. રતિ, ૮. અરતિ, ૯. ભય, ૧૦. શોક, ૧૧. જાુગુપ્સા, ૧૨. કામ (વેદ, વિકાર), ૧૩. મિથ્યાત્વ, ૧૪. અજ્ઞાન, ૧૫. નિદ્રા, ૧૬. અવિરતિ, ૧૭. રાગ અને ૧૮. દ્વેષ.

કેવળજ્ઞાનને આવરણ કરનાર કર્મરૂપી જાળથી પ્રભુ રહિત બન્યા છે તે સુચવવા તેમને નિર્મળ કહ્યા છે. પૂર્ણજ્ઞાન ત્યારે જ થાય કે જ્યારે જીવાત્મામાંથી મોહ (મિથ્યાત્વ, રાગ અને દ્વેષ)ની મલિનતા નષ્ટ થઈ જાય અને પૂર્ણરૂપે શુદ્ધ બને. પ્રભુ ! આપે મોહનો નાશ કર્યો અને કામવિજેતા બન્યા તેથી નિર્મળ છો. કષાય-કલંકથી રહિત આપ પવિત્ર છો. અહો ! જ્ઞાનનો પાર નહિ (અનંત)ને રાગ જરાય નહિ, જ્ઞાનની પૂર્ણતા અને રાગની શૂન્યતા એવું આપનું સ્વરૂપ અમારા આત્માના શુદ્ધ સ્વરૂપને દર્શાવે છે.

આ શ્લોક-૨૪માં માનતુંગાચાર્યે પ્રભુના વિશિષ્ટ ગુણોયુક્ત ૧૫ વિશેષણો **અસ્તિ**થી કહ્યા. શાસ્ત્રોમાં બીજી અપેક્ષાએ પ્રભુના ૧૫ ગુણો **નાસ્તિ**થી નીચે પ્રમાણે કહ્યાં છે :

૧. અવર્ણે, ૨. અગંધે, ૩. અરસે, ૪. અફાસે, ૫. અમૂર્તિ, ૬. અવિનાશી, ૭. ભૂખ નહીં, ૮. દુઃખ નહીં, ૯. રોગ નહીં, ૧૦. શોક નહીં, ૧૧. જન્મ નહીં, ૧૨. જરા નહીં, ૧૩. મરણ નહીં, ૧૪. કર્મ નહીં, ૧૫. કાયા નહીં.

**પ્રશ્ન :** અત્રે એ પ્રશ્ન થઈ શકે કે ભૂતકાળ અનાદિ છે, ભવિષ્યકાળ અનંત છે, આકાશક્ષેત્ર અનંત છે તો સર્વજ્ઞ જિનેશ્વર પ્રભુ 'અનાદિ-અનંત'ને કઈ રીતે જાણે ?

**ઉત્તર :** તેનું સમાધાન એ છે કે સર્વજ્ઞની શક્તિ અચિંત્ય અને અદ્ભુત છે. આકાશ પ્રદેશોની અનંતતા કરતા જ્ઞાનશક્તિની અનંતતા મહાન અને અનંતગુણી છે (આગળ ઉપર સમજાવેલ છે). જ્ઞાનની અનંત ગંભીરતામાં આકાશનું અનંતપણું કે કાળનું અનાદિ-અનંતપણું સમાઈ જાય છે (જ્ઞેયપણે). અનંત આકાશ અને અનાદિ-અનંત કાળ, જ્ઞાનમાં પરિપૂર્ણ જણાઈ જવા છતાં તે કાંઈ આદિ-અંતવાળા થઈ જતાં નથી. 'અનાદિ' અનાદિરૂપે રહીને અને 'અનંત' અનંતરૂપે રહીને જ્ઞાનમાં જ્ઞેયરૂપે જણાઈ જાય છે. અનાદિની શરૂઆત ક્યારે થઈ એવો પ્રશ્ન સ્વવચન-વિરોધી છે (દા.ત. : "મારા મોંઢામાં જીભ નથી" એમ બોલવું, "મહાવીર મિષ્ટાન્ન ભંડાર" કહેવું, "મારુતી મેરેજ બ્યુરો" કહેવો વગેરે). સર્વજ્ઞનું સ્વરૂપ ઘણું ગંભીર છે અને બુદ્ધિજન્ય તર્કથી તેનો પાર પમાતો નથી. અનંત જ્ઞાન સામર્થ્યની પ્રતીતિ કરવા જતા જ્ઞાન અતીન્દ્રિય અને નિર્વિકલ્પ થઈ જાય છે.

સંખ્યાની વાત આવતા તેનો વિજ્ઞાન અને ધર્મશાસ્ત્રો સાથેનો સંબંધ અને અપેક્ષા પ્રાસંગિક હોવાથી સંક્ષિપ્તમાં સમજી લઈએ. વિજ્ઞાનમાં સંખ્યાના બે જ પ્રકાર છે : એક તો સંખ્યાત કે જે

નિશ્ચિત હોય, ગણી શકાય અને જેના પર ગાણિતીક કાર્યવાહી (સરવાળા-બાદબાકી-ગુણાકાર-ભાગાકાર) થઈ શકે. બીજું અનંત કે જે અનિશ્ચિત, અગણ્ય તથા ગાણિતીક કાર્યવાહી વિહીન છે. અનંત તો વિજ્ઞાન અને ગણિતની મર્યાદારૂપ એક સીમાચિહ્ન જ છે.

બીજી બાજુ ધર્મશાસ્ત્રોમાં (જુઓ ચોથો કર્મગ્રંથ, ગાથા ૭૧-૮૬) સંખ્યાના મૂળ ત્રણ પ્રકાર કહ્યા છે : એક સંખ્યાત કે જે ગણી શકાય અને જેનો અંત હોય (શાસ્ત્રોક્ત ઉદા. - દરિયા કિનારે બીચ પર રેતીના કણ), બીજું અસંખ્યાત્ કે જે ગણી ન શકાય પણ તેનો અંત હોય (શાસ્ત્રોક્ત ઉદા.- મહાસમુદ્રના પાણીના ટીપા) તથા ત્રીજું અનંત કે જે ગણી ન શકાય અને તેનો અંત પણ ન હોય (શાસ્ત્રોક્ત ઉદા. - આકાશ). સંખ્યાત એક પ્રકારનું છે, અસંખ્યાત ત્રણ પ્રકારનું છે (પરિત્ત, યુક્ત, નિજપદ) અને અનંત પણ ત્રણ પ્રકારનું છે (પરિત્ત, યુક્ત, નિજપદ). આમ ૭ ભાંગા થયા. દરેકના જઘન્ય-મધ્યમ-ઉત્કૃષ્ટ ગણતા કુલ ૨૧ ભાંગા થયા - ૩ સંખ્યાત્, ૯ અસંખ્યાત, ૯ અનંત.

અત્રે બે અગત્યની બાબત નોંધપાત્ર છે. એક તો ઉત્તરોત્તર કલ્પનાતીત વધતા આંકની આ શાસ્ત્રોક્ત ૨૧ ભાંગાની સીડીમાં વિજ્ઞાન તો હજુ બીજા ભાંગા પર જ છે : વિજ્ઞાનનું સંખ્યાત એટલે શાસ્ત્રોક્ત જઘન્ય સંખ્યાત અને વિજ્ઞાનનું અનંત એટલે શાસ્ત્રોક્ત મધ્યમ સંખ્યાત (અપેક્ષાએ સમજવું). બીજું, શાસ્ત્રોક્ત ૯ પ્રકારના અનંત છે કે જે આપણી સામાન્યબુદ્ધિ અને તર્ક બહાર છે. નીચે નીચેના અનંત કરતા ઉપર ઉપરના અનંત અનંતગુણા છે. તેથી જ સર્વજ્ઞની અનંત જ્ઞાનશક્તિ, કાળ અને આકાશના અનંત કરતા ઘણી વધારે છે એટલું જ સમજવું અત્રે બસ થઈ પડશે.

અહીં સરળતાથી એ સમજી લઈએ કે અત્રે વિજ્ઞાનની વિરાધના કે ધર્મશાસ્ત્રોની ધુરંધરતાનો આશય નથી. ધર્મ અને વિજ્ઞાન અનુક્રમે આપણી માથે અને સાથે જ છે. આધુનિક સમયમાં રોજીંદા જીવનને સાધનો-સગવડોથી સરળ અને કાર્યદક્ષ બનાવવામાં વિજ્ઞાનનો અમૂલ્ય ફાળો છે. વળી વિજ્ઞાન અને ધર્મશાસ્ત્રો વચ્ચે કોઈ વિરોધાભાસ નથી, માત્ર સમયનો જ ફેર છે. ધર્મશાસ્ત્રોની અપેક્ષાએ વિજ્ઞાન હજુ પા-પા પગલી ભરતા બાળ જેવું છે. એટલે કે ધર્મશાસ્ત્રોમાં કહેલ અનેક બાબતોને વિજ્ઞાન ધીરેધીરે (સદીઓના વહેવા સાથે) સમજીને સ્વીકારી રહ્યું છે, જેમકે વનસ્પતિમાં જીવ, પાણીના એક ટીપામાં ૩૬૦૦૦+ ત્રસ જીવો, દેહથી ભિન્ન આત્માનું અસ્તિત્વ, વિમાન અને વાયરલેસ, અણું-પરમાણુંની સૂક્ષ્મતા તથા અનંતશક્તિ, મૂળપદાર્થ - દ્રવ્યોની અવિનાશીતા, બ્રહ્માંડમાં પદાર્થો - તેમની સંખ્યા - તેમનું કદ - તેમના લાખો પ્રકાશવર્ષના અંતરોની સ્થૂળતા, વગેરે. ફેર એટલો જ છે કે બંને સાચા અને એક જ પથ પર હોવા છતાં ધર્મશાસ્ત્રો કરતા વિજ્ઞાન ઘણું પાછળ છે. અહીં કોઈ પક્ષ લેવાની વાત નથી પણ વાસ્તવિકતા જ આમ છે.

અંતમાં, સર્વ જીવ આત્મા, પરમાત્માનું સ્વરૂપ અને ગુણો સમજીને પોતાનું શુદ્ધ-સિદ્ધ સ્વરૂપ પ્રગટાવે તેવી મંગલ ભાવના સાથે, જિનવાણીથી વિપરીત કાંઈ લખાયું હોય તો ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ્.

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

॥ શ્રી સદ્ગુરુચરણાર્પણમસ્તુ ॥

**જેમ કરુણાભાવને ધરાવતો વૈદ્ય લોકોને યોગ્ય પ્રકારની ઔષધિ આપીને શાતા આપે છે, તેમ સત્‌ધર્મ અને સદ્‌ગુરુ સંસારરોગથી પીડિત લોકોને નિષ્કારણ કરુણાથી પ્રેરાઈને કલ્યાણના માર્ગે વાળે છે.**

# સમ્યક્જ્ઞાન

બા.બ્ર.શ્રી સુરેશજી

(ગતાંકથી ચાલુ...)

**★ સમ્યક્જ્ઞાન પ્રાપ્તિના સાધન : પ્રમાણ તથા નય, નિક્ષેપ :** વસ્તુનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરવું તે સમ્યક્જ્ઞાન કહેવાય છે. તેનું સાધન પ્રમાણ તથા નય છે. વાસ્તવમાં પ્રમાણ તથા નય જ્ઞાનથી ભિન્ન કોઇ વસ્તુઓ નથી, પરંતુ આ જ્ઞાનની જ વિશિષ્ટ અવસ્થાઓ છે. જે જ્ઞાન દ્વારા વસ્તુને પરિપૂર્ણ રૂપથી જાણી શકાય છે તેને પ્રમાણ કહે છે તથા જે જ્ઞાન દ્વારા વસ્તુને આંશિકરૂપથી જાણી શકાય છે તેને નય કહે છે. તેનું સંક્ષિપ્ત વિવેચન નીચે મુજબ છે :-

**★ પ્રમાણ :** ''तत्प्रमाणे'' આ આગમસૂત્ર અનુસાર તે જ્ઞાન જ પ્રમાણ છે એવું કહ્યું છે. જ્ઞાન જ પદાર્થનું જ્ઞાન કરી તેને પ્રમાણિત કરી શકે છે. તેથી જ્ઞાન સિવાય તેનાથી ભિન્ન કોઇ પ્રમાણનો સંભવ નથી. તે પ્રમાણજ્ઞાનના બે ભેદ છે :- (૧) પ્રત્યક્ષ જ્ઞાન (૨) પરોક્ષ જ્ઞાન. જે જ્ઞાન ઇન્દ્રિયો તથા મનની સહાયતા વિના જ પદાર્થને જાણી લે છે તેને પ્રત્યક્ષ પ્રમાણજ્ઞાન કહે છે. અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન તથા કેવળજ્ઞાન પ્રત્યક્ષ પ્રમાણ છે. તેમનું વિસ્તૃત વિવેચન જ્ઞાનતત્ત્વમાં કર્યુ છે. વિશેષ એટલું જ કે તેમાં પણ અવધિજ્ઞાન તથા મનઃપર્યયજ્ઞાન દેશ પ્રત્યક્ષ છે તથા કેવળજ્ઞાન સકલ પ્રત્યક્ષ પ્રમાણ છે. દેશ પ્રત્યક્ષનો અર્થ એ છે કે આ જ્ઞાન પદાર્થને સંપૂર્ણ રીતે જાણે છે પરંતુ તે પદાર્થની ભૂત તથા ભાવિ પર્યાયોને સંપૂર્ણ રીતે જાણતું નથી. માટે તેને દેશ પ્રત્યક્ષ કહે છે તથા કેવળજ્ઞાન પદાર્થને ભૂત-ભાવિ પર્યાયો સહિત સર્વ પ્રકારે જાણે છે. તેથી તેને સકલ પ્રત્યક્ષ કહે છે.

જે જ્ઞાન ઇન્દ્રિયો તથા મનની સહાયતાથી પદાર્થને જાણે છે તેને પરોક્ષ જ્ઞાન કહે છે. મતિજ્ઞાન તથા શ્રુતજ્ઞાન પરોક્ષજ્ઞાનની ગણનામાં આવે છે. વિશેષ એટલું કે ઇન્દ્રિયોના માધ્યમથી વિષય-વિષયીના પ્રત્યક્ષ સન્નિકર્ષથી જે પદાર્થનું જ્ઞાન થાય છે તેને વ્યવહારથી સાંવ્યાવહારિક પ્રત્યક્ષ જ્ઞાન કહ્યું છે. કારણ કે લોકમાં ચર્મ ચક્ષુઓથી ઇન્દ્રિયો પ્રત્યક્ષ પદાર્થને જાણે છે એવું દેખવામાં તથા માનવામાં આવે છે, પરંતુ વાસ્તવમાં તે પણ ઇન્દ્રિયાધીન હોવાથી પરોક્ષ જ છે.

ઉપરોક્ત પાંચ પ્રકારના જ્ઞાન જ્યારે સંશય, વિમોહ તથા વિભ્રમ દોષોથી રહિત હોય છે ત્યારે તે સમ્યક્જ્ઞાન એવું નામ પામે છે. આ ત્રણ દોષોનું મૂળ મિથ્યાત્વ ગ્રંથિ છે. તેનો નાશ થતાં જ જ્ઞાન સમ્યક્ સંજ્ઞાને પ્રાપ્ત કરે છે. કેવળજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન તથા સર્વાવધિ અને પરમાવધિ જ્ઞાન આ બધા તો નિયમથી સમ્યક્ જ્ઞાન જ હોય છે. કારણ કે તે તો સમ્યક્ત્વ થયા પછી જ પ્રગટ થાય છે. દેશાવધિ, મતિજ્ઞાન તથા શ્રુતજ્ઞાન આ બધા સમ્યક્ત્વ થતા સુઅવધિ, સુમતિ તથા સુશ્રુત નામ પામતા સમ્યક્જ્ઞાન રૂપે પ્રગટ થાય છે તથા મિથ્યાત્વના સદ્ભાવમાં કુમતિ, કુશ્રુત, કુઅવધિ નામ પામતા મિથ્યાત્વરૂપ પરિણમે છે.

**★ નય :** ''પદાર્થને આંશિક કે પક્ષ વિશેષથી જાણવું તેને નય કહેવાય છે.'' નય પણ વાસ્તવમાં જ્ઞાનથી ભિન્ન બીજી કોઇ વસ્તુ નથી. પરંતુ તે જ્ઞાનની એક અપૂર્ણ અવસ્થા છે, જે પદાર્થને કોઇ વિશેષ દૃષ્ટિથી જાણે છે. આમાં પદાર્થને મુખ્યતા તથા ગૌણતાથી જાણવામાં આવે છે. આમાં જે વિવક્ષિત વિષય હોય છે તેની પ્રધાનતાથી કથન કરવામાં આવે છે, પરંતુ સાથે સાથે અવિવક્ષિત સ્વરૂપનો નિષેધ કરાતો નથી માત્ર તેને તત્કાલ ગૌણ કરવામાં આવે છે. **અર્થાત્ સાપેક્ષરૂપથી પદાર્થનું જ્ઞાન કરવું તે નય**

**કહેવાય છે.** નય અનંત પ્રકારના છે કારણ કે પદાર્થના જેટલા ધર્મ છે તે ગુણધર્મોને જાણવાની દૃષ્ટિઓ પણ એટલી જ સંભવિત છે. પરંતુ અધ્યાત્મભાષામાં મુખ્ય બે નય કહ્યાં છે :- (૧) નિશ્ચયનય (૨) વ્યવહારનય. તેનું સંક્ષેપમાં વિવરણ આ પ્રમાણે છે :

**[૧] નિશ્ચયનય :-**

જે પદાર્થના વાસ્તવિક સ્વરૂપને ગ્રહણ કરે છે તેને નિશ્ચયનય કહે છે. આમાં બે કે વધારે જાતિના પદાર્થોના મિશ્રિતરૂપનું કથન ન કરતાં એક દ્રવ્યવિશેષનું જ કથન કરવામાં આવે છે. અર્થાત્ એક જ પદાર્થથી સંબંધિત સર્વ કથન નિશ્ચયનયના અંતર્ગત આવે છે. જેમ કે હું જ્ઞાન-દર્શન સ્વભાવી આત્મા છું ઇત્યાદિ. આ પણ બે પ્રકારે છે :-

**(અ) શુદ્ધનિશ્ચયનય :** પદાર્થના ત્રૈકાલિક શુદ્ધસ્વરૂપનું કથન કરવું કે જ્ઞાન કરવું તે શુદ્ધ નિશ્ચયનયના અંતર્ગત આવે છે. જેમ કે સર્વ વિભાવોથી રહિત હું શુદ્ધ, બુદ્ધ, ચૈતન્યસ્વભાવી આત્મા છું. આ શુદ્ધ નિશ્ચયનયનું કથન છે.

**(બ) અશુદ્ધનિશ્ચયનય :** પદાર્થની તાત્કાલિક અશુદ્ધ અવસ્થા વિશેષનું કથન અશુદ્ધનિશ્ચયનયના અંતર્ગત આવે છે. જેમ કે હું ક્રોધાદિ સ્વરૂપ આત્મા છું. આ કથન અશુદ્ધનિશ્ચયનયનું છે. નિશ્ચયથી ક્રોધાદિભાવ આત્માના જ છે, પરંતુ ત્રૈકાલિક શુદ્ધ આત્મસ્વરૂપના નથી, પણ નિમિત્તજન્ય વિભાવ છે તેથી અશુદ્ધ છે.

વિશેષ એટલું જ કે નિશ્ચયનયના અંતર્ગત એક પરમ શુદ્ધ નિશ્ચયનય પણ માનવામાં આવે છે, જે ગુણ-ગુણીના ભેદ તથા કર્તા-ભોક્તાપણાથી રહિત શુદ્ધ સત્તામાત્રની વાત કરે છે. અર્થાત્ દ્રવ્યની સત્તા માત્રનું કથન કરનાર પરમ શુદ્ધ નિશ્ચયનય કહેવાય છે. જેમ કે હું એક ચેતનસત્તા છું.

**[૨] વ્યવહારનય :-**

જે બે કે બે થી વધારે દ્રવ્યો વચ્ચે સંબંધનું નિરૂપણ કરે છે તેને વ્યવહારનય કહેવાય છે. અર્થાત્ આમાં પદાર્થની મિશ્રઅવસ્થાનું કથન હોય છે. જેમ કે જીવદ્રવ્ય અને અજીવ દ્રવ્ય વચ્ચેનો સંબંધ બતાવવો કે આ શરીર મારું છે, જ્ઞાનાવરણાદિ કર્મ મારા છે. સમયના કારણે પદાર્થોની અવસ્થાઓ બદલાય છે. ધર્માસ્તિકાયના કારણે હું ગતિ કરું છું ઇત્યાદિ કથન વ્યવહારનયના અંતર્ગત આવે છે. અર્થાત્ જે વાસ્તવિક નથી તેને કહેવું વ્યવહારનય કહેવાય છે. વિશેષ ધ્યાન આપવા બાબત એ છે કે એક જ પદાર્થને જ્યારે ગુણ-ગુણી ભેદરૂપે કહેવામાં આવે છે તે પણ વ્યવહારનયના અંતર્ગત માનવામાં આવે છે. અર્થાત્ એક જ પદાર્થની વિભિન્ન ભેદરૂપ અવસ્થાઓના સંબંધમાં કહેવું તે પણ વ્યવહારનય કહેવાય છે. ઉપરોક્ત સ્વરૂપવાળા વ્યવહારનયના બે ભેદ છે તથા તેમાં પણ પ્રત્યેકના બે - બે પ્રભેદ છે, જે આ પ્રમાણે છે :

**(અ) સદ્ભૂત વ્યવહારનય :** પદાર્થમાં ગુણ-ગુણીના ભેદરૂપને ગ્રહણ કરવું સદ્ભૂત વ્યવહારનય છે. જેમ કે જ્ઞાન-દર્શનાદિ આત્માના ગુણ છે એમ કહેવું. સદ્ભૂત શબ્દ પદાર્થની સાથે તાદાત્મ્ય સંબંધને અભિવ્યક્ત કરે છે તથા વ્યવહાર શબ્દ તે પદાર્થ તથા તે ગુણના વચ્ચે ભેદ સંબંધને બતાવે છે. અર્થાત્ તે ગુણને પદાર્થથી પૃથક કરી અભિવ્યક્ત કરે છે. જેમ કે "જ્ઞાન આત્માનો ગુણ છે" આ કથનમાં જ્ઞાનનો આત્મા સાથે તાદાત્મ્ય સંબંધ છે એવું બતાવ્યું તથા જ્ઞાનને અન્ય ગુણોથી પૃથક્ કરીને બતાવ્યું. આ રીતે આ સદ્ભૂત વ્યવહારનયનો વિષય થયો. વિશેષ એટલું જ કે આમાં સ્વભાવ-વિભાવની અપેક્ષા વિના જ કથન કરવામાં આવે છે. આના પણ બે પ્રભેદ છે :-

(i) **ઉપચરિત સદ્ભૂત વ્યવહારનય :** આમાં પદાર્થના ઉપાધિસહિત ગુણ અર્થાત્ વિભાવ અવસ્થારૂપ ગુણ તથા પર્યાયને ભેદરૂપ ગ્રહણ કરવામાં આવે છે અર્થાત્ સૌપાધિક ગુણ-ગુણીનો સંબંધ બતાવવો તે ઉપચરિત સદ્ભૂત વ્યવહારનય કહેવાય છે. જેમકે "મતિજ્ઞાન આત્માનો ગુણ છે" આ

ઉપચરિત સદ્ભૂત વ્યવહારનયનું કથન છે. અહીં ઉપચરિત શબ્દથી તાત્પર્ય સોપાધિક અવસ્થાથી છે અર્થાત્ મતિજ્ઞાન આત્માની સ્વાભાવિક અવસ્થા ન હોઇને કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થાય છે તથા ત્રૈકાલિક અવસ્થા પણ નથી. તેથી ઉપચરિત કહ્યું તથા આત્માના જ્ઞાનની જ પર્યાય છે અર્થાત્ આત્મા સાથે તેનું તાદાત્મ્ય છે અર્થાત્ મતિજ્ઞાન પર્યાય તથા આત્મામાં પ્રદેશભિન્નતા નથી તેથી સદ્ભૂત કહ્યું તથા મતિજ્ઞાનને પૃથક્ કરીને બતાવ્યું એટલે વ્યવહાર શબ્દ લગાવ્યો. આ રીતે ઉપચરિત સદ્ભૂત વ્યવહારનય થયો.

(ii) **અનુપચરિત સદ્ભૂત વ્યવહારનય :** નિરૂપાધિક અર્થાત્ શુદ્ધ અવસ્થારૂપ ગુણ-ગુણીના ભેદનો સ્વીકાર કરવો અનુપચરિત સદ્ભૂત વ્યવહારનય કહેવાય છે. જેમ કે કેવળજ્ઞાન આત્માનો ગુણ છે. અહીં કેવળજ્ઞાન પ્રગટ થયા પછી સદૈવ શુદ્ધરૂપ ત્રિકાળમાં રહે છે તેથી અનુપચરિત શબ્દ કહ્યો તથા કેવળજ્ઞાનનો આત્મા સાથે તાદાત્મ્ય સંબંધ છે તેથી સદ્ભૂત શબ્દ લગાવ્યો અને કેવળજ્ઞાનને પૃથક્રૂપથી બતાવ્યું તેથી વ્યવહાર શબ્દ લગાવ્યો. આ રીતે અનુપચરિત સદ્ભૂત વ્યવહારનયનું કથન થયું.

**(બ) અસદ્ભૂત વ્યવહારનય :** ભિન્ન પદાર્થોનો એકબીજા સાથે સંબંધ બતાવવો તેને અસદ્ભૂત વ્યવહારનય કહેવાય છે અથવા ભિન્ન પદાર્થોને અભેદરૂપથી ગ્રહણ કરવા તેને અસદ્ભૂત વ્યવહારનય કહે છે. જેમ કે દેહ, કર્મ આદિ સહિત જીવને આ હું છું એમ કહેવું. આમાં દેહ, કર્માદિનો આત્મા સાથે તાદાત્મ્ય સંબંધ નથી તેથી અસદ્ભૂત કહ્યું તથા બે ભિન્ન પદાર્થોમાં સંબંધ બતાવ્યો માટે વ્યવહાર કહ્યો. આના પણ બે પ્રભેદ છે :-

(i) **અનુપચરિત અસદ્ભૂત વ્યવહારનય :** સંશ્લેષ સંબંધ સહિત બે ભિન્ન પદાર્થોને અભેદરૂપથી ગ્રહણ કરવા કે તેમાં સંબંધ બતાવવો અનુપચરિત અસદ્ભૂત વ્યવહારનય છે. જેમ કે "આ શરીર મારું છે" એવું કહેવું અનુપચરિત અસદ્ભૂત વ્યવહારનય છે. આમાં દેહ તથા આત્મા વચ્ચે એકક્ષેત્રાવગાહરૂપ સંશ્લેષ સંબંધ છે માટે અનુપચરિત કહ્યો તથા બન્ને વચ્ચે તાદાત્મ્ય સંબંધ નથી તેથી અસદ્ભૂત કહ્યો અને બે ભિન્ન દ્રવ્યોને ગ્રહણ કર્યા એટલે વ્યવહાર કહ્યો.

(ii) **ઉપચરિત અસદ્ભૂત વ્યવહારનય :** એકક્ષેત્રાવગાહરૂપ સંશ્લેષ સંબંધથી રહિત બે ભિન્ન પદાર્થોને અભેદરૂપથી ગ્રહણ કરવા કે તેમનો સંબંધ સ્થાપિત કરવો તેને ઉપચરિત અસદ્ભૂત વ્યવહારનય કહે છે. જેમ કે, "આ ઘર મારું છે" એવું કહેવું - ઉપચરિત અસદ્ભૂત વ્યવહારનય કહેવાય છે. આમાં ઘર સ્પષ્ટ ભિન્ન એકક્ષેત્રાવગાહ રહિત છે. તેથી ઉપચરિત કહ્યું તથા ઘર અને આત્માનો તાદાત્મ્ય સંબંધ નથી તેથી અસદ્ભૂત કહ્યો અને બે ભિન્ન પદાર્થોને એક સાથે ગ્રહણ કર્યા તેથી વ્યવહાર કહ્યો. આ રીતે ઉપચરિત અસદ્ભૂત વ્યવહારનય થયો.

આ રીતે સંક્ષેપમાં નિશ્ચય તથા વ્યવહારનયનું નિરૂપણ કર્યું છે. આને જ પ્રકારાન્તરથી દ્રવ્યાર્થિકનય તથા પર્યાયાર્થિકનય પણ કહે છે. અર્થાત્ જે નય દ્રવ્ય-ગુણ પર્યાય સહિત અભેદ પદાર્થને ગ્રહણ કરે તેને દ્રવ્યાર્થિકનય કહેવાય છે અને જે અવસ્થા વિશેષરૂપ માત્ર પર્યાયની મુખ્યતાથી પદાર્થને ગ્રહણ કરે છે તેને પર્યાયાર્થિકનય કહે છે. વિશેષ એટલું કે **"આત્માના સ્વરૂપને વિશેષો સહિત જાણવા માટે પર્યાયાર્થિકનયની ઉપાદેયતા છે તથા અભેદ અખંડ આત્મસ્વરૂપની અનુભૂતિ માટે દ્રવ્યાર્થિકનય દષ્ટિની આવશ્યકતા છે. બન્ને પોત-પોતાના સ્થાને સાચા છે. બન્નેના સુસમન્વયથી જ પદાર્થનું સાચું જ્ઞાન, શ્રદ્ધાન, આચરણ સંભવે છે અને આ જ સાચો મોક્ષમાર્ગ છે."**

**(ક્રમશઃ)**

# આત્માની પ્રકાશ શક્તિ (૧૨)

વલભજી હીરજી 'કેવલ'

આ જ્ઞાનસ્વરૂપ આત્મામાં એક પ્રકાશ શક્તિ છે. આ શક્તિના બળથી આત્મા પરની સહાય વગર રાગ વગર પોતે પોતાને સ્પષ્ટ પ્રકાશે છે, ને સ્વાનુભવ કરે છે. આ શક્તિનો અચિંત્ય મહિમા છે. આ આત્મા ચૈતન્ય પ્રકાશી દીવો પોતે જ પોતાને સ્વસંવેદનમાં પ્રકાશી રહ્યો છે. જ્ઞાન પોતે જ પોતાને પ્રકાશી રહ્યું છે કે હું જ્ઞાન છું - આ રીતે આત્મા સ્વયં પ્રકાશમાન છે. એને પ્રકાશવા માટે બીજા જ્ઞાનની જરૂર નથી પડતી, આત્મા ઉપયોગ સ્વરૂપ છે. રાગથી ને ઈન્દ્રિયોથી પાર એવા અન્તર્મુખ ઉપયોગ વડે તો આત્મા પોતે પોતાને સાક્ષાત્ અનુભવે છે અને એ અનુભવમાં પરમ આનંદ થાય છે. આવો સાક્ષાત્ અનુભવ કરવો તે પ્રકાશ શક્તિનું કાર્ય છે. રાગાદિ આસ્રવોમાં એવી તાકાત નથી કે પોતે પોતાને પ્રકાશે. જ્ઞાનને ખબર છે કે હું જ્ઞાન છું ને આ રાગ છે, એમ સ્વ-પર બંનેને પ્રકાશનારું જ્ઞાન જ છે. આવું સ્વયં પ્રકાશીપણું એ આત્માનો વૈભવ છે. આત્માની એ સાચી સંપદા છે.

સ્વયં પ્રકાશમાન અને સ્પષ્ટ એવું આત્માનું સ્વસંવેદન શ્રુતજ્ઞાન વડે થઈ શકે છે ને એવું સ્વસંવેદન કરે ત્યારે જ સાચું આત્મજ્ઞાન થાય છે ને ત્યારે જ ધર્મ થાય છે. એ સ્વસંવેદનમાં અતીન્દ્રિય આનંદ ઝરે છે. અનંતગુણની નિર્મળતા તેમાં પરિણમે છે. વ્યવહારના અવલંબને આત્મા જણાય નહિ. સ્વપ્રકાશથી આત્મા પ્રકાશમાન થાય છે એટલે કે અનુભવમાં આવે છે. સ્વસંવેદન વડે આત્માને પ્રત્યક્ષ કરવાની મતિ-શ્રુતજ્ઞાનમાં પણ તાકાત છે. આત્માનો આનંદ પુણ્ય-પાપ વગરનો છે, તેમાં રાગ-દ્વેષ નથી. આવા આનંદસ્વરૂપ આત્માને સ્વસંવેદનથી જ અનુભવી શકાય છે.

સમ્યગ્દર્શન થાય ત્યાં આત્મા સ્વસંવેદનમાં પ્રત્યક્ષ થઈ જાય છે. પ્રત્યક્ષપણાનો સ્વભાવ છે. પરોક્ષપણું રહે એવો આત્માનો સ્વભાવ નથી. પ્રકાશશક્તિના આધારે તે કાર્ય થાય છે. પ્રકાશશક્તિરૂપ નિજગુણનું કાર્ય તો એ છે કે રાગ વગર સીધું જ્ઞાન પોતે આત્માને વેદે ને અનંત આનંદ પ્રગટે છે. તે આત્મા અંતર્મુખ જ્ઞાનનો વિષય છે.

સંખ્યાથી ને સામર્થ્યથી બંને રીતે અમાપ શક્તિનો સમુદ્ર આત્મા છે. અભેદ અનુભવમાં બધી શક્તિઓ એકીસાથે આવી જાય. પ્રકાશશક્તિને લીધે આત્મામાં એવો સ્વભાવ છે કે પોતે પોતાના સ્વસંવેદનથી જ પ્રત્યક્ષ થાય. દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરતાં આવું સ્વસંવેદન પ્રગટે છે ને સમ્યગ્દર્શન થાય છે. પ્રકાશગુણમાં એવી તાકાત છે કે તે પરિણમીને સ્વસંવેદનમાં આત્માને પ્રત્યક્ષ કરે.

આત્મા દિવ્ય વસ્તુ છે. એની એકેક શક્તિમાં દિવ્યતા છે. જ્ઞાનમાં એવી દિવ્યતા છે કે કેવળજ્ઞાન આપે. શ્રદ્ધામાં એવી દિવ્યતા છે કે ક્ષાયિક સમ્યક્ત્વ આપે. આનંદમાં એવી દિવ્યતા છે કે અતીન્દ્રિય આનંદ આપે. પ્રકાશશક્તિમાં એવી દિવ્ય તાકાત છે કે બીજાની અપેક્ષા વગર પોતાના જ સ્વસંવેદન વડે આત્માને પ્રત્યક્ષ કરે.

સ્વયં પ્રકાશમાન એવા આત્મસ્વભાવનું ભાન થતાં પર્યાયમાં તેનું પરિણમન પ્રગટે એટલે કે સ્વ-સંવેદન થાય. ગુણી એવા સ્વભાવના આશ્રયે તેનું વેદન થાય છે. કોઈ નિમિત્તના, પરના, રાગના કે ગુણભેદના આશ્રયે તેનું વેદન થતું નથી. વર્તમાન પર્યાય અંતરમાં તન્મય થઈને આખાય સ્વભાવને સ્વસંવેદનમાં લઈ લે છે એવી તેની અદ્ભુતતા છે, ને તેની સાથે પ્રશાંત આનંદરસ પણ ભેગો છે. આ રીતે જ્ઞાન ભાવમાં પ્રકાશશક્તિનું સ્પષ્ટ સ્વસંવેદનરૂપ કાર્ય પણ સ્વયં પ્રકાશે છે. **(ક્રમશઃ)**

# મારું શું ?

**આચાર્ય શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મ.સા.**

માનવ 'મારું'ની સંવેદનામાં જીવન પસાર કરી દેતો હોય છે. આ 'મારું'હકીકતમાં શું છે ? દુન્યવી દૃષ્ટિએ 'મારું'ના ત્રણ માપદંડ હોઈ શકે.

(૧) **સાન્નિધ્ય :** જે મારી પાસે હોય, એ મારું. મારા ખિસ્સામાં બે હજાર રૂપિયા હોય, એ મારા. પણ આ માપદંડ સાચું નથી. બૅંકમાં મોકલેલ મારા નોકરના ખિસ્સામાં પણ મારા બે હજાર રૂપિયા હોઈ શકે છે. નોકરનું અને એ રૂપિયાનું સાન્નિધ્ય તો છે, પણ એ રૂપિયા એના નથી. વળી, મારા ખિસ્સામાં રહેલા રૂપિયા પણ ક્યાંક પડી જાય, ચોરાઈ જાય વગેરે શક્યતાઓ છે. માટે હકીકતમાં એમનું સાન્નિધ્ય શાશ્વત તો નથી. દીર્ઘજીવી પણ નથી. કાળની આ અનંતયાત્રામાં મારો ને એનો સંયોગ નહિવત્ છે. એમ કહી શકાય કે છે જ નહીં, માટે એ રૂપિયા મારા નથી.

(૨) **સ્વામિત્વ :** જેને હું ખરીદીને લાવ્યો, જેને હું પરણીને લાવ્યો, એનો હું સ્વામી. એનો હું માલિક. એ મારું. આ માપદંડ પણ સાચું નથી. ધરતીના સ્વામિત્વનો દાવો કરનારા હજારો-લાખો રાજાઓ આવ્યા ને ગયા. ધરતી ત્યાં ને ત્યાં પડી રહી. ધરતીએ, સંપત્તિએ કે ખરીદેલ વસ્તુએ કદી કોઈના સ્વામિત્વનો દાવો સ્વીકાર્યો નથી. એ તો માનવનો ભ્રમ હતો કે એ 'મારું' છે. પત્નીના મૃત્યુ વખતે, સંપત્તિની ઓટ વખતે કે વસ્તુના વિનાશ વખતે માણસને જે શોક થાય છે, ત્યારે હકીકતમાં એના 'સ્વામિત્વ'ના ભ્રમ પર પ્રહાર થતો હોય છે. જેમ જેમ આ ભ્રમ ઓગળતો જાય, તેમ તેમ શોક ઓછો થતો જાય છે. ને આ ભ્રમ શૂન્ય થઈ જાય એટલે શોક સંપૂર્ણપણે જતો રહે છે.

કૂતરાની પણ એક ગલી હોય છે. એની માનેલી. જ્યાં એણે પોતાનું સ્વામિત્વ માની લીધું છે. ત્યાં જે આવશે એના પર એ ભસશે. એને હાંકી કાઢવા માટે બધું જ કરી છૂટશે. 'મારું'ની આંતરક્રિયાની આ બધી પ્રતિક્રિયા હોય છે. પણ એક દિવસ મ્યુનિસિપાલિટીની ગાડી આવે છે, ને બચવા માટે વલખા મારતા એ કૂતરાને ઉપાડી જાય છે. 'ગલી કોની ?' એ ભલે સ્પષ્ટ ન થાય, 'ગલી, એની ન'તી', એટલું સ્પષ્ટ થઈ જાય છે. ફ્લેટ કે બંગલા વગેરેનું આપણું માનેલું સ્વામિત્વ પણ આવું હોય છે. મૃત્યુ આપણને ઉપાડી જાય છે. બધું અહીં રહી જાય છે અને આપણે રવાના થઈ જઈએ છીએ.

(૩) **સ્નેહ :** જે પાસે પણ નથી ને જેના પર માલિકી ય નથી. છતાં પ્રેમથી તેના પર મમત્વ ભાવ છે. અમેરિકા ગયેલો દીકરો પાસેય નથી, ને એ કશું માનતો ન હોવાથી એના પર સ્વામિત્વ પણ નથી, તો એના માટે જે 'મારો' દીકરો એમ કહેવાય છે તે એક કલ્પનાથી વધુ કાંઈ જ નથી. તો ફરી ફરીને આપણે ત્યાં જ આવીને ઊભા છીએ - મારું શું ? ■

## ભોજન લેતાં પૂર્વે કેવી ભાવના ભાવવી ?

૧. નવ વાર શ્રી નવકાર મહામંત્રનું સ્મરણ કરવું.
૨. મધ્યલોકમાં સમસ્ત આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, સાધ્વીજી, એલ્લક, ક્ષુલ્લક, આર્યિકામાતા - સૌને નિરંતરાય આહારની પ્રાપ્તિ થાઓ.
૩. હે પ્રભુ ! મારા ક્ષુધાવેદનીય કર્મનો નાશ થાઓ.
૪. જગતના સમસ્ત જીવોને આહાર-પાણીની સંપ્રાપ્તિ હો.
૫. આજનું આ ભોજન મારા માટે જ્ઞાન-વૈરાગ્યની વૃદ્ધિનું કારણ બને.

# શ્રીમદ્ રાજચંદ્રજી - વિરલ વિભૂતિ

**ભાનુબેન ઘ. શાહ**

(ગતાંકથી ચાલુ...)

માતુશ્રી દેવબા બીમાર હોવાથી શ્રીમદ્ નડિયાદથી વવાણિયા આવેલા. તેમની પાસે જ બેસી રહીને તેમણે તેમની ખૂબ સેવા કરેલી. તે દરમિયાન તેમણે સિદ્ધદશાની ભાવના વ્યક્ત કરતું 'અપૂર્વ અવસર' કાવ્ય માતુશ્રીના ખાટલા પર બેસીને લખેલું.

એક વખત કીલાભાઈ વડોદરામાં ગાયકવાડ સરકારનું ઝવેરાત દેખાડવા શ્રીમદ્‌ને ત્યાં લઈ ગયેલા. ત્યાં એક નવ લાખનો હીરો હતો. તે જોઈને શ્રીમદ્દે કહ્યું કે ''અચિંત્ય જેનું માહાત્મ્ય છે એવા આત્માનો ચળકાટ, ચમત્કાર જીવને ભાસતો નથી અને આવા ચોખ્ખા પથરાનું જીવને માહાત્મ્ય લાગે છે.''

ઝવેરી પ્રાણજીવનભાઈએ સં. ૧૮૯૧માં મહાત્મા ગાંધીજીને શ્રીમદ્‌નો પરિચય કવિ, વેપારી, જ્ઞાની, શતાવધાની વગેરે કહીને કરાવ્યો. ગાંધીજી આડાઅવળા થોડા શબ્દો વાંચી ગયા, તેને યાદ રાખીને શ્રીમદ્ ક્રમશઃ બોલી ગયા. ગાંધીજી ચકિત થયા અને કવિની સ્મરણશક્તિ વિશે ઊંચો અભિપ્રાય બંધાઈ ગયો. ગાંધીજીનો ખ્રિસ્તી ધર્મ સ્વીકારવાનો વિચાર હતો, પણ હિંદુ ધર્મની શંકાઓ શ્રીમદ્‌જી દ્વારા નિર્મૂળ થતાં તેઓ ખ્રિસ્તી બનતા અટકી ગયા. શ્રીમદ્ જે અનુભવતા તે જ લખતા. હરપળે તેમની ક્રિયાઓમાં વૈરાગ્ય ઝળકતો. આહાર, કપડાં વગેરે સાદા હતા. ભાષા એટલી પરિપૂર્ણ હતી કે કોઈ દિવસ તેમને શબ્દ ગોતવો પડયો નથી. આત્માની પ્રસાદી વીતરાગતા તેમનામાં ઠાંસોઠાંસ હતી. તેમનું વાંચન ઘણું વિશાળ હતું. કુરાન, ઝંદ અવસ્તા વગેરેના અનુવાદો પણ તેમણે વાંચ્યા હતા. ગાંધીજીની આધ્યાત્મિક ભીડમાં શ્રીમદ્‌જી તેમના આશ્રય હતા. શ્રીમદ્ જેવા જ્ઞાની, વૈરાગી, ભક્તિવાન ઉત્તમ પુરુષ ગાંધીજીએ જોયા નો'તા. શ્રીમદ્ કહેતા, ''મોક્ષ મેળવવો એટલે સર્વાંશે રાગ-દ્વેષ રહિત થવું.'' સ્વસ્ત્રી પ્રત્યે પણ બ્રહ્મચર્યનું પાલન કરવાનું શ્રીમદ્દે તેમને શીખવેલું. વેપારી હોવા છતાં શ્રીમદ્ વેપારી જેવો નો'તા. વેપાર પત્યા પછી તરત જ પુસ્તક અને કોરાં પાનાં લઈને આત્મજ્ઞાનની ગૂઢ વાતો લખવા બેસી જતા. શ્રીમદ્‌ની સમગ્ર પ્રવૃત્તિ-વાંચન, શુદ્ધ ચારિત્ર્ય, શાસ્ત્રજ્ઞાન વગેરે આત્મદર્શનને ખાતર જ થતી હતી. શ્રીમદ્ પાસેથી ગાંધીજીએ સત્ય-અહિંસાનું બળ સુદૃઢ કરેલું. શ્રીમદ્‌ના લખાણનું વાચન કરી આચરનાર વ્યક્તિને મોક્ષ સુલભ થાય જ. કષાયો મોળા પડે, સંસાર તરફ ઉદાસીનતા આવે, દેહનો મોહ છોડીને તે આત્માર્થી બને એવું થાય જ. ગાંધીજીનો શ્રીમદ્ સાથેનો સંબંધ તેમના મરણાંત સુધીનો હતો. દયાધર્મ ગાંધીજી શ્રીમદ્‌ના જીવનમાંથી શીખ્યા હતા. ખૂની ઉપર પણ પ્રેમ કરવો એ દયાધર્મ કવિશ્રીએ તેમને શીખવેલો. અહિંસા-ધર્મનું કૂંડાં ભરીને પાન શ્રીમદ્દે કરાવેલું. ગાંધીજી શ્રીમદ્‌થી ખૂબ ખુશ હતા.

મણિલાલ રાયચંદ ગાંધીના મનમાં ઉઠતા પ્રશ્નોનો જવાબ તેમને શ્રીમદ્દે આપેલો. શ્રીમદ્ સાથે જમવા બેસવું, એક રોટલી ઘી-સાકર સાથે વધુ ખાવી, શ્રીમદ્‌ની સેવા કરવાની ઈચ્છા વગેરે પણ શ્રીમદ્દે જાણીને પૂરી કરાવેલી.

મુંબઈ નગરી શ્રીમદ્‌ને સ્મશાન સમી લાગતી હતી. મોતીના વેપારમાં મોતી તેમને કાલકૂટ વિષ સમા લાગતા હતા. આધ્યાત્મિક પુરુષને ભૌતિક વસ્તુઓનો મોહ ન જ હોય ને !

વડવામાં શ્રીમદ્‌ના સમાગમ અર્થે લલ્લુજી

મુનિ સહિત છ મુનિ પધારેલા. શ્રીમદ્ સામે લલ્લુજી મહારાજ રડી પડ્યા અને કહ્યું કે, "મારાથી તમારો વિરહ સહન નથી થતો. મને તમારી પાસે રાખો. આ મુહપત્તી પણ નથી જોઈતી. " ત્યારે શ્રીમદ્નું હૃદય પણ રડી ઊઠ્યું અને આંખમાંથી અશ્રુ વહેવા માંડ્યાં.

વડવામાં સં. ૧૯૫૨માં શ્રીમદ્ પધાર્યા ત્યારે તેમણે કહેલું કે અહીં તીર્થ થશે અને અહીં ચંદ્રપ્રભ સ્વામીની સ્થાપના થશે. કૃપાળુદેવે આણંદમાં 'મૂળ મારગ સાંભળો જિનનો રે' તેની રચના કરેલી. આણંદ ધર્મશાળામાં મોતીભાઈ દર્શનાર્થે આવેલા, તેમના મનમાં ચૌદ પ્રશ્નો હતા. શ્રીમદ્દે તેમને પૂછ્યા વગર તેના જવાબો કહ્યા. તેથી તે ભાઈએ "આપ તો પ્રભુ છો" કહીને સ્તવના કરી હતી. તેમને નમસ્કાર કરવાની પણ ના પાડી હતી અને કહ્યું હતું કે, "તમારા નમસ્કાર ચૌદ રાજલોકમાં વેરી નાખજો, અમારે જરૂર નથી."

સં. ૧૯૫૨માં ખંભાતમાં પૂ. પ્રભુશ્રીજીની પ્રેરણાથી શ્રી સોભાગભાઈએ કૃપાળુદેવને વિનંતી કરેલી કે 'છ પદનો પત્ર' યાદ નથી રહેતો. કંઈક ગાવાનું હોય તો મોઢે થાય. તેથી શ્રીમદે ૧ા કલાકમા નડિયાદમાં ૧૪૨ કડીની 'આત્મસિદ્ધિ'ની રચના કરેલી. શરદપૂર્ણિમાને દિવસે જે મેઘબિંદુ છીપમાં પડે તે મોતીરૂપે થાય છે તેમ આ વિનંતી એવા વખતે એવા પુરુષથી થઈ કે શ્રીમદ્ના દિલમાં 'આત્મસિદ્ધિ' રૂપી અમૂલ્ય મોતી ઉત્પન્ન કરવા સમર્થ થઈ. આજે સૌ મુમુક્ષુઓના હૃદયમાં તેમાંની એક એક કડી તેના ગહન ચિંતન સાથે ગુંજે છે.

એક ગાંડો માણસ શ્રીમદ્ની ધર્મસભામાં આવ્યો. શ્રોતાઓ તેને દૂર કરવાનો પ્રયત્ન કરતા હતા. તે શ્રીમદ્ પાસે આવીને શાંત થઈ ગયો અને નમસ્કાર કરવા લાગ્યો.

એક પાટીદાર ભાઈએ શ્રીમદ્ માટે ફૂલ મોકલેલાં. તેમને તેઓએ કહ્યું કે અમસ્તાં જ આટલાં બધાં ફૂલ ન તોડાય. પછી તેમના મનની બધી વાત શ્રીમદ્દે જાણી લીધી. તેઓ દીકરીની બીમારીને કારણે બહારગામ જતા હતા. શ્રીમદ્દે કહ્યું, "ચિંતા ન કરશો. તેને આવતીકાલે આરામ થઈ જશે." અને ખરેખર એમ જ થયેલું.

કાવિઠાના નિશાળિયા શ્રીમદ્ પાસે આવેલા. શ્રીમદ્જીએ તેને કહ્યું કે, "તમારી પાસે છાશનો લોટો અને ઘીનો લોટો બંને હોય અને કોઈનો ધક્કો વાગે તો તમે કયો લોટો સાચવશો ?" છોકરાઓએ કહ્યું, "ઘીનો, કારણ કે છાશ તો કોઈ પણ ભરી આપે, ઘી ન ભરી આપે." ત્યારે શ્રીમદ્દે કહ્યું, "ઘીના જેવો મૂલ્યવાન આત્મા છે, તેને સાચવવો અને આપત્તિ આવ્યે છાશ જેવા દેહને જતો કરવો."

શ્રીમદ્ને જંગલમાં જઈને સાધુ થવું હતું તેથી માને પૂછ્યું, પણ માએ કહ્યું "ભાઈ, અમે તને કેમ રજા આપીએ ? કાંઈ સાધુ થઈ જવાય ? એવું તું કેમ કહે છે ?" માની અનિચ્છાથી શ્રીમદ્દે તેમને દુઃખ ન પહોંચાડ્યું.

વ્યાપારી પ્રવૃત્તિથી નિવૃત્તિ મેળવી શ્રીમદ્જીએ કાવિઠા, ઈડર, ખંભાત, વડવા, રાળજ, ઉત્તરસંડા, વસો આદિ સ્થળોએ નિવાસ કરીને પ્રબળ આત્મ પુરુષાર્થ કર્યો હતો. પરમાત્માને ધ્યાયવાથી પરમાત્મા થવાય છે.

વસોમાં એક માળીએ પ્રેમથી પુષ્પો કૃપાળુદેવ સમક્ષ મૂક્યાં. શ્રીમદ્દે કહ્યું, "જેણે લીલોતરીનો સર્વથા ત્યાગ કર્યો છે તે ભગવાનને પુષ્પ ચડાવી શકે નહીં, અને જે લીલોતરી ખાય છે તે થોડી લીલોતરી કમ કરીને ભગવાનને ભક્તિભાવે પુષ્પ ચડાવે. મુનિને પુષ્પ ચડાવવાનો નિષેધ છે, પુષ્પ ચડાવવાનો ઉપદેશ પણ તે આપી શકે નહીં."

સં. ૧૯૫૪માં ઉત્તરસંડામાં શ્રીમદ્ યોગમુદ્રામાં રહેલા હતા. ત્યાં મોતીલાલ ભાવસારે

હીંચકા પર ગાદલું પાથરેલું, પણ શ્રીમદ્ તો ગાદલું પાથર્યા વગર, ઓછાડ ઓઢ્યા વગર સૂતા હતા. દેહની દરકાર કર્યા વગર ધર્મધ્યાનમાં આખી રાત લીન રહ્યા હતા. મોતીલાલના પત્ની જમવાનું લઈને બંગલા તરફ આવી પહોંચ્યા. તેથી મોતીલાલે તેમને ઠપકો આપ્યો. શ્રીમદ્દે કહ્યું કે, "તમે ધણીપણું બજાવો મા. આ બાઈ આઠમે ભવે મોક્ષ પામશે." પછી બંનેને ઉપદેશ આપ્યો.

મોતીલાલ ભાવસારને તેમણે પ્રમાદમાં પડ્યા રહેવાની ના પાડી અને કહ્યું કે પ્રત્યક્ષ જ્ઞાનીનો યોગ છે તો ય તમે કેમ લાભ લેતા નથી ? અમે મહાવીરના છેલ્લા શિષ્ય હતા ત્યારે લઘુશંકા જેટલા પ્રમાદથી અમારે કેટલાયે ભવ કરવા પડ્યા છે. ગુરુ ગોતવા અઘરા છે, જ્યારે તમારે તો સન્મુખ છે તો તેનો લાભ લો. મુનિઓને પણ પ્રમાદમાં ન રહેતા જ્ઞાની-પુરુષના સમાગમનો લાભ લેવા કહ્યું.

ઈડરના મહારાજાએ શ્રીમદ્દને પૂછેલું કે રાજેશ્રી તે નરકેશ્રી કેમ કહેવાય છે ? શ્રીમદ્દે કહ્યું કે પાપાનુબંધી પુણ્યવાળા જીવો સત્તાનો દુરુપયોગ કરીને પ્રજા પર વધુ કર નાખી જુલમી, એશઆરામી બનીને કર્મો ઉપાર્જે છે અને તે નરકગતિમાં જાય છે. તેથી રાજા નરકનો ગામી કહેવાય છે. જૈનોમાં ૨૪ તીર્થંકરો થયા. તેમાં ભગવાન મહાવીર, ગૌતમ ગણધર વગેરે આ ઈડરના પહાડોમાં વિચરેલા તેવો અમને ભાસ થાય છે. તે સૌ નિર્વાણ પામ્યા, પણ હું આ કાળમાં જન્મેલો છું. તેનાથી ઘણા જીવોનું કલ્યાણ થવાનો સંભવ છે.

ઈડરના સાત મુનિઓ સાથે ઘંટિયા પહાડ પર એક વિશાળ શિલા પર શ્રીમદ્ બેઠા. મુનિઓ નીચે બેઠા. ત્યારે શ્રીમદ્દે કહ્યું, "અહીં એક વાઘ રહે છે, પણ તમે નિર્ભય રહેજો. જુઓ આ સિદ્ધશિલા છે અને તેના પર બેઠેલ સિદ્ધ છે. અહીં અમે સિદ્ધનું સુખ અનુભવ્યું છે. માટે આનું વિસ્મરણ કરશો નહીં." દ્રવ્યસંગ્રહની ગાથાઓનો અર્થ સમજાવ્યો. દેવકરણજી મુનિ બોલી ઉઠ્યા, "અત્યાર સુધીના સમાગમમાં આ સમાગમ સર્વોપરિ છે. દેવાલય પર કળશ ચડાવે તેવો પરમ કલ્યાણકારી છે."

ધરમપુરમાં એક પોલીટીકલ એજન્ટને શિકાર કરવો હતો, પણ કૃપાળુદેવ ત્યાં રહ્યા ત્યાં સુધી શ્રીમદ્ના યોગબળે, દયાના નિર્મળ ઝરાને કારણે શિકાર મળેલો જ નહીં.

નરોડામાં શ્રીમદ્દે મુનિઓ અને મુમુક્ષુઓની સભામાં કહેલું, "હવે અમે તદ્દન અસંગ થવા ઇચ્છીએ છીએ. કોઈનો પરિચય ગમતો નથી. સંયમ શ્રેણીમાં આત્મા રહેવા ઇચ્છે છે." અમદાવાદમાં શ્રીમદ્દે સભામાં કહેલું, "અમે સ્ત્રી અને લક્ષ્મી બંને ત્યાગ્યા છે અને સર્વસંગપરિત્યાગની આજ્ઞા માતુશ્રી આપશે એમ અમને લાગે છે."

વઢવાણ કેમ્પમાં છગનભાઈ તથા મનસુખભાઈને કહેલું, "સોનાનું પાંજરું ઊઘડી ગયું છે. સિંહને રાખી શકવાના નથી. સિંહ જવાની તૈયારીમાં છે. સિંહ જેવો અમારો આત્મા તે હવે આ દેહરૂપી પીંજરને મૂકીને ચાલ્યો જવાનો છે." 'નર્મદા મેન્શન'માં દેહત્યાગના આગલા દિવસે શ્રીમદ્દે કહ્યું, "તમે નિશ્ચિંત રહેજો. આ આત્મા શાશ્વત છે. અવશ્ય વિશેષ ઉત્તમ ગતિને પ્રાપ્ત થવાનો છે. તમે શાંત, સમાધિપણે વર્તશો. જે જ્ઞાનવાણી કહેવી હતી તે કહેવાશે નહીં. તમે પુરુષાર્થ કરજો." મનસુખને કહ્યું કે, "દુઃખ ન પામતો, માને ઠીક રાખજે. હું મારા આત્મસ્વરૂપમાં લીન થાઉં છું." સં. ૧૯૫૭ ચૈત્રવદ પાંચમ મંગળવારે બપોરે બે વાગે તેઓ ઉત્તમ ગતિને પામ્યા. હવે આપણે મુમુક્ષુઓએ વચનામૃતજીનું વાચન - પઠન - મનન કરીને તેમના જેવા થવાનો પુરુષાર્થ કરવાનો છે. તે જ તેમના માટે સાચી શ્રદ્ધાંજલિ છે.

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

# પૂજ્ય સંતશ્રી આત્માનંદજીના વચનામૃત (ઓડિયો-વિડીયો)નું આધુનિકરણ

વર્તમાનકાળમાં જ્યાં પ્રત્યક્ષ સત્સંગનો લાભ મળવો મુશ્કેલ હોય ત્યાં આત્મકલ્યાણનું શ્રેષ્ઠ સાધન તે શ્રી દેવ-ગુરુવાણી છે, ભલે તે પુસ્તકના સ્વરૂપમાં હોય કે ઓડિયો-વિડીયોના સ્વરૂપમાં.

સાંપ્રત 'Digital World'માં વાણી 'Digital Format'માં ઉપલબ્ધ હોવાથી તેમજ અનેક 'Websites' પર હોવાથી સમાજનો બહોળો વર્ગ તેનો કોઈપણ સમયે, કોઈ પણ સ્થળે લાભ લઈ શકે છે.

**આપણી સંસ્થાનો પ્રમુખ ઉદ્દેશ્ય અને પૂજ્યશ્રી આત્માનંદજીની ભાવના**

સંસ્થાના પ્રારંભથી જ આપણી સંસ્થા શ્રી સત્શ્રુતના પ્રચાર-પ્રસાર માટે અથાગ પ્રયત્ન કરી રહી છે. આપને વિદિત હશે કે છેલ્લાં ૪૦ થી વધુ વર્ષોથી અનેક નાના-મોટા ગ્રંથો અને 'દિવ્યધ્વનિ'ની મદદથી આ કાર્ય અવિરત ચાલી રહ્યું છે. તે ઉપરાંત 'Digital Format' માં પણ પૂજ્યશ્રીના અનેક સ્વાધ્યાય આપણી સંસ્થાની 'Website' તેમજ અલગ-અલગ 'Websites' ની મદદથી સાંભળી શકાય, જોઈ શકાય છે. તેની વિશેષ માહિતી આપણી સંસ્થાની વેબસાઈટ પરથી સુપેરે મળી શકે છે.

**ઓડિયો-વિડીયો વિભાગનો વિસ્તાર અને આધુનિકરણ તથા પૂજ્યશ્રી આત્માનંદજીની વાણીની સાચવણી તેમજ પ્રચાર-પ્રસાર અંગેનું વિશેષ અભિયાન**

સંસ્થા તરફથી છેલ્લા પાંચથી વધુ વર્ષોથી આદ.શ્રી પ્રવીણભાઈ મહેતા અને આદ.શ્રી ભારતીબેન મહેતાના વિશિષ્ટ માર્ગદર્શનથી આ સમગ્ર વિભાગનું Modernization પ્રાથમિકતાના ધોરણે લેવામાં આવ્યું છે, જે માટે Dedicated Team અને Work Stations તૈયાર કરવામાં આવ્યા છે અને સંસ્થાની વેબસાઈટનો પણ વિશેષ વિકાસ થઈ રહ્યો છે; જેમાં આદ. બા. બ્ર. શ્રી જનકબેન, આદ. વિનોદિનીબેન,



આદ. બા.બ્ર. છાયાબેન, આદ. રીટાબેન, આદ. સંજયભાઈ ખન્ના તથા આદ. ભગવતભાઈ અને આદ. કર્ણિકભાઈ વિશેષ સેવાઓ આપી રહ્યા છે.

**● પૂજ્યશ્રી આત્માનંદજીના સ્વાધ્યાય અને તેનું Digitalization : પૂર્વભૂમિકા :**

પૂજ્યશ્રીએ કોબા તેમજ દેશ-વિદેશમાં આપેલા સ્વાધ્યાયની સંખ્યા હજારોમાં છે. તેનું વિવિધ જગ્યાએ અને અલગ અલગ ફોર્મેટમાં રેકોર્ડીંગ થયેલ છે; જેમાંથી ઘણાં સ્વાધ્યાય ડીજીટલ ફોર્મેટમાં સંસ્થાના શ્રી સત્શ્રુત પ્રકાશન કેન્દ્રમાં અન્ય સાહિત્યની સાથે ઘણા વર્ષોથી ઉપલબ્ધ છે.

Widely Applicable Digital Format માં તેને લાવવાનું કામ આદ.શ્રી વીણાબેન ખંધાર, આદ.શ્રી પ્રફુલભાઈ લાખાણી અને આદ.શ્રી કિશોરભાઈ શેઠની મદદથી સને ૨૦૦૧થી ચાલે છે. સને ૨૦૦૯માં પૂજ્યશ્રીની Documantory **'સુવાસ સંત હૃદયની'**ને ખૂબ સુંદર પ્રતિસાદ મળેલો.

**● પ્રસ્તુત પ્રોજેક્ટના મુખ્ય ઉદ્દેશ :**

(૧) પૂજ્ય સંતશ્રી આત્માનંદજીના અમૂલ્ય સ્વાધ્યાયની વિશેષ સાચવણી ડીજીટલ ફોર્મેટમાં સીક્યોર બેકઅપ સાથે થાય.

(૨) જે સ્વાધ્યાય VHSમાં છે તેને MP4 / DVD

Formatમાં તૈયાર કરવામાં આવે છે.

(૩) જે સ્વાધ્યાય ઓડિયો કેસેટમાં છે તેને MP3 Formatમાં તૈયાર કરવામાં આવે છે.

(૪) બધા સ્વાધ્યાયને જરૂર પ્રમાણે એડીટ કરી Sound અને Picture ની Quality સુધારી શ્રી સત્શ્રુત પ્રકાશન કેન્દ્રના વેચાણ માટે તૈયાર કરવા.

(૫) તૈયાર સ્વાધ્યાયને વિવિધ વેબસાઈટમાં અપલોડ કરવા.



**● પ્રોજેક્ટ માટેનો સમય અને ખર્ચ :**

આ પ્રોજેક્ટ દરમ્યાન આશરે ૧૫૦૦ DVD અને ૩૫૦૦ MP3 તૈયાર કરવાની ભાવના છે.

આ પ્રોજેક્ટ સહુના સહકારથી ખૂબ સુંદર રીતે આગળ વધી રહ્યો છે અને આગામી ૩ વર્ષ જેટલા સમયમાં તે પૂર્ણતાને પામે એવી ભાવના છે. તેમાં અંદાજિત ૩૦ લાખ રૂપિયાથી વધુ રાશિની જરૂર રહેશે.

આત્મકલ્યાણના ઈચ્છુક મુમુક્ષુ-સાધકોના પારમાર્થિક લાભના લક્ષે શરૂ કરવામાં આવેલ આ જ્ઞાનયજ્ઞમાં આપ સૌને સહભાગી થવા હાર્દિક પ્રાર્થના છે.

**આપશ્રી જિનવાણી માતાના સેવાયજ્ઞમાં નીચે પ્રમાણે સહભાગી થઈ શકો છો.**

(૧) આપ મુમુક્ષુ-સ્વયંસેવક તરીકે એડીટીંગ (Editing) ની સેવા આપી આપની સાધનાને ઊર્ધ્વગામી બનાવી શકો; જેનું માર્ગદર્શન સંસ્થાના નિષ્ણાતો પાસેથી મેળવી આ સેવા ઘરેથી પણ કરી શકાય.

(૨) આપ આ પ્રોજેક્ટને જરૂરી હાર્ડવેર કે સીડી-ડીવીડી આપી શકો.

(૩) આર્થિક સહયોગ આપી આ પ્રોજેક્ટને મદદરૂપ થઈ શકો.



**● વધુ માહિતી માટે સંપર્કસૂત્ર :**


૧) શ્રી પ્રવીણભાઈ મહેતા / ભારતીબેન મહેતા
ઈ-મેઈલ : pmehta127@gmail.com, bharati1150@gmail.com
યુ.એસ.એ. : (૦૦૧) ૭૧૪૮૪૮૦૦૮
ભારતઃ ૯૩૭૪૬૬૨૪૬૦, ૭૩૫૯૧૫૬૫૬૭

૨) શ્રી ડૉ. રાજેશભાઈ સોનેજી : ૯૮૨૪૦૪૭૬૨૧

૩) શ્રી શરદભાઈ જશવાણી : ૯૮૨૦૦૭૯૮૨૯

૪) શ્રી વીણાબેન ખંધાર
ઈ-મેઈલ : mkkhandhar@hotmail.com
યુ.એસ.એ. : (૦૦૧) ૭૧૪૩૭૬૫૧૧૨
ભારત : ૯૩૭૭૦૦૯૮૪૬

૫) શ્રી હર્ષદભાઈ સંઘરાજકા
ઈ-મેઈલ : harshad@amreli.org
યુ.કે.: (૦૦૪૪) ૨૦૮૯૫૪૯૬૩૨,
(૦૦૪૪) ૭૯૬૯૭૨૨૧૦૯

૬) શ્રી વિજયભાઈ પટેલ (મેનેજર) :
૯૩૨૭૦૯૦૩૯૩

૭) શ્રી ભગવતભાઈ ઝાલા (ઓડિયો-વિડીયો વિભાગ)
: ૭૬૨૨૦૦૪૧૫૬

૮) સંસ્થા ફોન : ૦૭૯-૨૩૨૭૬૨૧૯/૪૮૪
ઈ-મેઈલ : mail@shrimadkoba.org
વેબસાઈટ : www.shrimadkoba.org


● ● ●

# સમાજ-સંસ્થા દર્શન

## આપણી સંસ્થાના સ્વાધ્યાયહોલમાં શ્રી મહાવીર પ્રભુની નૂતન પ્રતિમાજીનો સ્થાપના મહોત્સવ

ઉપરોક્ત મહોત્સવનું સુંદર આયોજન આગામી ગુરુપૂર્ણિમા શિબિર દરમિયાન બુધવાર, તા. ૨૦ જુલાઈ ૨૦૧૬ના શુભ દિને કરવાનું નક્કી થયેલ છે. જ્ઞાની ભગવંતોના ચિત્રપટોની ઉપર મધ્યમાં આ પ્રતિમાજીને બિરાજમાન કરવામાં આવશે. આ સાથે સ્વાધ્યાયહૉલમાં તીર્થરાજ શ્રી સમ્મેદ્શિખર તથા શ્રી પાલિતાણાના સુંદર ચિત્રપટોની સ્થાપના પણ થશે.

આ મંગળ પ્રસંગ પૂજ્યશ્રી આત્માનંદજીની પાવન નિશ્રા તથા બા.બ્ર.પૂજ્યશ્રી ગોકુળભાઈના સાન્નિધ્યમાં સંપન્ન થશે. પ્રતિષ્ઠાચાર્ય શ્રી પ્રદીપજી (મધુર) આ પ્રસંગે વિધિ-વિધાન-અનુષ્ઠાન કરાવશે.

આ પાવન પ્રસંગે વિવિધ મંગળ અનુષ્ઠાનો, અભિષેક, બૃહદ્ શાંતિધારા વિધાન, ભગવાનની સ્થાપના, વરઘોડો આદિનું આયોજન કરવામાં આવશે. તેનો લાભ લેવા ઇચ્છતા મુમુક્ષુઓને આદ.શ્રી નવીનભાઈ શાહ (મુંબઈ) મો.-૦૯૩૨૨૬૮૬૮૭૧ નો સંપર્ક કરવા વિનંતી. આ પ્રસંગે સૌને પધારવા ભાવભીનું આમંત્રણ છે.

## સંસ્થામાં 'યુવા આધ્યાત્મિક વ્યક્તિત્વ વિકાસ શિબિર'નું આયોજન

આપણી સંસ્થામાં તા. ૨૮-૫-૨૦૧૬ થી તા. ૩૦-૫-૨૦૧૬ (શનિ-રવિ-સોમ) દરમિયાન ઉપરોક્ત શિબિરનું આયોજન કરવામાં આવેલ છે; જેની વિગતો નીચે મુજબ છે :

૧. શિબિર દરમિયાન પૂજ્ય શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજીની પાવન નિશ્રા અને બા.બ્ર.આદ.શ્રી સુરેશજીનું માર્ગદર્શન સંપ્રાપ્ત થશે.

૨. ૧૫ વર્ષથી ૫૦ વર્ષ સુધીના ભાઈ-બહેનો આ શિબિરમાં ભાગ લઈ શકશે.

૩. શિબિર દરમિયાન યોગાભ્યાસ, સંતોના પ્રવચનો, તનાવ-મુક્ત અને સુખી તથા શાંતિમય જીવન જીવવા માટેની ચર્ચાઓ, ભક્તિ, ધ્યાન, રોચક સાંસ્કૃતિક અને ધાર્મિક કાર્યક્રમો વગેરે યોજાશે.

૪. ત્રિદિવસીય શિબિર માટે રૂ. ૩૦૦/- ભરવાના રહેશે.

૫. શિબિર માટે વિશેષ જાણકારી મેળવવાના સંપર્કસૂત્રો : ● બા.બ્ર.અલકાબેન (૯૪૨૭૬૭૯૭૬૮), ● બા.બ્ર. જનકબેન (મો. ૭૩૫૯૩૦૦૮૩૮) ● આદ.શ્રી કપિલભાઈ (૯૪૨૭૩૦૬૪૭૩)

## સંસ્થા સંચાલિત નિઃશુલ્ક છાશકેન્દ્રો દ્વારા જરૂરતમંદો માટે છાશવિતરણ

આધ્યાત્મિક પ્રવૃત્તિઓની સાથે સાથે સંસ્થા દ્વારા મેડિકલ સેવાઓ, રક્તદાન શિબિર, ગુરુકુળ સંચાલન દ્વારા વિદ્યાર્થીઓમાં સંસ્કારસિંચન, કપડાંવિતરણ આદિ સમાજોપયોગી પ્રવૃત્તિઓ ચાલી રહી છે. પૂજ્યશ્રી આત્માનંદજીની આજ્ઞા અને શુભાશીર્વાદથી છેલ્લા ઘણા વર્ષોથી સંસ્થા દ્વારા જુદાં જુદાં સ્થળોએ નિઃશુલ્ક છાશકેન્દ્રો ચલાવવામાં આવે છે; જેથી જરૂરતમંદ લોકો માટે છાશનું વિતરણ થઈ શકે.

પૂજ્ય સંતશ્રી આત્માનંદજી તથા પૂજ્ય બહેનશ્રીના પાવન સાન્નિધ્યમાં તા. ૧૭-૪-૨૦૧૬ના રવિવારના દિવસે છાશકેન્દ્રોનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. નવા કોબા, જૂના કોબા, બોરિયા તલાવડી, વાઘોડિયા

તલાવડી, નભોઈ વગેરે કેન્દ્રો પરથી જરૂરતમંદોને છાશવિતરણ કરવામાં આવે છે. આ ઉપરાંત શ્રી મહાવીર આરાધના કેન્દ્ર, કસ્તૂરબા વિદ્યાલય તથા સંસ્થાના કર્મચારીઓ અને જરૂરતમંદોને છાશવિતરણ કરવામાં આવે છે. છાશકેન્દ્રો દ્વારા કુલ ૪૦૦ જેટલા પરિવારો (૨૦૦૦ વ્યક્તિઓ)ને વ્યક્તિદીઠ ૨૫૦ ગ્રામ છાશનું વિતરણ કરવામાં આવે છે. આ સેવાકાર્યના યજ્ઞમાં આદ. શ્રી રામજીભાઈ ચૌધરી, આદ.શ્રી જોઈતારામભાઈ પરમાર, આદ. શ્રી ભીખાભાઈ પટેલ, આદ.શ્રી મહેન્દ્રસિંહ જેતાવત, આદ.શ્રી સંતોષભાઈ રાણા, આદ. શ્રી કાંતિભાઈ ઠાકોર, આદ.શ્રી કરસનકાકા વગેરે સેવાભાવી મહાનુભાવો નિઃસ્વાર્થભાવે સેવાઓ આપી રહ્યા છે. આ ઉપરાંત સંસ્થાના રસોડાના કર્મચારીઓ પણ આ સેવાકાર્ય માટે સંપૂર્ણ સહયોગ આપી રહ્યા છે. સર્વ સેવાભાવી મહાનુભાવોના સેવાકાર્યની અનુમોદના કરીને અનેકશઃ ધન્યવાદ પાઠવીએ છીએ.

આ છાશકેન્દ્રોના નિભાવ માટે રોજનો રૂપિયા ૪૦૦૦/-નો ખર્ચ આવે છે. આ સેવાકાર્યના યજ્ઞ માટે આર્થિક યોગદાન આપીને પુણ્યાર્જન કરવા સર્વ દાનવીર મહાનુભાવોને વિનંતી કરીએ છીએ. આ કાર્ય માટે આર્થિક યોગદાન આપનાર સર્વે દાતાઓને સંસ્થા તરફથી સાભાર ધન્યવાદ પાઠવીએ છીએ.

## સંસ્થા દ્વારા રાહતદરે ફૂલસ્કેપ ચોપડાઓનું વિતરણ

વિદ્યાર્થીઓને શિક્ષણમાં સહાયભૂત થવાના હેતુથી સંસ્થા દ્વારા પહેલી મેથી રાહત દરે ફૂલસ્કેપ ચોપડાઓનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. વિદ્યાર્થીઓએ પોતાના માર્કશીટની ઝેરોક્ષ નકલ રજૂ કરી સંસ્થાના કાર્યાલયમાંથી ચોપડા મેળવી લેવા વિનંતી.

આ સેવાકીય પ્રવૃત્તિ માટે આદ.શ્રી કુમુદભાઈ મહેતા તરફથી રૂા. ૨૫૦૦૦/-નો આર્થિક સહયોગ સાંપડ્યો છે; જેનો સંસ્થા સાભાર સ્વીકાર કરે છે.

## સંસ્થામાં શ્રી મહાવીર જન્મકલ્યાણકની ઉજવણી સાનંદ સંપન્ન

ચૈત્ર સુદ તેરસ એટલે ભગવાન મહાવીરનો જન્મકલ્યાણકદિન. આ શુભ દિને આપણી સંસ્થામાં સવારે શ્રી જિનાભિષેક તથા શ્રી મહાવીર ભગવાનની પૂજા કરવામાં આવી હતી. આદ. બા.બ્ર.શ્રી સુરેશજીએ 'ભગવાન મહાવીરનો બોધ' વિષય અંતર્ગત उत्पादव्ययध्रौव्ययुक्तं सत् । દ્રવ્ય - ગુણ - પર્યાય, ગુણ અને પર્યાયના પ્રકારો, દ્રવ્યના સામાન્ય તથા વિશેષ ગુણો વગેરે બાબતોને વણી લઈને ચિંતનાત્મક સ્વાધ્યાય આપ્યો હતો. ત્યારબાદ પૂજ્યશ્રી આત્માનંદજીની 'ભગવાન મહાવીરનું જીવનચરિત્ર' વિષય પર આધારિત વીડિયો કેસેટ મૂકવામાં આવી હતી.

બપોરે ભગવાન મહાવીરના જીવનચરિત્ર પર આધારિત પ્રશ્નોત્તરીના કાર્યક્રમનું બા. બ્ર. શ્રી સુરેશજીએ સફળ સંચાલન કર્યું હતું. રાત્રે ભક્તિસંગીત અંતર્ગત યુવા સાધકો અને મુમુક્ષુ ભાઈ-બહેનોએ ભગવાન મહાવીર પ્રત્યે પોતાની હૃદયોર્મિ વ્યક્ત કરી હતી.

## પરમકૃપાળુદેવના સમાધિમરણ દિન નિમિત્તે સંસ્થામાં વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમો સંપન્ન

ચૈત્ર વદ પાંચમ એટલે શ્રીમદ્ રાજચંદ્રજીનો સમાધિમરણ દિવસ. આ દિવસે આપણી સંસ્થામાં વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમો સંપન્ન થયા.

સાધકવિશેષ આદ.શ્રી અશોકભાઈ પી. શાહે 'મૃત્યુ મહોત્સવ' વિષય અંતર્ગત સ્વાધ્યાય આપતા જણાવ્યું કે પરમકૃપાળુદેવનું સમગ્ર વ્યક્તિત્વ આપણા કલ્યાણનું કારણ છે. તેઓને દેહ પ્રત્યે મમત્વ નથી.

પરમકૃપાળુદેવે કરેલ સમાધિમરણ આપણા માટે આદર્શરૂપ છે, દેહત્યાગ પૂર્વેની તેઓની દશા ધ્યાનમાં ચિંતવવા યોગ્ય છે. પૂજ્યશ્રી આત્માનંદજીએ 'સમાધિભાવના' પદ પર સ્વાધ્યાય આપતાં આપણે કેવી રીતે સમાધિ પ્રાપ્ત કરવી તેની સુંદર સમજૂતી આપી હતી.

બપોરે ૨.૦૦ વાગ્યે રાજમંદિરમાં ત્રણ મંત્રોની માળા ઉપરાંત 'ૐ શ્રી પરમકૃપાળુ પાદાભ્યાં નમોનમઃ'ની માળા લેવામાં આવી હતી. આદ.બા.બ્ર. શ્રી સુરેશજીએ 'સમાધિજીવન' અંતર્ગત સમાધિમય જીવન અને મૃત્યુ માટે ઉપાધિઓ ઓછી કરવી, શક્તિ બહારના કામ ન કરવાં, સ્પષ્ટવાદી બનવું, ખેલપૂર્ણ તથા પ્રેમપૂર્ણ રહેવું તેમ જણાવ્યું. રાત્રે મીઠાખળી, અમદાવાદમાં સાધકોએ પરમકૃપાળુદેવ પ્રત્યે ભક્તિ દર્શાવતા પદો પ્રસ્તુત કર્યા હતા.

## સંસ્થામાં થાઈરોઈડ નિદાન કેમ્પનું આયોજન

આપણી સંસ્થામાં ગુરુપૂર્ણિમા પર્વ નિમિત્તે દર વર્ષની જેમ આ વર્ષે પણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિર દરમિયાન આપણી સંસ્થામાં ચાલતા મેડિકલ સેન્ટરમાં ગયા વર્ષની જેમ આ વર્ષે પણ થાઈરોઈડ નિદાન કેમ્પનું આયોજન કરેલ છે. આ અંગેની વિસ્તૃત જાણકારી 'દિવ્યધ્વનિ'નાં આવતા અંકમાં આપવામાં આવશે. આ કેમ્પ માટે આદ.શ્રી કુમુદભાઈ મહેતા (મુંબઈ) તરફથી રૂા. ૨૫,૦૦૦/-નો આર્થિક સહયોગ સાંપડ્યો છે; જે બદલ સંસ્થા તેઓશ્રીને સાભાર ધન્યવાદ પાઠવે છે.

## મોતિયાના ઓપરેશન માટે સહાય

આપણી સંસ્થામાં રહેતા એક મુમુક્ષુએ જરૂરતમંદ મિત્રોને મોતિયાના ૧૫ ઑપરેશન નિઃશુલ્ક કરાવી આપવાનો ભાવ દર્શાવેલ છે. આ લાભ વહેલા તે પહેલાના ધોરણે રહેશે. લાભ લેવા ઇચ્છતા મિત્રોએ મેડિકલ સેન્ટરના આંખના વિભાગના સમય દરમિયાન દર ગુરુવારે, બપોરે ૩-૩૦ થી ૫-૦૦ ડૉ. મનિષ જોશી (Eye Specialist) ને મળવું. ઑપરેશનનો અંતિમ નિર્ણય ડૉ. મનિષ જોશી તથા મેડિકલ સેન્ટરનો રહેશે. **સંપર્ક :** ● વિજયભાઈ પટેલ : ૯૩૨૭૦ ૯૦૩૯૩, ૭૬૯૮૭ ૫૭૩૧૯,

● નીતા લોઢીયા : ૯૭૨૩૩ ૫૦૩૬૯

## સંસ્થામાં શ્રી આયંબિલની ઓળીની આરાધના સંપન્ન

तपसा निर्जरा च । कर्मक्षयार्थम् तप्यतः इति तपः । આપણી સંસ્થામાં કર્મક્ષયાર્થે નીચેના તપસ્વી ભાઈ-બહેનોએ આયંબિલની ઓળી કરી હતી :

(૧) આદ. શ્રી મીનાબેન અનિલભાઈ શાહ (૨૪ આયંબિલ), (૨) આદ.શ્રી સુધાબેન પ્રફુલભાઈ લાખાણી, (૩) આદ.બા.બ્ર. શ્રી છાયાબેન શેઠ, (૪) આદ. શ્રી જ્યોતિબેન નરેન્દ્રભાઈ શાહ, (૫) આદ. શ્રી વસંતબેન સંઘવી, (૬) આદ. શ્રી રીટાબેન મહેતા, (૭) આદ. શ્રી રેખાબેન પરમાર્થી, (૮) આદ.શ્રી હંસાબેન ભાવસાર, (૯) આદ. શ્રી રીનાબેન એ. શાહ, (૧૦) આદ. શ્રી સંગીતાબેન હરીશભાઈ ચૌધરી, (૧૧) આદ. શ્રી રમણભાઈ પંચાલ, (૧૨) આદ.શ્રી લીનાબેન પંચાલ, (૧૩) આદ. શ્રી રમણભાઈ શાહ, ગાંધીનગર, (૧૪) પૂજ્ય બહેનશ્રી ડૉ. શર્મિષ્ટાબેન સોનેજી (૮ નીવી)

પૂજ્યશ્રી આત્માનંદજીના વરદ હસ્તે તપસ્વી ભાઈ-બહેનોના પારણા કરવામાં આવ્યા. ઉપરોક્ત સર્વે તપસ્વી ભાઈ-બહેનોના તપની કોબા પરિવાર ધન્યવાદ સહ ખૂબ ખૂબ અનુમોદના કરે છે.

## સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા દાનવીર મહાનુભાવો

સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા નીચેના દાનવીર મહાનુભાવોને સંસ્થા સાભાર ધન્યવાદ પાઠવે છે :

- **શ્રી આત્મસિદ્ધિ વિધાન-પૂજા :**

| | | |
|---|---|---|
| ૧. | આદ. શ્રી પ્રકાશભાઈ હેમેન્દ્રભાઈ શાહ પરિવાર, અમદાવાદ | રૂ. ૭૫,૦૦૦/- |
| ૨. | આદ. ડૉ. રાજેશભાઈ સોનેજી પરિવાર, અમદાવાદ | રૂ. ૭૫,૦૦૦/- |

- **ગુરુકુળ :**

| | | |
|---|---|---|
| ૧. | શ્રી પ્રકાશ કેમિકલ્સ ઈન્ટરનેશનલ પ્રા.લિ.<br>હસ્તે આદ.શ્રી અમીબેન મનિષભાઈ શાહ પરિવાર, બરોડા | રૂ. ૧,૦૦,૦૦૦/- |

- **જ્ઞાનદાન :**

| | | |
|---|---|---|
| ૧. | આદ. શ્રી પ્રવીણભાઈ પી. દેસાઈ, અમદાવાદ | રૂ. ૧,૦૦,૦૦૦/- |

- **છાશકેન્દ્ર :**

| | | |
|---|---|---|
| ૧. | આદ. શ્રી ભારતીબેન અરવિંદભાઈ કારાણી, બોરીવલી (વે.), મુંબઈ | રૂ. ૨૫,૦૦૦/- |
| ૨. | આદ. શ્રી પ્રકાશભાઈ બી. શાહ, મલાડ (વે), મુંબઈ | રૂ. ૧૫,૦૦૦/- |
| ૩. | આદ. શ્રી શોભનાબેન રમેશભાઈ મહેતા, ત્રિમંદિર, અડાલજ | રૂ. ૧૧,૦૦૦/- |
| ૪. | આદ. શ્રી શ્વેતાબેન જશુભાઈ શાહ, અલ્ટામાઉન્ટ રોડ, મુંબઈ | રૂ. ૧૦,૦૦૦/- |

- **મેડિકલ સેન્ટર (થાઈરોઈડ કેમ્પ) :**

| | | |
|---|---|---|
| ૧. | આદ.શ્રી કુમુદભાઈ શાંતિલાલ મહેતા, અલ્ટામાઉન્ટ રોડ, મુંબઈ | રૂ. ૨૫,૦૦૦/- |

- **ચોપડા વિતરણ :**

| | | |
|---|---|---|
| ૧. | આદ.શ્રી કુમુદભાઈ શાંતિલાલ મહેતા, અલ્ટામાઉન્ટ રોડ, મુંબઈ | રૂ. ૨૫,૦૦૦/- |

## E-mail એડ્રેસ મોકલવા નમ્ર નિવેદન

આપના ૬ વર્ષથી ૧૬ વર્ષની ઉંમરના બાળકો હોય તો તેઓના નામ, સરનામું, જન્મતારીખ, મોબાઈલ નંબર તથા દિવ્યધ્વનિનો આઈ.ડી. નંબર નીચેના E-mail પર મોકલવા વિનંતી; જેથી અમો તેઓના જન્મદિન નિમિત્તે શુભેચ્છાઓ પાઠવી શકીએ. (E-mail : blessings@shrimadkoba.org)

## સાબરકાંઠામાં ઈડર તથા લક્ષ્મીપુરા મુકામે સત્સંગ સમારોહ સાનંદ સંપન્ન

તા. ૧૪-૪-૨૦૧૬ના રોજ સવારે પૂજ્યશ્રી લાલજીબાપા મુમુક્ષુમંડળના ભાઈશ્રી ભીખાભાઈ/અરખીબેન પરિવાર તરફથી ઈડર મુકામે સત્સંગનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમના આમંત્રણને સ્વીકારી કોબાથી પૂજ્યશ્રી આત્માનંદજી સાથે થોડા મુમુક્ષુ ભાઈ-બહેનો લગભગ ૯ વાગ્યે ઈડર પહોંચી ગયા હતા. ત્યાં સૌ ભક્તોએ ભાવભીનું સ્વાગત કર્યું હતું.

પૂજ્યશ્રીએ તેમના ઉદ્‌બોધનમાં મનુષ્યભવની દુર્લભતા સમજાવી, સંસારના સર્વ પ્રપંચોમાંથી સમય કાઢીને સત્સંગનો આશ્રય લેવા જણાવ્યું હતું.

પૂજ્ય બહેનશ્રીએ શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રની પ્રથમ ગાથાના આધારે ધર્મવાર્તા કરી હતી.

આદરણીય બા.બ્ર. ભાઈશ્રી સુરેશજીએ ચાર ગતિમાં જવાના કારણ વિષે પોતાની આગવી શૈલીમાં વક્તવ્ય આપ્યું હતું. પૂજ્ય વંદનાબેન ગોસ્વામીજીએ તેમના વક્તવ્યમાં શ્રી 'સત્યવાન-સાવિત્રી'ની કથાનું આગવી શૈલીમાં વર્ણન કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન આદ. મુમુક્ષુ ભાઈશ્રી કિરણભાઈ જાદવે સુપેરે કર્યું હતું.

આદ.શ્રી ભીખાભાઈ પરિવાર, આદ.શ્રી દેવજીભાઈ તથા અન્ય મુમુક્ષુઓએ ખૂબ સુંદર રીતે સત્સંગનું આયોજન કર્યું હતું. તેથી તેમને ખૂબ ખૂબ ધન્યવાદ. પૂજ્યશ્રી સૌને શુભાશીર્વાદ પાઠવે છે.

ભોજન લીધા બાદ પૂજ્યશ્રી સહિત સૌ ભાઈ-બહેનો જલમંદિર વિશ્રામ માટે રોકાયા હતા, જેની વ્યવસ્થા પણ ઈડરના મુમુક્ષુઓએ ખૂબ સારી રીતે કરી હતી. રાત્રે ત્યાં જ વિશ્રામ કરી સવારે ૮.૦૦ વાગ્યે નીકળી લક્ષ્મીપુરા-રામનવમીના સત્સંગ સમારોહમાં પહોંચી ગયા હતા.

પૂજ્યશ્રી સહિત સૌ મુમુક્ષુ ભાઈ-બહેનોએ સવારે ૮.૦૦ વાગે લક્ષ્મીપુરા પહોંચ્યા હતા ત્યાં પૂજ્ય રામજીબાપા, આદ. શ્રી લાલજીભાઈ, આદ. શ્રી મોહનભાઈ તથા સૌ મુમુક્ષુઓ ભાવભીનું સ્વાગત કર્યું હતું.

પૂજ્ય રામજીબાપાને ત્યાં થોડો વિશ્રામ લઈ, સત્સંગમંડપમાં પહોંચી ગયા હતા.


પૂજ્યશ્રી આત્માનંદજીએ શ્રી રામ ભગવાનના અલૌકિક ચરિત્ર વિશે ઉદ્‌બોધન કરતા જણાવ્યું કે આપણે સૌએ ભગવાન તથા સત્પુરુષોની આજ્ઞાનુસાર જીવન જીવવું જોઈએ.

આદરણીય બા.બ્ર. ભાઈશ્રી સુરેશજીએ શરીરની શુદ્ધિ, મનની શુદ્ધિ અને આત્માની શુદ્ધિ તથા તે માટે આહારશુદ્ધિ વિશે ઉદ્‌બોધન કર્યું હતું.

પૂજ્ય બહેનશ્રીએ તેમના સ્વાધ્યાયમાં મહાપુરુષોની વાણીના આધારે સત્સંગનું માહાત્મ્ય સમજાવ્યું હતું.

પૂજ્યશ્રી તુલસીદાસજી મહારાજ તથા અન્ય સંતોએ સ્વાધ્યાયનો લાભ આપ્યો હતો. સત્સંગમાં વિશાળ સંખ્યામાં ભક્તજનોએ લાભ લીધો હતો. પૂજ્યશ્રી સૌ આયોજકોને ધન્યવાદ તથા શુભાશીર્વાદ પાઠવે છે.

## મુંબઈમાં યોજાયેલી ડો. કુમારપાળ દેસાઈની સાતમી ત્રિદિવસીય 'શ્રીમદ્ રાજચંદ્ર કથા'



મુંબઈના ભારતીય વિદ્યાભવન (ચોપાટી)માં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ આયોજિત જૈનદર્શનના ચિંતક પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈની ત્રિદિવસીય 'શ્રીમદ્ રાજચંદ્ર કથા'માં માત્ર તેત્રીસ વર્ષના જીવનમાં અપૂર્વ આધ્યાત્મિક સિદ્ધિઓ મેળવનાર શ્રીમદ્ રાજચંદ્રજીના જીવન, અધ્યાત્મ અને કાવ્યસાહિત્યની રસપ્રદ વાતો જીવંત અને પ્રવાહી શૈલીમાં રજૂ કરવામાં આવી. શ્રીમદ્ રાજચંદ્રજીના વૈરાગ્યની તીવ્રતા, બોધબીજનું અપૂર્વપણું તેમજ સમ્યક્‌જ્ઞાન, સમ્યગ્‌દર્શન અને સમ્યક્‌ચારિત્ર દ્વારા એમનાં વચનામૃતોમાં મળતા આધ્યાત્મિક ઊંડાણની વાતો કરી હતી, તો બીજી બાજુ એમની માતૃભક્તિ, દયાધર્મ, આત્મલીનતા તથા એમની અધ્યાત્મજ્ઞાનની અમૃતવર્ષા દ્વારા અનેક વ્યક્તિઓના જીવનમાં આવેલા પરિવર્તનોની ચર્ચા કરી હતી. સવિશેષ તો મહાત્મા ગાંધીજી સાથેના એમના મેળાપની અને ગાંધીવિચાર પર પડેલા શ્રીમદ્ રાજચંદ્રજીના પ્રભાવની ઊંડાણથી સમીક્ષા કરી હતી. આવતે વર્ષે આ કથાશ્રેણીમાં 'આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરજી કથા' કરવાનું નક્કી કરાયું છે.

## અમદાવાદમાં જૈન અધ્યાપક તાલીમનું આયોજન

શ્રી સ્થાનકવાસી જૈન સંઘ, નવરંગપુરાના સહયોગથી જૈન દર્શન ચેરિટેબલ ટ્રસ્ટ આયોજિત 'જૈન અધ્યાપક તાલીમ'નું નિઃશુલ્ક આયોજન કરવામાં આવ્યું છે.

પ્રથમ સત્ર : તા. ૧૦-૭-૨૦૧૬ થી તા. ૨૪-૮-૨૦૧૬,
દ્વિતીય સત્ર : તા. ૧૧-૯-૨૦૧૬ થી તા. ૨૫-૧૦-૨૦૧૬
સંપર્ક સૂત્ર : (૧) શ્રી જિનેશભાઈ શાહ - મો. ૦૯૮૭૯૫ ૦૩૪૧૬
(૨) શ્રી વિનોદભાઈ શાહ - મો. ૦૯૮૨૫૨ ૩૮૪૮૩

## ઈસરી મુકામે આત્મસાધના શિબિરનું આયોજન

શ્રી પાર્શ્વનાથ દિગંબર જૈન શાંતિનિકેતન ઉદાસીન આશ્રમ, પો.ઈસરી બાજાર, જિ. ગિરિડીહ (ઝારખંડ) મુકામે તા. ૧૨-૭-૧૬ થી તા. ૧૯-૭-૧૬ દરમિયાન આત્મસાધના શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. સંપર્કસૂત્ર : (૧) શ્રી મહાવીરપ્રસાદજી સૌગાની - મો. ૦૯૪૩૧૧૧૫૧૪૧, (૨) શ્રી ધર્મચંદજી રારા - મો. ૦૯૪૩૧૧૭૦૪૭૯

## 'આદર્શ અમદાવાદ' દ્વારા નિઃશુલ્ક વિવિધ કોર્સનું આયોજન

(૧) મેનેજમેન્ટ ટ્રેનિંગ ઑફ ટ્રેનર્સ સર્ટિફિકેટ કોર્સ (T.O.T)

(૨) યોગ ટીચર્સ ટ્રેઈનીંગ સર્ટિફિકેટ કોર્સ (યોગશિક્ષક)

સંપર્ક સૂત્ર : (૦૭૯) ૨૬૫૬૫૪૧૬, ૬૫૨૧૫૨૫૪

## સમાજ માટે અનુકરણીય આદર્શ

સામાન્ય રીતે સમાજમાં લગ્નપ્રસંગ અને રિસેપ્શન ગ્રીન લોન પર રાખવામાં આવે છે. આવા પ્રસંગોએ કંદમૂળ તથા રાત્રિભોજન, સજાવટમાં ફૂલોનો અધિક ઉપયોગ, ફટાકડાંનો પ્રયોગ કરીને સ્થાવર અને ત્રસ જીવોની હિંસા દ્વારા ખૂબ પાપકર્મોનું ઉપાર્જન કરવામાં આવે છે; જેનાથી સમાજે બચવા જેવું છે. આવા પાપોથી બચીને પણ પ્રસંગ ઉજવી શકાય છે તેનું ઉદાહરણ મંજુલાબેન અનિલકુમાર બોટાદરાની પૌત્રી ચિ. સ્નેહલ (ઈન્દોર) તથા જ્યોતિબેન જયંતીભાઈ શેઠ (મુંબઈ)ના પૌત્ર ચિ. આદિત્યના લગ્ન અને રિસેપ્શન નિમિત્તે તેઓએ ગ્રીન લોન, રાત્રિભોજન, કંદમૂળ, ફટાકડાં કે ડેકોરેશન માટે ફૂલોના પ્રયોગ વિના પ્રસંગને ઉજવ્યો. સમાજ માટે આ પ્રસંગ અનુકરણીય છે.

## વૈરાગ્ય સમાચાર



**(૧) વાઘજીપુરા (તા. કપડવંજ) :** સત્સંગપ્રેમી **શ્રી છબાજી ભુપતાજી ચૌહાણ**નું તા. ૧-૪-૧૬ના રોજ ૭૦ વર્ષની વયે હૃદયરોગના હુમલાથી દેહાવસાન થયું છે. તેઓ સંસ્થામાં યોજાતી શિબિરોમાં ભાગ લેતા હતા. રામનવમી અને એવા અન્ય પ્રસંગોએ યોજાતા સત્સંગ મેળાવડાઓમાં પૂજ્યશ્રી આત્માનંદજી તથા અન્ય સંતોના સત્સમાગમનો તેઓ લાભ લેતા. તેઓ ખૂબ સેવાભાવી હતા. સંતો અને જરૂરતમંદોની સેવા કરવામાં તેઓને આનંદ આવતો. તેઓ 'દિવ્યધ્વનિ'ના આજીવન સભ્ય હતા. પ્રભુ તેમના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.

## સંસ્થા સંચાલિત નિઃશુલ્ક છાશકેન્દ્રો દ્વારા જરૂરતમંદોને છાશવિતરણ વેળાએ
(તા. ૧૭-૪-૨૦૧૬)










**Registered under RNI No. : GUJGUJ/2008/25883**
**Permitted to post at Ahmedabad PSO on 15th of every month under Postal**
**Regd. No. : GAMC - 309/2015-2017 issued by SSP Ahmedabad valid upto 31-12-2017**
**Publication Date 15th of every month**

## સંસ્થામાં આયંબિલની ઓળીના તપસ્વીઓના પારણા (તા. ૨૩-૪-૨૦૧૬)



## આદ. મુમુક્ષુવિશેષ શ્રી સુધાબેન તથા પ્રફુલભાઈ લાખાણીની સાધનાકુટિરમાં પૂજ્યશ્રીનું શુભાગમન (તા. ૧૧-૪-૨૦૧૬)





### આ અંકના વિશિષ્ટ સહયોગી દાતા

'દિવ્યધ્વનિ' મે - ૨૦૧૬ના અંક માટે રૂા. ૧૫,૦૦૦/-નો આર્થિક સહયોગ

**૧ આદ. શ્રીમતી ચંપાબેન વિજયભાઈ પટેલ પરિવાર, અમદાવાદ**

તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

'દિવ્યધ્વનિ' મે - ૨૦૧૬ના અંક માટે રૂા. ૧૫,૦૦૦/-નો આર્થિક સહયોગ

**૨ આદ. શ્રી શાંતાબેન પ્રવીણચંદ્ર સંઘવી પરિવાર, સાયન (ઈસ્ટ), મુંબઈ**

તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

Printed & Published by Smt. Dr. Sharmisthaben M. Soneji on Behalf of
Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra, Koba - 382 007,
Dist. Gandhinagar (Gujarat). Printed at Bhagwati Offset, 16/C, Bansidhar Estate,
Bardolpura, Ahmedabad - 380 004. Editor : Shri Mitesh A. Shah